અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૯ ઓક્ટોબર ૨૦૨૫, બુધવાર
વિક્રમ સંવત ૨૦૮૨, કારતક સુદ ૭

વર્ષ : ૧૭
અંક : ૧૧૭

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**કેન્દ્ર સરકારે આઠમા પગાર પંચની રચના કરી દીધી**

**એ નોંધનીય છે કે વધતા જતા ફુગાવા અને અન્ય પરિબળોને ધ્યાનમાં રાખીને દર ૧૦ વર્ષે એક નવું પગાર પંચ રચવામાં આવે છે, જે કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગાર, ભથ્થાં અને અન્ય લાભોમાં સુધારો કરે છે.**

## કેન્દ્રીય મંત્રીમંડળે ૮મા કેન્દ્રીય પગાર પંચની સંદર્ભ શરતોને મંજૂરી આપી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

પીએમ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે ૮મા કેન્દ્રીય પગાર પંચની સંદર્ભ શરતોને મંજૂરી આપી છે. આ અંગે માહિતી આપતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે ૮મા કેન્દ્રીય પગાર પંચની રચના, સંદર્ભ શરતો અને સમયગાળો પ્રધાનમંત્રી દ્વારા મંજૂર કરવામાં આવ્યો છે. આ એક ખૂબ જ મહત્વપૂર્ણ નિર્ણય છે. કમિશનની ભલામણમાં સંરક્ષણ સેવાઓના કર્મચારીઓ સહિત લગભગ ૫૦ લાખ કેન્દ્રીય સરકારી કર્મચારીઓ અને લગભગ ૬૯ લાખ પેન્શનરોને આવરી લેવામાં આવશે.

પ્રધાનમંત્રી મોદીએ ૮મા કેન્દ્રીય પગાર પંચની સંદર્ભ શરતોને મંજૂરી આપી તેમ અશ્વિની વૈષ્ણવે જણાવ્યું. તેઓએ વધુમાં કહ્યું કે ૫૦ લાખ કેન્દ્રિય મંત્રીઓને આનાથી ફાયદો થશે. કેન્દ્રીય મંત્રીમંડળે ૮મા પગાર પંચની રચનાને મંજૂરી આપી દીધી છે. મંત્રીમંડળે જાન્યુઆરીમાં ૮મા પગાર પંચની રચનાને મંજૂરી આપી હતી. આજે મંત્રીમંડળે તેના સંદર્ભની શરતોને મંજૂરી આપી. આ પંચ ૧૮ મહિનાની અંદર પોતાનો અહેવાલ રજૂ કરશે. આનાથી અંદાજે ૫૦ લાખ કેન્દ્ર સરકારના કર્મચારીઓને લાભ થશે.

આ કમિશન આગામી ૧૮ મહિનાની અંદર સરકારને પોતાની ભલામણો સુપરત કરશે, ત્યારબાદ ૨૦૨૭ થી પગાર અને પેન્શન વધારો લાગુ કરી શકે છે. . કેબિનેટની બેઠક બાદ જાહેર કરાયેલી પ્રેસ નોટમાં જણાવાયું છે કે આઠમા પગાર પંચ માટે



સંદર્ભની શરતોને મંજૂરી આપવામાં આવી છે. આ કમિશન આગામી ૧૮ મહિનાની અંદર સરકારને પોતાની ભલામણો સુપરત કરશે, ત્યારબાદ ૨૦૨૭ થી પગાર અને પેન્શન વધારો લાગુ કરી શકે છે. . કેબિનેટની બેઠક બાદ જાહેર કરાયેલી પ્રેસ નોટમાં જણાવાયું છે કે આઠમા પગાર પંચ માટે સંદર્ભની શરતોને મંજૂરી આપવામાં આવી છે. પગાર પંચમાં એક અધ્યક્ષ, એક સભ્ય (અંશકાલિક) અને એક સભ્ય સચિવનો સમાવેશ થશે. પગાર પંચની રચના પછી તેની ભલામણો રજૂ કરવા માટે તેને અઢાર મહિનાનો સમય આપવામાં આવ્યો છે.

NC-JCM (સ્ટાફ સાઈડ) સચિવ શિવ ગોપાલ મિશ્રાએ જણાવ્યું હતું કે આઠમા પગાર પંચના અમલીકરણમાં વિલંબ થઈ શકે છે પરંતુ તે ૧ જાન્યુઆરી,૨૦૨૬ થી અમલી માનવામાં આવશે. આનો અર્થ એ છે કે જો વિલંબ થાય છે, તો ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી કર્મચારીઓમાં બાકી રકમ ઉમેરી શકાય છે.

અગાઉ, જ્યારે સાતમું પગાર પંચ લાગુ કરવામાં આવ્યું હતું, ત્યારે વિલંબ થયો હતો, અને બધા કર્મચારીઓ અને પગારદાર કર્મચારીઓને બાકી રકમ ચૂકવવામાં આવતી હતી. કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોનું પ્રતિનિધિત્વ કરતા ફોરમ, NC-GCM એ જાન્યુઆરીમાં કેન્દ્ર સરકારને સંદર્ભની શરતો રજૂ કરી હતી.

એ નોંધનીય છે કે વધતા જતા ફુગાવા અને અન્ય પરિબળોને ધ્યાનમાં રાખીને દર ૧૦ વર્ષે એક નવું પગાર પંચ રચવામાં આવે છે, જે કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગાર, ભથ્થાં અને અન્ય લાભોમાં સુધારો કરે છે.

તે મુજબ, આઠમું પગાર પંચ ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી પ્રભાવિ માનવામાં આવશે. આ વર્ષે જાન્યુઆરીમાં આઠમું પગાર પંચની રચનાની જાહેરાત કરવામાં આવી હતી પરંતુ કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી મેળવવામાં લગભગ ૧૦ મહિના લાગ્યા હતા. આ વિલંબને કારણે સરકારી કર્મચારીઓ અને તેમના સંગઠનોમાં અસંતોષનો અવાજ ઉઠ્યો છે. એ નોંધનીય છે કે વધતા જતા ફુગાવા અને અન્ય પરિબળોને ધ્યાનમાં રાખીને દર ૧૦ વર્ષે એક નવું પગાર પંચ રચવામાં આવે છે, જે કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગાર, ભથ્થાં અને અન્ય લાભોમાં સુધારો કરે છે. તે મુજબ, આઠમું પગાર પંચ ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી પ્રભાવિ માનવામાં આવશે. આ વર્ષે જાન્યુઆરીમાં આઠમું પગાર પંચની રચનાની જાહેરાત કરવામાં આવી હતી પરંતુ કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી મેળવવામાં લગભગ ૧૦ મહિના લાગ્યા હતા. આ વિલંબને કારણે સરકારી કર્મચારીઓ અને તેમના સંગઠનોમાં અસંતોષનો અવાજ ઉઠ્યો છે.

## દિલ્હી એરપોર્ટ પર એર ઇન્ડિયાની બસમાં આગ લાગી

। નવીદિલ્હી, તા.૨૮ ।

દિલ્હીમાં ઈન્દિરા ગાંધી એરપોર્ટ પર એર ઈન્ડિયાની SATS બસમાં આગ લાગવાની ઘટના ઘટી છે. આ ઘટના દરમિયાન બસમાં ડ્રાઈવર હાજર હતો. જોકે કોઈ પણ પ્રકારની નુકસાનીના સમાચાર સામે આવ્યા નથી. દિલ્હી એરપોર્ટ પર આજે મોટી જાનહાનિ ટળતા રહી ગઈ.મળતી માહિતી મુજબ એર ઈન્ડિયાની બસમાં આગ લાગતા સમગ્ર એરપોર્ટ વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. સુરક્ષા સ્ટાફ આગ બુઝાવવાનો પ્રયાસ કરવામાં લાગી ગયો હતો. જાણવા મળ્યું છે કે બસમાં તે સમયે કોઈ મુસાફર સવાર નહોતા. સૂત્રોના જણાવ્યા મુજબ, ટર્મિનલ ૩ પર આ બનાવ મંગળવાર બપોરે આશરે ૧ વાગ્યે થયો હતો. ત્યારબાદ ઈંદિરા ગાંધી એરપોર્ટ પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ સ્થળ પર ફાયર ટેન્ડર, સ્થાનિક પોલીસ, ઝૈંજીહ્વ અને અન્ય સંબંધિત એજન્સીઓ પહોંચી ગઈ હતી. જાણવા મળ્યું છે કે જ્યારે આગ લાગી ત્યારે SATS બસમાં કોઈ મુસાફર નહોતા.. આ એ જ બસ હોય છે જે મુસાફરોને ટર્મિનલથી ઝીરો ગ્રાઉન્ડ સુધી લઈ જાય છે. ત્યારબાદ મુસાફરો અહીંથી વિમાનમાં સવાર થાય છે. ઘટનાના સમયે બસમાં માત્ર ડ્રાઈવર જ હતો, જેને સમયસર બહાર કાઢી લેવામાં આવ્યો હતો. હાલમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે.

**આ ડીલનો મુખ્ય હેતુ બંને દેશોને વધુ પરમાણુ શસ્ત્રો બનાવતા અટકાવવાનો હતો**

## રશિયાએ અમેરિકા સાથેનો પ્લૂટોનિયમ કરાર રદ કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને અમેરિકા સાથે થયેલો પ્લુટોનિયમ નિકાલ કરાર રદ કરી દીધો છે. તેમણે આ કરારને ઔપચારિક રીતે સમાપ્ત કરનારા કાયદા પર સહી કરી દીધી. આ ડીલનો મુખ્ય હેતુ બંને દેશોને વધુ પરમાણુ શસ્ત્રો બનાવતા અટકાવવાનો હતો. પુતિનનું આ પગલું અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ચાલી રહેલી રાજકીય ખેંચતાણ વચ્ચે લીધું છે.પ્લુટોનિયમ કરાર હેઠળ, અમેરિકા અને રશિયા બંને દેશો લશ્કરી ઉપયોગ માટે બિનજરૂરી એવા ૩૪ ટન હથિયાર-ગ્રેડ પ્લુટોનિયમને નષ્ટ કરવા માટે બંધાયેલા હતા. આ સમજૂતી સપ્ટેમ્બર ૨૦૦૦માં થઈ હતી અને ૨૦૧૦માં તેમાં સુધારો કરાયો હતો. તેનો હેતુ કોલ્ડ વોરના સમયના પરમાણુ



શસ્ત્રોના જથ્થાને ઘટાડવાનો હતો. અમેરિકન અધિકારીઓ અનુસાર, આ કરારથી લગભગ ૧૭,૦૦૦ પરમાણુ હથિયારો બનાવવા માટેની સામગ્રીનો નિકાલ થઈ શક્યો હોત.રશિયાએ અગાઉ જ ઑક્ટોબર ૨૦૧૬માં આ કરારને સ્થગિત કરી દીધો હતો. ત્યારે રશિયાએ અમેરિકા દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધો અને નાટોની પૂર્વીય સીમા પર વધતી ગતિવિધિઓને 'શત્રુતા પૂર્ણ કાર્યવાહી' ગણાવી હતી.આ નિર્ણયની સાથે જ રશિયાએ એક નવી પરમાણુ શક્તિ સંચાલિત ક્રૂઝ મિસાઈલ 'બુરેવેસ્ટનિક'નું સફળ પરીક્ષણ પણ કર્યું. રાષ્ટ્રપતિ પુતિને દાવો કર્યો કે આ મિસાઈલ દુનિયામાં સૌથી અનોખી છે અને તેની ઉડાન ક્ષમતા (ફ્લાઈટ રેન્જ) લગભગ અનંત છે. આ મિસાઈલ ૧૫ કલાક સુધી હવામાં રહીને લગભગ ૧૪,૦૦૦ કિલોમીટરનું અંતર કાપી શકે છે.આ ઘટનાક્રમને કારણે અમેરિકા અને રશિયા વચ્ચે તણાવ વધુ વધી ગયો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવામાં ધીમી પ્રગતિ પર નારાજગી વ્યક્ત કરી છે. તાજેતરમાં જ અમેરિકાએ રશિયાની ૨ મુખ્ય તેલ કંપનીઓ પર નવા પ્રતિબંધો લાદ્યા છે, જેને યુદ્ધ સમાપ્ત કરવા માટે 'યોગ્ય અને આવશ્યક પગલાં' ગણાવાયા છે.

**અનેક ઇમારતો ધ્વસ્ત, કાટમાળમાં ફેરવાઈ**


## તૂર્કિયેમાં ૬.૧ તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ, ૫ KMની ઊંડાઈએ હતું કેન્દ્ર

। (એજન્સી) પશ્ચિમી તૂર્કિય, તા.૨૮ ।

પશ્ચિમી તૂર્કિયેમાં સોમવારે ૬.૧ તીવ્રતાનો ભૂકંપ આવ્યો, જેના કારણે ઓછામાં ઓછી ત્રણ ઈમારતો ધરાશાયી થઈ ગઈ હોવાની માહિતી અધિકારીઓએ આપી હતી.

અધિકારીઓએ એ પણ સ્પષ્ટ કર્યું કે પડી ગયેલી આ ઈમારતો અગાઉના ભૂકંપને લીધે પહેલેથી જ ક્ષતિગ્રસ્ત હતી. તેમજ આ ઘટનામાં તાત્કાલિક કોઈ જાનહાનિના સમાચાર નથી.

AFAD (આપત્તિ અને કટોકટી વ્યવસ્થાપન એજન્સી) દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આ ૬.૧ તીવ્રતાના ભૂકંપનું કેન્દ્ર બાલિકેસિર પ્રાંતના સિંદિરગી શહેરમાં જમીનથી ૫.૯૯ કિલોમીટરની ઊંડાઈએ હતું, જે સ્થાનિક સમય અનુસાર રાત્રે ૧૦ વાગ્યેને ૪૮ મિનિટે આવ્યો હતો. આ ભૂકંપના મુખ્ય



આંચકા પછી અનેક આંચકા (આફ્ટરશોક્સ) પણ આવ્યા હતા, જે માત્ર ઈસ્તંબુલ જ નહીં, પરંતુ તેની આસપાસના બુર્સા, મનીસા અને ઈઝમિર જેવા પ્રાંતોમાં પણ અનુભવાયા હતા. ગૃહ મંત્રી અલી યેરલિકાયાએ માહિતી આપી હતી કે સિંદિરગીમાં ઓછામાં ઓછી ત્રણ ખાલી ઈમારતો અને બે માળની એક દુકાન ધરાશાયી થઈ છે.

**ફર્ટિલાઈઝર કંપનીઓના શેરમાં જોવા મળી તેજી**

## રવિ સીઝન માટે ન્યૂટ્રિયન્ટ બેઝ સબસિડીની સરકારે કરી જાહેરાત

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૮ ।

આજે યોજાયેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં બે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા છે, જેમાં ખેડૂતો અને સરકારી નોકરી કરતા લોકોને મોટી ભેટ આપવામાં આવી છે. ખેડૂતો માટે ખાસ રવિ સીઝન માટે કેબિનેટની બેઠકમાં મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. તેનાથી ફર્ટિલાઈઝર કંપનીઓને મોટી રાહત મળી છે. રવિ સીઝન માટે ન્યૂટ્રિયન્ટ બેઝ સબસિડીની જાહેરાત સરકારે કરી છે. જેની હેઠળ ૨૦૨૫ની રવિ સીઝન માટે ૩૭,૯૫૨ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. નાઈટ્રોજન પર રૂપિયા ૪૩.૦૨ પ્રતિ કિલો સબસિડી મળશે તો ફોસ્ફરસ પર રૂપિયા ૪૭.૯૬ પ્રતિ કિલો સબસિડી મળશે. પોટાસ પર રૂપિયા ૨.૩૮ અને સલ્ફર પર રૂપિયા ૨.૮૭ સબસિડી મળશે. ૧ ઓક્ટોબર ૨૦૨૫થી આ ભાવ લાગૂ થશે. આ સમાચાર મળતા જ ફર્ટિલાઈઝર કંપનીઓના શેર રોકેટ ગતિએ દોડ્યા છે. જેમાં ચંબલ ફર્ટિલાઈઝર ૨.૦૫ રૂપિયા વધીને ૪૮૮ રૂપિયા પર પહોંચ્યો છે. ત્યારે કોરોમંડલ ઈન્ટરનેશનલના શેરનો ભાવ ૨૨૩૪.૮૦ રૂપિયા પર જોવા મળ્યો છે. આ સિવાય ફેર્ટ અને કેમ, દિપક ફર્ટિલાઈઝર, મદ્રાસ ફેર્ટના શેરમાં પણ તેજી જોવા મળી છે.

**ટ્રમ્પે જાપાનના સમ્રાટ નારુહિતો સાથે ટોક્યોમાં મુલાકાત કરી**

## ચીન ફરીથી અમેરિકા પાસેથી સોયાબીન ખરીદવાનું શરૂ કરશે

। (એજન્સી) વોશિંગ્ટન ડિસી, તા.૨૮ ।

અમેરિકા અને ચીન વચ્ચે વેપાર કરાર માટે માળખું લગભગ તૈયાર થઈ ગયું છે. અમેરિકાના નાણાં મંત્રી સ્કોટ બેસેન્ટે જણાવ્યું કે, ચીનના સામાનની આયાત પર વધારાની ૧૦૦ ટકા ટેરિફનો અમલ ટાળવા માટે બંને દેશોએ માળખા માટે કરાર પર સહમતિ સાધી છે. ચીન ઉપર ૧૦૦ ટકા ટેરિફનો અમલ હવે ટળ્યો છે. આ સાથે જ ચીન અમેરિકા પાસેથી પુનઃ સોયાબીન ખરીદવાનું શરૂ કરશે. અગાઉ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૧લી નવેમ્બરથી ચીન પર ૧૦૦ ટકા ટેરિફ લાગુ કરવાની ધમકી આપી હતી.ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે મુલાકાત પૂર્વે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ સપ્તાહે ગુરુવારે બંને દેશોના વડાઓ દક્ષિણ કોરિયામાં મુલાકાત કરશે. આ બેઠકમાં બંને નેતાઓ વેપાર કરાર માટેના માળખા પર ચર્ચા કરશે. ટ્રમ્પ હાલમાં એશિયાના દેશોના પ્રવાસ પર છે. ટ્રમ્પે મલેશિયાથી પ્રવાસની શરૂઆત કરી હતી.

**બોસ્ટન એરપોર્ટ પર ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ**

## ભારતીય યુવકે વિમાનમાં બે મુસાફરો પર ચમચીથી કર્યો હુમલો

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૮ ।

અમેરિકામાં સ્ટુડન્ટ વિઝા પર અભ્યાસ કરતા ૨૮ વર્ષીય ભારતીય વિદ્યાર્થી પ્રણીત કુમાર ઉસીરીપલ્લીની બોસ્ટન લોગન ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી છે. આરોપી પ્રણીતે શિકાગોથી જર્મનીના ફ્રેંકફર્ટ જતી ફ્લાઈટમાં બે કિશોરો પર કાંટાવાળી ચમચીથી હુમલો કર્યો અને એક મહિલા મુસાફરને થપ્પડ મારી હતી, જેના કારણે પાયલોટે ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. ફ્લાઈટ ઉડાન ભર્યાના થોડા સમય પછી જ્યારે ક્રૂ દ્વારા ભોજન પીરસવામાં આવ્યું, ત્યારે પ્રણીત કુમારે કોઈપણ ઉશ્કેરણી વિના કાંટાવાળી ચમચી ઉપાડીને બે કિશોરો પર હુમલો કર્યો હતો. તેણે એકના ખભામાં અને બીજાના માથાના પાછળના ભાગમાં ઘા માર્યા હતા, જેના કારણે બંનેને ઈજા થઈ હતી.

આ ઉપરાંત, તેણે કથિત રીતે એક મહિલા મુસાફરને થપ્પડ મારી હતી અને ફ્લાઈટના એક ક્રૂ સભ્યને પણ થપ્પડ મારવાનો પ્રયાસ કર્યો હતો.

ફ્લાઈટમાં સર્જાયેલી આ ગડબડની જાણ થતાં જ પાયલોટે પરિસ્થિતિને ગંભીરતાથી લઈને ફ્લાઈટનો માર્ગ બદલીને બોસ્ટન લોગન એરપોર્ટ તરફ વાળી દીધો. ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ થતાં જ આરોપી પ્રણીત કુમારને પોલીસે કસ્ટડીમાં લઈ લીધો હતો.

યુએસ એટર્નીની ઓફિસના જણાવ્યાનુસાર, ભારતીય વિદ્યાર્થી પર યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં વિમાનમાં મુસાફરી કરતી વખતે ખતરનાક હથિયારથી હુમલો કરવા અને ઈરાદાપૂર્વક શારીરિક નુકસાન પહોંચાડવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. પ્રણીત સ્ટુડન્ટ વિઝા પર યુએસમાં દાખલ થયો હતો અને તેણે તાજેતરમાં જ બાઈબલ સ્ટડીઝમાં માસ્ટર પ્રોગ્રામમાં પ્રવેશ મેળવ્યો હતો. જોકે, તેની પાસે હાલમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેવાનો કોઈ કાનૂની દરજ્જો નથી.

**વિમાન આગની જ્વાળામાં લપેટાયું**

## કેન્યામાં વિમાન દુર્ઘટના, ૧૨ લોકોના જીવ ગયા હોવાની આશંકા

। (એજન્સી) નૈરોબી, તા.૨૮ ।

કેન્યામાં એક વિમાન દુર્ઘટના ઘટી છે, જેમાં ૧૨થી વધુ લોકોના મોતની આશંકા છે. કેન્યાના દરિયાકાંઠાના પ્રદેશ ક્વાલેમાં વિમાન દુર્ઘટના સર્જાઈ હતી. કેન્યાના અધિકારીઓએ અકસ્માત અંગે માહિતી જાહેર કરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે વિમાન મસાઈ મારા નેશનલ રિઝર્વના એક લોકપ્રિય પર્યટન સ્થળ તરફ જતી વખતે ક્રેશ થયું હતું. આ અકસ્માત ડાયાની એરસ્ટ્રીપથી લગભગ ૪૦ કિલોમીટર દૂર ડુંગરાળ અને જંગલી વિસ્તારમાં થયો હતો. ક્વાલે કાઉન્ટી કમિશનર સ્ટીફન ઓરિન્ડે એસોસિએટેડ પ્રેસને જણાવ્યું હતું કે, દુર્ઘટના સ્થળ પર શોધ અને બચાવ કામગીરી ચાલી રહી છે, જેની વધુ વિગતો પછી જાહેર કરવામાં આવશે. કેન્યા સિવિલ એવિએશન ઓથોરિટીએ જણાવ્યું હતું કે વિમાનમાં ૧૨ લોકો સવાર હતા અને અધિકારીઓ પ્લેન ક્રેશના કારણની તપાસ કરી રહ્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે વિમાન ટેકઓફ થયાના થોડીવાર પછી ક્રેશ થયું હતું અને આગના જ્વાળામાં લપેટાયું હતું. ઘટનાસ્થળે ખરાબ રીતે બળી ગયેલો કાટમાળ જ મળી આવ્યો હતો. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે તેઓએ જોરદાર વિસ્ફોટ સાંભળ્યો હતો અને ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે ખબર પડી કે, વિમાન ક્રેશ થયું છે, ઘટનાસ્થળે માત્ર કાટમાળ અને માનવ અવશેષો વિખેરાયા હતા. મોમ્બાસા એર સફારી નામની એરલાઈન કંપનીએ જણાવ્યું હતું કે તે નાગરિક ઉડ્ડયન સત્તાધીશો સાથે સહયોગ કરી રહી છે.

**એક માસમાં બે મહિલાઓ પર હુમલાથી શીખોમાં ડરનો માહોલ**


## બ્રિટનમાં શીખ મહિલા પર વંશીય ટિપ્પણી બાદ બળાત્કાર ગુજારાયો

। (એજન્સી) લંડન, તા.૨૮ ।

અમેરિકા અને બ્રિટન જેવા પશ્ચિમી દેશોમાં ભારતીય સહિતના એશિયન મૂળના લોકો વિરુદ્ધ વંશીય હિંસાના બનાવોમાં સતત ચિંતાજનક હદે વધારો થઈ રહ્યો છે. ઈંગ્લેન્ડમાં શનિવારે બનેલી આવી જ એક વંશિય હિંસાની ઘટનામાં હુમલાખોરે ભારતીય મૂળની પંજાબી યુવતિ પર વંશિય નફરત રાખી હુમલો કર્યા બાદ બળાત્કાર ગુજાર્યો હતો. પોલીસે આ મામલે સોમવારે એક શખ્સની ધરપકડ કરી હતી. ઉલ્લેખનીય છે કે, થોડાં સમય અગાઉ લંડન નજીકના ઓલ્ડબરી વિસ્તારમાં એક બ્રિટિશ શીખ મહિલા પર વંશિય હુમલો કરી તેને ગંભીર ઈજા પહોંચાડવાની ઘટના બની હતી. આ અંગે માહિતી આપતા ડિટેક્ટિવ સુપરિન્ટેન્ડન્ટ રોનાન ટાયરરે જણાવ્યું હતું કે, સીસીટીવી ફૂટેજના આધારે સોમવારે પેરી બાર વિસ્તારમાંથી એક શંકાસ્પદ શખ્સની ધરપકડ કરાઈ છે. તેમણે જણાવ્યું હતું કે, અમારી પ્રાથમિકતા પીડિત મહિલાને તમામ મદદ ઉપલબ્ધ બનાવવાની છે. હુમલાખોર શ્વેત વર્ણનો અને આશરે ૩૦ વર્ષની વયનો છે. આ ઘટના અંગે ચિંતાની લાગણી વ્યક્ત કરતાં યુકેના શીખ ફેડરેશને જણાવ્યું હતું કે, હુમલાખોર પીડિત મહિલાના મકાનનો દરવાજો તોડી ઘરમાં ઘૂસ્યો હતો.છેલ્લાં બે મહિનામાં વેસ્ટ મિડલેન્ડ્સમાં શીખ મહિલાઓ પર હુમલાની આ બીજી ઘટના બનતાં જ અહીંના શીખ સમુદાયમાં ડરની લાગણી પ્રવર્તી રહી છે. બ્રિટનના શીખ સાંસદ પ્રીત કૌર ગીલ તથા તનમનજીત સિંઘ ઢેસીએ આ અંગે આક્રોશ અને દુઃખ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, વોલસોલની મહિલા સાથે બનેલી ઘટના અને તે અગાઉની ઘટના એ બંને વંશિય નફરતથી પ્રેરિત હતી.

નૂતન વર્ષાભિનંદન





તમામને નવા વર્ષના અભિનંદન

મુંડવાડા ઇલાબેન નવીનચંદ્ર (જાગુબેન)

# કડદા પ્રથા બંધ કરવાની માંગ સાથે ખેડૂતો ફરી રસ્તા ઉપર ઉતરશે

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨૮ ।

સૌરાષ્ટ્રમાં ફરી એકવાર ખેડૂતોનું આંદોલન થવા જઈ રહ્યું છે, જેમાં બોટાદવાળી થવાનો ડર છે. સૌરાષ્ટ્ર એ ખેડૂતોના આંદોલનનું એપી સેન્ટર બની રહ્યું છે, જ્યાં કદડા પ્રથા બંધ કરવા માંગ ઉઠી રહી છે. હવે જોવું એ રહ્યું કે, ગુજરાતમાં ખેડૂત આંદોલન કેવું અને કેટલુ સળગશે, અને આંદોલનની આ આગના પડઘા ગુજરાત સરકાર સુધી પ હોંચશે કે નહિ. સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકામાં આજે ખેડૂતોનો રોષ ફાટી નીકળ્યો હતો. બોટાદ જિલ્લાના હડદડ ગામમાં ખેડૂતો પર થયેલા દમન અને અન્યાય સામે કિસાન એકતા મંચ ગુજરાતના નેજા હેઠળ મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહી મૂળી મામલતદાર કચેરી ખાતે ઉગ્ર રજૂઆત કરી હતી.




ખેડૂતોના આગેવાનોએ મામલતદારને આવેદનપત્ર પાઠવી અનેક માંગણીઓ રજૂ કરી હતી. આવેદનપત્રમાં જણાવ્યા પ્રમાણે કપાસના પાકની ખરીદી વખતે વેપારીઓ દ્વારા ખેડૂતોને મળતા ભાવમાં થતો કડદા તાત્કાલિક રીતે બંધ કરાવવો, તેમજ સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદી માટે નક્કી કરાયેલી ૭૦ મણની લિમિટ વધારીને ઓછામાં ઓછું ૨૫૦ મણ કરવામાં આવે તેવી મુખ્ય માંગણી રાખવામાં આવી હતી.

તે ઉપરાંત બોટાદના કડદા ગામમાં ૮૫ ખેડૂતો સામે ખોટા કેસો દાખલ કરી દમન સહિત કાર્યવાહી કરનાર અધિકારીઓ સામે કડક પગલાં લેવા, નિર્દોષ ખેડૂતોને ન્યાય મળે અને પોલીસ દ્વારા પરિવાર સાથે કરાયેલા દમનની તપાસ થાય તેવી માંગ સાથે અવેદનપત્ર પ ાઠવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન કિસાન એકતા મંચના આગેવાનોએ જો ખેડૂતોને ન્યાય નહીં મળે તો આગામી દિવસોમાં સમગ્ર ગુજરાતમાં વિશાળ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. મૂળ મામલતદાર કચેરી આગળ ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે ખેડૂતો દ્વારા ઉગ્ર રોષ ઠાલવવામાં આવ્યો હતો. કિસાન એકતા મંચના પ્રતિનિધિઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આ લડત ખેડૂત હક માટેની છે અને ખેડૂતોને ન્યાય નહીં મળે ત્યાં સુધી તેઓની લડત ચાલુ રહેશે.

તો બીજી તરફ, આમ આદમી પ ાર્ટીના ગુજરાત પ્રભારી ગોપાલ રાયે ખેડૂત આંદોલન મુદ્દે મોટી જાહેરાત કરી છે. રાજ્યની છઁસ્ઞમાં ચાલતી કડદા પ્રથા બંધ કરવા માટે આમ આદમી પ ાર્ટી ખેડૂતોની મહાપંચાયત યોજવા જઈ રહી છે. આગામી ૩૧ ઓક્ટોબરના દિવસે ખેડૂતોની મહાપંચાયત યોજવાની જાહેરાત આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રભારી ગોપાલ રાય દ્વારા કરવામાં આવી છે. સુરેન્દ્રનગરના લીમખેડા વિધાનસભા વિસ્તારમાં આવેલા સુદામડા ગામમાં ખેડૂતોની મહાપંચાયત યોજાશે.

### ઉકાઇ ડેમ ભયજનક સપાટીએ

# તાપી નદીમાં પાણી છોડાતા કાંઠાના ગામોને એલર્ટ કરાયા

## ઉકાઇ ડેમના કુલ ત્રણ દરવાજાઓને ૪ ફૂટ સુધી ખોલવામાં આવ્યા છે અને આવક જેટલું જ એટલે કે ૪૬,૪૧૮ ક્યુસેક પાણી તાપી નદીમાં છોડવામાં આવી રહ્યું છે

। (એજન્સી) તાપી,તા.૨૮ ।



ગુજરાતમાં કમોસમી વરસાદે જ્યાં એક તરફ ખેડૂતોને ચિંતામાં મૂક્યા છે, ત્યાં બીજી તરફ ઉપ રવાસમાં થયેલા ભારે વરસાદને કારણે રાજ્યના જળાશયોમાં પ ાણીની આવક પણ ચિંતાજનક રીતે વધી છે. તાપી જિલ્લામાં આવેલો ઉકાઈ ડેમ તેની ભયજનક સપાટી નજીક પહોંચી જતાં તંત્ર દ્વારા સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે.હાલમાં ઉકાઈ ડેમની સપાટી ૩૪૫.૦૨ ફૂટ પર પ હોંચી ગઈ છે, જે ભયજનક સ્તરની એકદમ નજીક છે. ઉપ રવાસમાંથી ડેમમાં ૪૬,૪૧૮ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. પાણીની સતત વધતી આવકને નિયંત્રિત કરવા માટે અને ડેમની સુરક્ષા જાળવવા માટે તંત્રએ મહત્વનો નિર્ણય લીધો છે. ઉકાઈ ડેમના કુલ ત્રણ દરવાજાઓને ૪ ફૂટ સુધી ખોલવામાં આવ્યા છે અને આવક જેટલું જ એટલે કે ૪૬,૪૧૮ ક્યુસેક પાણી તાપી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. ડેમમાંથી પાણી છોડવામાં આવતાં તાપી નદીના જળસ્તરમાં વધારો થયો છે. આ સંજોગોને ધ્યાનમાં રાખીને, તાપી નદીના કાંઠા વિસ્તારમાં આવેલા તમામ ગામોને સાવચેતીના ભાગરૂપે એલર્ટ કરવામાં આવ્યા છે. વહીવટી તંત્ર દ્વારા લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા અને સુરક્ષિત સ્થળે રહેવા માટે સૂચના આપવામાં આવી

## હૃદયની તકલીફના કારણે અનિરુદ્ધસિંહ જાડેજાને સિવિલમાં ખસેડાયા

। (એજન્સી) જૂનાગઢ, તા.૨૮ ।

રીબડાના અનિરુદ્ધસિંહ જાડેજાની જૂનાગઢ જેલમાં તબિયત લથડતાં તેમને તાત્કાલિક સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિ ટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પોપટ સોરઠિયા હત્યાકેસમાં હાલ જેલમાં સજા ભોગવી રહેલા અનિરુદ્ધસિંહ જાડેજાને હૃદય સંબંધિત તકલીફ ઊભી થતાં આ પગલું લેવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, અનિરુદ્ધસિંહને હૃદયને લગતી ફરિયાદ થતાં તેમને જૂનાગઢ જેલમાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં આવેલી યુ એન મહેતા કાર્ડિયાક વિભાગમાં લાવવામાં આવ્યા હતા. અહીં નિષ્ણાત તબીબોની દેખરેખ હેઠળ તેમનું સંપ ૂર્ણ મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. મેડિકલ ચેકઅપની પ્રક્રિયા પ ૂર્ણ થયા બાદ અને તબીબો દ્વારા તેમની સ્થિતિ સ્થિર જણાવાયા બાદ, અનિરુદ્ધસિંહ જાડેજાને ફરીથી જૂનાગઢ જેલમાં પરત લઈ જવામાં આવ્યા હતા. અનિરુદ્ધસિંહને હોસ્પિ ટલે લાવવામાં આવ્યા તે સમયે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે હોસ્પિટલ પરિસરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

અનિરુદ્ધસિંહ જાડેજાનું નામ પોપટલાખા સોરઠિયા હત્યા કેસ અને અમિત ખૂંટ આપઘાત કેસ સહિતના મામલે ચર્ચામાં રહેલું છે. તેઓ પોપટ સોરઠિયા હત્યાકેસમાં હાલ જેલવાસ ભોગવી રહ્યા છે. આ કેસ ૧૫ ઓગસ્ટ ૧૯૮૮ના દિવસે ગોંડલની સંગ્રામ સિંહજી હાઈસ્કૂલમાં ધ્વજવંદન કાર્યક્રમ દરમિયાન થયો હતો.

### બેદરકારીથી મૃત્યુની ફરિયાદ નોંધાઈ

# નર્મદામાં ભેખડ ધસી પડવાની દુર્ઘટના ઘટી

## એજન્સીએ ત્રણેય મૃતક શ્રમિકોના વારસદારોને ૫૦-૫૦ લાખ રૂપિયાની આર્થિક સહાય કરવાની મંજૂરી આપી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

નર્મદા નદી કિનારે ગોરા ઘાટ ખાતે ચાલી રહેલી નવીનીકરણની કામગીરી દરમિયાન ગઈકાલે રવિવારે (૨૬ ઓક્ટોબર) ભેખડ ધરાસાઈ થતાં અકતેશ્વર ગામમાં ૩ સ્થાનિકો દટાઈ જતાં મૃત્યું નીપજ્યું હતું. સમગ્ર ઘટનાને પગલમાં કોન્ટ્રાક્ટરની બેદરકારીના કારણે દુર્ઘટના ઘટી હોવાનો મૃતકોના પ રિવારજનોએ આક્ષેપ કર્યો હતો. બનાવ અંગે કોન્ટ્રાક્ટર વિરૂદ્ધમાં ફરિયાદ નોંધાવામાં આવી છે. એજન્સીએ ત્રણેય મૃતક શ્રમિકોના વારસદારોને ૫૦-૫૦ લાખ રૂપિયાની આર્થિક સહાય કરવાની મંજૂરી આપી છે. નર્મદા ઘટના નવીનીકરણની કામગીરીમાં નજીકમાં જ પ્રોટેક્શન વોલ બનાવતા સમયે અચાનક ભેખડ ધરાસાઈ થઈ હતી. જેમાં અકતેશ્વર ગામના રહેવાસી ત્રણ શ્રમિકોનો મોત નીપજ્યા હતા. ઘટનાની રાત્રે ન્યાય ન મળે ત્યાં સુધી મૃતકનું પ ોસ્ટ મોર્ટમ ન કરવા પરિવારજનોએ જીદ પકડી હતી. સમગ્ર ઘટના મામલે પોલીસે એમ ઈફા એજન્સી અને કોન્ટ્રાક્ટર શૈલેષ પટેલ વિરુદ્ધ મ્દ્રજીની કલમ ૧૦૬(૧) (બેદરકારીથી મૃ ત્યુ) અને ૫૪ (સલામતીના નિયમોનું ઉલ્લંઘન) મુજબ ફરિયાદ નોંધી આરોપીઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. બીજે દિવસે ગરૂડેશ્વર સરકારી દવાખાને નાંદોદ ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ, ભાજપ પ્રમુખ નીલ રાવ, ધારાસભ્ય ચૈતર વસાવા, જિલ્લા પંચાયત પ્રમુખ ભીમસિંગ તડવી, રણજીત તડવી, નિરંજન વસાવા, સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા નિગમના અધિકારીઓ અને એજન્સીએ મૃતકના પરિવારજનો સાથે બેઠક કરી હતી. આ દરમિયાન મૃતકોના પરિવારને પરિવાર દીઠ કોન્ટ્રાક્ટર તરફથી ૫૦ લાખ રૂપિયાની સહાય, મૃતકોના પરિવારના બાળકોને ભણતરની જવાબદારી, રાજ્ય સરકાર તરફથી પણ સહાય, સહિત નર્મદા નિગમ તરફથી પરિવારને ૧૮ વર્ષથી ઉપરનાને નોકરીની જાહેરાત કરાઈ હતી. આ જાહેરાત બાદ આખરે મૃ તકોનું પોસ્ટ મોર્ટમ કરાયું હતું.

આ તમામની વચ્ચે ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખે જણાવ્યું હતું કે, ત્રણેય મૃતક શ્રમિકોના વારસદારોને ૫૦-૫૦ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવા અંગે એજન્સીએ મંજૂરી દાખવી છે. આજે (૨૭ ઓક્ટોબર) જ ૨૦ લાખ રૂપિયાની રકમ પરિવારજનોને મળી જશે અને બાકીની રકમ ૧૦ દિવસમાં ચૂકવવાની લેખિત ખાતરી પણ મેળવવામાં આવી છે. ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે એજન્સીઓ દ્વારા સેફટી વગર તાબડતોડ કામો અમારા લોકો પાસેથી કરાવવામાં આવે છે. ફરિયાદમાં માનવ વધ જેવી ગંભીર કલમો ઉમેરાવા માગ કરી છે.

મૃતકોના નામ

- રોહિત રણછોડ તડવી (ઉં.વ.૪૫)
- દિપક ભાણાભાઈ તડવી (ઉં.વ.૪૦)
- શૈલેષ કનુ તડવી (ઉં.વ.૩૭)

# પોલીસ કમિશ્નરે ધ્વનિ પ્રદૂષણના જાહેરનામાના નિયમોમાં સુધારો કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

રાજ્યમાં ધ્વનિ પ્રદૂષણને લઈને નિયમોમાં સુધારો કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેર પ ોલીસ કમિશનર જી.એસ. મલિક દ્વારા શહેરમાં ધ્વનિ પ્રદૂષણને અટકાવવા માટે સુપ્રીમ કોર્ટના નિર્દેષો અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નિયમોના જાહેરનામાના નિયમોમાં સુધારો કરવામાં આવ્યો છે. જેમાં શહેરના વિસ્તાર પ્રમાણે અવાજની માત્રા નક્કી કરવામાં આવી છે.

અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા પ્રમાણે શહેરમાં રાત્રે ૧૦થી સવારે ૬ વાગ્યા સુધી ફટાકડા ફોડવા અને લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. શહેરના વિસ્તારોમાં અવાજની માત્રા નક્કી કરવામાં આવી છે. જેમાં ઓદ્યોગિક વિસ્તારમાં સવારના ૬ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી ૭૫ ડિસેબલ, જ્યારે રાત્રે ૧૦થી સવારે ૬ વાગ્યા સુધીમાં ૭૦ ડિસેબલ, વાણિજ્ય વિસ્તારમાં સવારે ૬થી રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં ૬૫ જ્યારે રાત્રે ૧૦થી સવારે ૬ વાગ્યા સુધીમાં ૫૫ ડિસેબલ, રહેણાંક વિસ્તારમાં સવારે ૬ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી ૫૫ જ્યારે રાત્રે ૧૦થી સવારે ૬ વાગ્યા સુધીમાં ૪૫ ડિસેબલ, શાંત વિસ્તારમાં સવારે ૬ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી ૫૦ અને રાત્રે ૧૦થી સવારે ૬ વાગ્યા સુધી ૪૦ ડિસેબલ અવાજની માત્રા નક્કી કરવામાં આવી છે.

અમદાવાદ પોલીસ કમિશ્નરના જાહેરનામા પ્રમાણે રાત્રે ૧૦થી સવારે ૬ વાગ્યા સુધી ફટાકડા ફોડવા કે લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ લગાવી દેવાયો છે. આ ઉપરાંત શહેરના ઓડિટોરિયમ, પાર્ટી પ્લોટ અને કોન્ફરન્સ હોલ આગળ સાઈન બોર્ડ સંચાલકે પોતાના ખર્ચે ફરજિયાત લગાવવા પડશે.

કોઈ પણ રેલી,સરઘસ, રાજકીય કે ધાર્મિક મેળાવડામાં માઈક સિસ્ટમ ભાડે નહીં આપી શકાય. માઈક સીસ્ટમ ભાડે આપ વા માટે સંચાલકે પોલીસની પ રવાનગી લેવી પડશે. કોઈપણ ધાર્મિક સ્થળ પર માઈકનો અવાજ મર્યાદિત રાખવો પડશે. આ નિયમોનો ભંગ કરનાર સામે પોલીસ કાર્યવાહી કરશે.

## સાંસદ ધવલ પટેલે કૃષિમંત્રીને ખેડૂતોને સહાય આપવા માગ કરી

। (એજન્સી) જૂનાગઢ, તા.૨૮ ।

વલસાડના સાંસદ ધવલ પટેલે કૃષિ મંત્રી જીતુ વાઘાણીને એક પત્ર લખીને ખેડૂતોને માવઠાને કારણે થયેલા પાકની નુકસાનીનું વળતર તાત્કાલિક ધોરણે ચૂકવવા રજૂઆત કરી છે. રાજ્યમાં દિવાળીના તહેવાર દરમિયાન વલસાડ અને ડાંગ જિલ્લામાં થયેલા માવઠાને કારણે ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે. ખેતરમાં તૈયાર થયેલો પાક ધોવાઈ જવાને કારણે ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાઈ ગયો છે. ત્યારે વલસાડના સાંસદ ધવલ પટેલે રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણીને પત્ર લખીને તાત્કાલિક પાક નુકસાનીનું વળતર ચૂકવવા રજૂઆત કરી છે. વલસાડના સાંસદ ધવલ પટેલે કૃ ષિ મંત્રી જીતુ વાઘાણીને એક પત્ર લખીને ખેડૂતોને માવઠાને કારણે થયેલા પાકની નુકસાનીનું વળતર તાત્કાલિક ધોરણે ચૂકવવા રજૂઆત કરી છે. તેમણે લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, હાલમાં અરબી સમુદ્રમાં સર્જાયેલા સાયકલોનિક સરકયુલેશનના કારણે વલસાડ લોકસભા વિસ્તાર હેઠળના વિવિધ તાલુકાઓમાં કમોસમી વરસાદ પડયો હતો.આ અસમયે થયેલા વરસાદને કારણે ડાંગરનો તૈયાર થયેલ પાક પલળી જવાથી ખેડૂતોને ભારે નુકસાન સહન કરવું પડ્યું છે.

## કલ્યાણપુર પંથકમાં તોફાની પવન સાથે કમોસમી વરસાદ

। (એજન્સી) દેવભૂમિ દ્વારકા, તા.૨૮ ।

હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવેલી આગાહી મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લાના વાતાવરણમાં મોટો પલટો આવ્યો છે. જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં તોફાની પવન સાથે કમોસમી વરસાદ ખાબકતાં ખેડૂતોની ચિંતા વધી છે. ખાસ કરીને દ્વારકાના કલ્યાણપુર તાલુકાના વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. કલ્યાણપુરના નાવદ્રા, મોવાણ, હડમતીયા અને પટેલકા સહિત આસપાસના અનેક ગામોમાં વરસાદ શરૂ થયો હતો.

ભારે પવન સાથે વરસાદ વરસવાના કારણે લોકોને થોડી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ કમોસમી વરસાદના કારણે સૌથી મોટો ફટકો ખેડૂતોને પડ્યો છે. હાલમાં ખેતરોમાં ઊભા પાકો લણણીના આરે છે. આ સમયે અચાનક વરસાદ વરસવાથી ખેડૂતોને વ્યાપક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. તૈયાર પાક પલળી જવાથી તેની ગુણવત્તા બગડી જશે અને ઉત્પ ાદન પર સીધી અસર થશે.

## વિશેષ

### વિવિધ રાજ્યોની સાંસ્કૃતિક ઝાંખી કરાવતા કાર્યક્રમો યોજાશે

# સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીની એકતાનગરમાં ભવ્ય ઉજવણી થશે

।(એજન્સી) અમદાવાદ, તા.૨૮।

અમદાવાદ અખંડ ભારતના શિલ્પી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ ૩૧ ઓક્ટોબરની એકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવના ઉજાગર કરતી ઉજવણી કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી દેશભરમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે દર વર્ષે વડાપ્રધાનની પ્રેરક ઉપ સ્થિતિમાં રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો યોજવામાં આવે છે. આ વર્ષે સરદારની ૧૫૦મી જન્મજયંતિ વર્ષના ઉપલક્ષ્યમાં રાષ્ટ્રીય એકતા દિવસની શાનદાર અનોખી ઉજવણીનું બહુવિધ આયોજન કરવામાં આવ્યું છે.

નવી દિલ્હીમાં દર વર્ષે પ્રજાસત્તાક દિવસ ૨૬મી જાન્યુઆરીએ યોજાતી પરેડની પેટર્ન પર જ આ વર્ષે ૩૧ ઓક્ટોબરે એકતાનગર ખાતે મૂવિંગ પરેડ યોજવામાં આવશે. મુખ્ય સચિવ પંકજ જોશી અને પોલીસ મહાનિદેશક વિકાસ સહાયે આ ભવ્ય ઉજવણીના સમગ્ર કાર્ય આયોજન અંગેની વિસ્તૃત ભૂમિકા આપી હતી.

તેમણે કહ્યું કે, રાષ્ટ્રીય એકતા દિવસની આ પરેડમાં **BSF, CISF, ITBP, CRPF, SSB, J&K,** પંજાબ, આસામ, ત્રિપુરા, ઓડિશા, છત્તીસગઢ, કેરળ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને **NCC** મળીને કુલ ૧૬ કન્ટીજન્ટ્સ સહભાગી થશે. એટલું જ નહીં, ઓપ રેશન સિંદૂરના **BSF**ના ૧૬ ૫ દક વિજેતા અને **CRPF**ના ૫ ાંચ શૌર્ય ચક્ર વિજેતા બહાદુર જવાનો પણ આ પરેડમાં ખુલ્લી જીપ્સીમાં જોડાશે.આ પરેડનું નેતૃત્વ વિવિધ રંગબેરંગી




વેશભૂષા અને અલગ-અલગ વાજિંત્રો સાથે હેરાલ્ડીંગ ટીમ (**Heralding Team**)ના ૧૦૦ જેટલા સદસ્યો કરવાના છે. એકતા પરેડમાં કર્ણપ્રિય સુરાવલિઓ રેલાવતા ૯ બેન્ડ કન્ટીજન્સ પણ જોડાવાના છે. ઉપરાંત રાજ્યકક્ષાએ વિજેતા થયેલા ગુજરાતના બે સ્કૂલ બેન્ડ તથા રાષ્ટ્રીય કક્ષાએ આયોજિત સ્કૂલબેન્ડ સ્પર્ધામાં વિજેતા બે સ્કૂલ બેન્ડ મળીને ચાર સ્કૂલ બેન્ડ દ્વારા બેન્ડ ડિસ્પ્લે પણ થવાના છે.

મુખ્ય સચિવ અને પોલીસ મહાનિદેશકે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને લાલ કિલ્લાની પ્રાચીરથી આપ ેલો મંત્ર 'રાજ્ય અનેક રાષ્ટ્ર એક, સમાજ અનેક ભારત એક, ભાષા અનેક ભાવ એક અને રંગ અનેક તિરંગો એક'ને ચરિતાર્થ કરતા કાર્યક્રમો આ એકતા પરેડ અને રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીને વધુ ગરિમામય બનાવશે. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક મંત્રાલયના ઉપક્રમે દેશના વિવિધ રાજ્યોની સાંસ્કૃતિક વિરાસતોની ઝાંખી કરાવતા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ આ અવસરે યોજાશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરદાર પટેલની પ્રતિમાની પદ પૂજા કર્યા પછી પરેડ અને વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા આવશે ત્યારે તેમને કેન્દ્રીય સુરક્ષા દળો અને ગુજરાત પ ોલીસની કન્ટીજન્ટ્સ દ્વારા ગાર્ડ ઓફ ઓનર અપાશે અને સમગ્ર કાર્યક્રમનો શાનદાર પ્રારંભ થશે. આ પરેડમાં 'એકત્વ' થીમ આધારિત વિવિધ ટેબ્લોઝનું જે નિદર્શન થવાનું છે તેમાં જુદા જુદા રાજ્યો અને **CAPF** દ્વારા પોતાની વિશેષતાઓ અને સિદ્ધિઓ દર્શાવતા ૧૦ ટેબ્લો પ્રસ્તુત કરવામાં આવશે. **NDRF, NSG,** જમ્મુ કાશ્મીર, આંદામાન એન્ડ નિકોબાર, પ ુડુચેરી, મહારાષ્ટ્ર, ગુજરાત, મણિપુર, છત્તીસગઢ અને ઉત્તરાખંડ દ્વારા આ ટેબ્લોઝ રજૂ થવાના છે. આ ઉપરાંત, ભારતીય વાયુસેના દ્વારા ઓપરેશન સૂર્યકિરણ અન્વયે ફ્લાય પાસ્ટ તથા **CRPF** અને ગુજરાત પોલીસની મહિલા કર્મચારીઓ દ્વારા સંયુકત રાયફલ ડ્રીલ, **NSG** દ્વારા હેલ માર્ચ, આસામ પોલીસ દ્વારા મોટરસાયકલ ડેરડેવિલ શો તેમજ **BSF**ના ઈન્ડિયન બ્રીડનો ડોગ શો, **CISF** અન **ITBP**ની મહિલા કર્મીઓ દ્વારા ટ્રેડિશનલ માર્શલ આર્ટ, **SSB** દ્વારા બેન્ડ ડિસ્પ્લે અને **NCC** કેડેટ્સ પણ લોકોના આકર્ષણનું કેન્દ્ર બનશે.

તેમણે ઉમેર્યું કે, વધુને વધુ લોકો આ એકતા પરેડ નિહાળી શકે તે હેતુસર આ વર્ષે બેઠક વ્યવસ્થામાં પણ વધારો કરવામાં આવ્યો છે અને ૧૧,૫૦૦થી વધુ લોકો પરેડ નિહાળી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા રાષ્ટ્રીય એકતા દિવસ પોર્ટલ પણ લોન્ચ કરવામાં આવ્યું છે તેના પર ઓનલાઈન રજીસ્ટ્રેશનથી કોઈપણ વ્યક્તિ આ એકતા પરેડના કાર્યક્રમોમાં જોડાઈ શકે છે. મુખ્ય સચિવ અને પોલીસ મહાનિદેશકે કહ્યું કે, દર વર્ષે રાષ્ટ્રીય એકતા દિવસના ઉપલક્ષ્યમાં કેન્દ્ર સરકારના ડિપ ાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ દ્વારા આરંભ કાર્યક્રમનું આયોજન એકતાનગર ખાતે કરવામાં આવે છે. આ વર્ષે આ કાર્યક્રમમાં લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ફોર એડમિનિસ્ટ્રેશન-**LBSNAA**ના ૬૬૦ જેટલા પ્રશિક્ષણાર્થીઓ ભાગ લેવાના છે. સરદાર સાહેબના જીવન કવનને ઉજાગર કરતી નાટ્ય પ્રસ્તુતિ 'લોહપુરુષ' પણ આ પ્રસંગે નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા દ્વારા ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયના ઉપક્રમે રજૂ કરવામાં આવશે. પંકજ જોશી અને વિકાસ સહાયે ઉમેર્યું કે, આ વર્ષે પ્રકાશ પર્વ દિવાળી, નૂતન વર્ષ અને સરદાર સાહેબની જન્મજયંતિ ઉજવણીની ત્રિવેણીરૂપે રાજ્ય સરકાર દ્વારા ૧૭ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર દરમિયાન એકતાનગર ખાતે પ્રકાશ પર્વ અન્વયે દરરોજ સાંજે ૭થી ૧૧ વાગ્યા સુધી સૌંદર્યમય લાઈટિંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળી શકાશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### બિહારની સફળતા બાદ ચૂંટણી પંચનો મોટો નિર્ણય

# દેશભરના વધુ ૧૨ રાજ્યોમાં SIR નો બીજો તબક્કો શરૂ થશે

## મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે દિલ્હીમાં એક પત્રકાર પરિષદ યોજીને રાષ્ટ્રવ્યાપી SIR ના બીજા તબક્કાની શરૂઆતની જાહેરાત કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ચૂંટણી પંચ (Election Commission of India) દ્વારા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ના બીજા તબક્કાની મોટી જાહેરાત કરવામાં આવી છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું કે બિહારમાં ૭૫ મિલિયન (૭.૫ કરોડ) મતદારોની ભાગીદારી સાથે SIR ના સફળ અમલ પછી, હવે દેશભરના ૧૨ પસંદગીના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ સુધારણા પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. SIR નો મુખ્ય ઉદ્દેશ્ય પાત્ર મતદારોને ઉમેરવાનો અને અયોગ્ય કે ડુપ્લિકેટ નામોને યાદીમાંથી દૂર કરવાનો છે. આ અભિયાન માટે આજે (આજ રાત ૧૨ વાગ્યાથી) મતદાર યાદીઓ ફ્રીઝ કરવામાં આવશે અને BLO (બૂથ લેવલ ઓફિસર) દરેક ઘરની ઓછામાં ઓછી ૩ વખત મુલાકાત લેશે, જેમાં પ્રથમ તબક્કામાં કોઈ દસ્તાવેજની જરૂર નહીં પડે.

દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે છઠના શુભ અવસરે બિહારના ૭૫ મિલિયન (૭.૫ કરોડ) મતદારોનો આ પ્રક્રિયાને સફળ બનાવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. બિહારમાં SIR ના સફળ અનુભવની ચર્ચા તમામ ૩૬ રાજ્ય ચૂંટણી કમિશનરો સાથેની બેઠકોમાં કરવામાં આવી હતી, જેના આધારે હવે SIR નો બીજો તબક્કો દેશભરમાં વિસ્તૃત કરવામાં આવી રહ્યો છે. આ પહેલનો હેતુ છેલ્લી વખત ૨૧ વર્ષ પહેલાં હાથ ધરાયેલા સઘન સુધારા પછી મતદાર યાદીમાં જરૂરી ફેરફારો લાવવાનો છે, કારણ કે ૧૯૫૧ થી ૨૦૦૪ દરમિયાન આઠ વખત સુધારા થયા હોવા છતાં રાજકીય પક્ષો દ્વારા ખામીઓની ફરિયાદો ઊઠી હતી.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જાહેરાત કરી કે SIR નો બીજો તબક્કો ૧૨ પસંદગીના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શરૂ થશે. આ ઝુંબેશ માટે, જે રાજ્યોમાં સુધારણાનું આયોજન છે, ત્યાંની મતદાર યાદીઓ આજે (તાત્કાલિક અસરથી) રાત્રે ૧૨ વાગ્યે ફ્રીઝ કરવામાં આવશે. આ પ્રક્રિયાને અસરકારક બનાવવા માટે, દરેક મતદાન મથક પર એક BLO અને દરેક વિધાનસભા મતવિસ્તાર માં એક ERO (ચૂંટણી નોંધણી અધિકારી) તૈનાત કરવામાં આવશે. આજે બધા મતદારો માટે ગણતરી ફોર્મ (EF) છાપવામાં આવશે.

બીજા તબક્કામાં, ચૂંટણી પંચ ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIR ચલાવી રહ્યું છે. આ ૧૨ રાજ્યોમાં આંદામાન અને નિકોબાર ટાપુઓ, ગોવા, પુડુચેરી, છત્તીસગઢ, ગુજરાત, કેરળ, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને લક્ષદ્વીપનો સમાવેશ થાય છે.

BLO ની ૩ વખતની ગૃહ મુલાકાતઃ દસ્તાવેજ વિના નોંધણી

૩ વખતની મુલાકાતઃ દરેક BLO માહિતી એકત્રિત કરવા માટે દરેક ઘરની ઓછામાં ઓછી ૩ વખત મુલાકાત લેશે. આ મુલાકાતો દરમિયાન, BLO મતદારો સાથે મુલાકાત કરશે, યાદીમાં તેમના નામની પુષ્ટિ કરશે અને તેમને મતદાર સમાવેશ ફોર્મ પ્રદાન કરશે.




### ચક્રવાત મોન્થાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે

## ચક્રવાતને લઈ પીએમ મોદીએ સીએમ નાયડુ સાથે કરી વાત

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૮ ।

બંગાળની ખાડીમાં વિકસિત થઈ રહેલા ચક્રવાત મોન્થાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. IMD મુજબ, આ ચક્રવાતી વાવાઝોડું (હાલની ગતિ ૯૦-૧૦૦ kmph) આગામી ૨૪ કલાકમાં ગંભીર ચક્રવાતી તોફાન બની શકે છે, જે ૨૮ ઑક્ટોબરની સાંજે આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે ટકરાઈ શકે છે. તેની અસરથી ચેન્નાઈમાં હળવા ઝાપટાં શરુ થઈ ગયા છે, જે ધીમે ધીમે તીવ્ર બની શકે છે. IMD અનુસાર, મોન્થા ચક્રવાતી તોફાનને કારણે આંધ્ર પ્રદેશ, તેલંગાણા, ઓડિશા, છત્તીસગઢ અને તમિલનાડુમાં ૨૭થી ૩૦ ઑક્ટોબર સુધી ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. ચક્રવાતની તીવ્રતા વધવાની સંભાવનાને કારણે ભારતીય સેના હાઈ ઍલર્ટ પર છે. મોન્થા વાવાઝોડાંને પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ સાથે ફોન પર વાત કરી અને વાવાઝોડા વિશે પૂછપરછ કરી હતી. માહિતી ટેક્નોલૉજી મંત્રી નારા લોકેશને પ્રધાનમંત્રી કાર્યાલય(PMO) સાથે સંકલન કરવા માટે કહેવામાં આવ્યું છે. ભારતીય હવામાન વિભાગે બંગાળની ખાડીમાં બનેલા મોન્થા વોવાઝોડાના કારણે તમિલનાડુના ચાર ઉત્તરીય દરિયાકાંઠાના જિલ્લા ચેન્નાઈ, તિરુવલ્લુર, કાંચીપુરમ અને રાનીપેટ માટે ઑરેન્જ ઍલર્ટ જારી કર્યું છે.

### BCCI એ ટીમના ડોક્ટરને દેખરેખ માટે નિયુક્ત કર્યા

## શ્રેયસ અય્યર ICUમાંથી બહાર આવ્યો, મોટો ખતરો ટળ્યો

। (એજન્સી) સિડની, તા.૨૮ ।

ભારતીય વનડે ટીમના વાઈસ કેપ્ટન શ્રેયસ અય્યરને ઓસ્ટ્રેલિયા સામે ત્રીજી વનડે દરમિયાન ઈજા થઈ હતી, ત્યારબાદ તેને હોસ્પિટલમાં દાખલ કરાવવામાં આવ્યો હતો. હાલમાં ઓસ્ટ્રેલિયાના સિડનીમાં એક હોસ્પિટલના ICUમાં છે. આંતરિક રક્તસ્રાવ થતાં ઐયરને ICUમાં દાખલ કરવામાં આવ્યા હતા. ક્રિકબઝના રિપોર્ટ અનુસાર, અય્યરને આઈસીયૂમાંથી બહાર લાવવામાં આવ્યો છે. ૩૧ વર્ષીય બેટ્સમેનની હાલતમાં સુધારો થઈ રહ્યો છે અને સ્થિતિ સ્થિર હોવાનું કહેવાય છે. બીસીસીઆઈએ ટીમના ડોક્ટરને તેની દેખરેખ માટે નિયુક્ત કર્યા છે.

સિડની વનડે દરમિયાન શ્રેયસ અય્યરે ઓસ્ટ્રેલિયાના વિકેટકીપર એલેક્સ કેરીનો શાનદાર કેચ ઝડપ્યો હતો. આ કેચ તેણે બેકવર્ડ પોઈન્ટથી પાછળ ભાગતા પકડ્યો હતો. પરંતુ આ દરમિયાન બેલેન્સ ગુમાવવાને કારણે અય્યર પડી ગયો અને તેની પાંસળીમાં ઈજા થઈ હતી. આ ઘટના બાદ અય્યર મેદાન છોડી બહાર જતો રહ્યો હતો. ત્યારબાદ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

### આપણે આત્મનિરીક્ષણ કરતા રહેવું જોઈએ : રક્ષા મંત્રી

## સરહદ પર ગમે ત્યારે કંઈ પણ થઈ શકે છે : રક્ષા મંત્રી

### રાજનાથ સિંહે કહ્યું છે કે આપણે આત્મનિરીક્ષણ કરતા રહેવું જોઈએ અને યુદ્ધ જેવી સ્થિતિ માટે તૈયાર રહેવું જોઈએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ગયા મે મહિનામાં, ભારતે એક મોટું આતંકવાદ વિરોધી ઓપરેશન, ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું. અનેક આતંકવાદી ઠેકાણાઓનો નાશ કરવા ઉપરાંત, ભારતે આ ઓપરેશન દરમિયાન ૧૦૦થી વધુ આતંકવાદીઓને પણ માર્યા હતા. ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતા, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સોમવારે કહ્યું હતું કે ભારતે હંમેશા યુદ્ધ જેવી પરિસ્થિતિ માટે તૈયાર રહેવું જોઈએ. સંરક્ષણ પ્રધાને કહ્યું કે મે મહિનામાં પાકિસ્તાન સાથેના ચાર દિવસના લશ્કરી સંઘર્ષે સાબિત કર્યું કે સરહદ પર ગમે ત્યારે કંઈપણ થઈ શકે છે. એક કાર્યક્રમને સંબોધતા, રાજનાથ સિંહે કહ્યું કે જ્યારે ભારતે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનને યોગ્ય જવાબ આપ્યો હતો, ત્યારે આપણે આ ઘટનાને રાષ્ટ્રીય સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે ભવિષ્યની વ્યૂહરચના ઘડવા માટે કેસ સ્ટડી અને સાધન તરીકે જોવી જોઈએ.



સંરક્ષણ પ્રધાને કહ્યું કે, અમે દૃઢ નિશ્ચય સાથે મજબૂત પ્રતિક્રિયા આપી, અને આપણા દળો દેશની સરહદોનું રક્ષણ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. જો કે, વિશ્વમાં અનિશ્ચિતતાઓ વધી ગઈ છે. આપણે આત્મનિરીક્ષણ કરતા રહેવું જોઈએ. તેમણે વધુમાં કહ્યું કે, ઓપરેશન સિંદૂરને એક કેસ સ્ટડી તરીકે જોવું જોઈએ જેમાંથી આપણે શીખી શકીએ છીએ અને આપણા ભવિષ્યને ઘડી શકીએ છીએ. આ ઘટનાએ ફરી એકવાર આપણને બતાવ્યું છે કે આપણી સરહદો પર, ગમે ત્યાં, ગમે ત્યારે કંઈ પણ થઈ શકે છે.

સંરક્ષણ મંત્રીએ કહ્યું કે આપણે યુદ્ધ જેવી પરિસ્થિતિ માટે તૈયાર રહેવું જોઈએ, અને આપણી તૈયારી આપણા પોતાના પાયા પર આધારિત હોવી જોઈએ. આ કાર્યક્રમમાં, સંરક્ષણ મંત્રીએ ભાર મૂક્યો કે આજે સંરક્ષણ ક્ષેત્ર અને યુદ્ધમાં જે ફેરફારો થઈ રહ્યા છે તેનો સામનો ફક્ત સ્વદેશી સાધનો દ્વારા જ કરી શકાય છે. તેમણે કહ્યું કે, આજે સમગ્ર વિશ્વ ઘણા સ્તરે પરિવર્તનોમાંથી પસાર થઈ રહ્યું છે. અગાઉ સ્થાપિત વિશ્વ વ્યવસ્થા બદલાઈ રહી છે, પછી ભલે તે યુક્રેન હોય, મધ્ય પૂર્વ હોય કે આફ્રિકા. ઘણા પ્રદેશોમાં સંઘર્ષના ક્ષેત્રો વધી રહ્યા છે. આ પરિસ્થિતિઓમાં, ભારત માટે તેની સુરક્ષા અને વ્યૂહરચનાને ફરીથી વ્યાખ્યાયિત કરવી અત્યંત જરૂરી બની ગયું છે.

રાજનાથ સિંહે વધુમાં કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન, વિશ્વએ આકાશ મિસાઈલ સિસ્ટમ, બ્રહ્મોસ, આકાશતીર એર ડિફેન્સ કંટ્રોલ સિસ્ટમ અને અન્ય સ્વદેશી સાધનોની પરાક્રમ જોયુ. રાજનાથ સિંહે કહ્યું કે સરકાર સંરક્ષણ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે સમાન તકો પૂરી પાડી રહી છે, અને ઉદ્યોગોએ આ તકનો સંપૂર્ણ લાભ લેવો જોઈએ.



મહારાષ્ટ્રના મુંબઈમાં માઝગાંવ ડોક ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા ઉદ્ઘાટન થનારા ઊંડા સમુદ્રમાં માછીમારી જહાજોનો એક દૃશ્ય.

## નીતિશ કુમાર જ NDAના CM પદના ચહેરા, મારા ધારાસભ્યો કરશે સમર્થન

। (એજન્સી) લખનૌ, તા.૨૮ ।

લોજપા (રામવિલાસ)ના પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને આગામી ચૂંટણીઓમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (NDA)ના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે નીતિશ કુમારને ખુલ્લું સમર્થન આપ્યું છે. ચિરાગ પાસવાને સ્પષ્ટ કર્યું કે તેમના બધા ધારાસભ્યો નીતિશ કુમારને જ મુખ્યમંત્રી બનાવવા માટે ટેકો આપશે. આ ઉપરાંત ચિરાગ પાસવાને વધુમાં કહ્યું કે, વર્ષ ૨૦૨૦માં તેઓ એકલા લડ્યા હતા ત્યારે પણ NDAએ સરકારની રચના કરી હતી, પરંતુ હવે તો NDA પહેલાં કરતાં પણ વધારે મજબૂત છે અને આ પાંચ પક્ષોનું એક સ્ટ્રોંગ વિનિંગ કૉમ્બિનેશન છે.

આ સાથે જ ચિરાગ પાસવાને મહાગઠબંધન પર જોરદાર પ્રહારો કર્યા. તેમણે મહાગઠબંધનના સીએમ ચહેરા અને આરજેડી નેતા તેજસ્વી યાદવ પર વકફ બિલને લઈને મુસ્લિમોને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો.

વકફ બિલ વિશે ચિરાગ પાસવાને સ્પષ્ટતા કરી કે, આ બિલ કેન્દ્ર સરકારે પસાર કર્યું છે અને તેને ફાડવાથી કોઈ અસર નહીં થાય. તેમણે મહાગઠબંધન પર સવાલ ઉઠાવતા કહ્યું કે, તેજસ્વી યાદવની પાર્ટી મુસ્લિમ સમાજને માત્ર વોટબેંક તરીકે ઉપયોગમાં લે છે, કારણ કે ગઠબંધનમાં મુસ્લિમ પ્રતિનિધિત્વનો અભાવ છે. આ સાથે જ ચિરાગ પાસવાને પ્રશ્ન કર્યો કે, શા માટે તેજસ્વીના પરિવાર સિવાય અન્ય કોઈ યાદવ મુખ્યમંત્રી ન બની શકે? જ્યારે નાયબ મુખ્યમંત્રીની ઘોષણા થઈ.

## અયોધ્યામાં પરિપૂર્ણ થયું રામ મંદિરનું નિર્માણ કાર્ય

। (એજન્સી) અયોધ્યા, તા.૨૮ ।

અયોધ્યામાં આવેલું હિંદુ ધર્મનું પવિત્ર તીર્થસ્થળ રામ જન્મભૂમિ મંદિરનું નિર્માણકાર્ય પૂર્ણ થયું છે. આશરે ૫૦૦ વર્ષની રાહ જોયા બાદ અયોધ્યા રામ મંદિર હવે સંપૂર્ણપણે તૈયાર થઈ છે. વર્ષ ૨૦૨૦માં મંદિરના નિર્માણનું કાર્ય શરુ થયું હતું, જેનું ઉદ્ઘાટન ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ માં થયું હતું, પરંતુ કેટલુંક બાંધકામ ચાલુ હતું. જોકે, હવે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, અયોધ્યામાં રામ મંદિર નિર્માણકાર્ય સાથે જોડાયેલ તમામ કાર્ય પૂર્ણ થઈ ગયું છે, જેમાં મુખ્ય મંદિર, ભગવાન શિવ, ભગવાન ગણેશ, ભગવાન હનુમાન, સૂર્યદેવ, દેવી ભગવતી, દેવી અન્નપૂર્ણા અને શેષાવતારના છ કિલ્લાવાળા મંદિરોનો સમાવેશ થાય છે. રામ મંદિરના બાંધકામ પૂર્ણ થયા પછી કિલ્લાની દિવાલની અંદર છ મંદિરોમાં ધ્વજદંડ અને કળશ સ્થાપિત કરવામાં આવ્યા છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્રના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આ પોસ્ટ શેર કરવામાં આવી છે અને કહેવામાં આવ્યું છે કે, પ્રભુ શ્રી રામના તમામ ભક્તોને જણાવતા આનંદ થાય છે કે, મંદિરનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. આ ઉપરાંત સપ્ત મંડપનું બાંધકામ એટલે કે મહર્ષિ વાલ્મીકિ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, મહર્ષિ અગસ્ત્ય, નિષાદરાજ, શબરી અને ઋષિની પત્ની અહલ્યાના મંદિરોનું બાંધકામ પણ પૂર્ણ થઈ ગયું છે. સંત તુલસીદાસજીનું મંદિર પણ પૂર્ણ થઈ ગયું છે. જટાયુ અને ખિસકોલીની મૂર્તિઓ પણ સ્થાપિત થઈ ચૂકી છે.

### બે નવેમ્બરે સતિશ ધવન સ્પેસ સેન્ટર પરથી લોન્ચ થશે

## ભારતનો સૌથી મોટો કમ્યુનિકેશન સેટેલાઇટ લોન્ચ માટે તૈયાર

। (એજન્સી) પૂણે, તા.૨૮ ।

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) દ્વારા ભારતની સૌથી મોટી કમ્યુનિકેશન સેટેલાઈટ CMS-03 હવે લોન્ચ માટે તૈયાર છે. આ સેટેલાઈટને LVM3 રોકેટની મદદથી લોન્ચ કરવામાં આવી રહી છે. આ મિશનને બે નવેમ્બરે સતિશ ધવન સ્પેસ સેન્ટર પરથી લોન્ચ કરવામાં આવશે. આ સ્પેસ સ્ટેશન શ્રીહરિકોટામાં આવેલું છે. LVM3 રોકેટનું આ પાંચમું ઓપરેશન છે. આ સેટેલાઈટ દ્વારા ભારતની ડિજિટલ કનેક્ટિવિટીને વધુ સારી રીતે વિકસિત કરવામાં આવી રહી છે. CMS-03 એક કમ્યુનિકેશન સેટેલાઈટ છે. આ એક મલ્ટીબેન્ડ કમ્યુનિકેશન સેટેલાઈટ છે જેની મદદથી ભારતના દરેક ખૂણામાં એની સર્વિસને પહોંચાડી શકાશે. આ સેટેલાઈટનું વજન અંદાજે ૪૪૦૦ કિલોગ્રામ છે. ભારતની જમીન પરથી લોન્ચ કરવામાં આવેલી આ અત્યાર સુધીની સૌથી મોટી અને વજનદાર સેટેલાઈટ છે જેને જીયોસિંક્રોનસ ટ્રાન્સફર ઓરબિટમાં મોકલવામાં આવી રહી છે. આ એડવાન્સ સેટેલાઈટને ખાસ ડિઝાઈન કરવામાં આવી છે. એનાથી ભારતભરના દરેક ખૂણા અને દરિયામાં પણ એની સર્વિસ પહોંચાડવામાં આવશે. CMS-03 સેટેલાઈટ દ્વારા ભારતમાં ડિજિટલ કનેક્ટિવિટીમાં ખૂબ જ વધારો કરવામાં આવી રહ્યો છે. એના દ્વારા સિવિલ, સ્ટ્રેટેજિક અને મેરિટાઈમ જેવા દરેક ક્ષેત્રમાં એનો ઉપયોગ કરવામાં આવશે. એક વાર આ સેટેલાઈટ કામ કરતું શરૂ થશે ત્યાર બાદ ભારતની કમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધુ શક્તિશાળી બનશે. એના દ્વારા ભારતના નાના-નાના ગામડાઓમાં પણ સર્વિસ પહોંચાડી દેવામાં આવશે. આ મિશન દ્વારા LVM3 રોકેટ કેવી રીતે કામ આવી શકે એ વિશે પણ જાણવા મળી રહ્યું છે. આ રોકેટ હવે કમર્શિયલ સેટેલાઈટ લોન્ચર પણ બની શકે છે.૨૦૨૩ની જુલાઈમાં ચંદ્રયાન ૩ની સફળતા બાદ LVM3 ખૂબ જ ચર્ચામાં રહ્યું હતું.

### દિલ્હીમાં ચોંકાવનારો કેસ

## ૨૧ વર્ષની ફોરેન્સિક સ્ટુડન્ટે બોયફ્રેન્ડની હત્યા કરી સળગાવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

દિલ્હીના તિમારપુર વિસ્તારમાં લાગેલી આગમાં એક રૂમ ખાખ થઈ ગયો હતો, હવે આ આગે એક એવા ચોંકાવનારા ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે, જેને જાણીને પોલીસ પણ ચોંકી ગઈ છે. તપાસમાં સામે આવ્યું કે આ દુર્ઘટના નહીં પરંતુ ષડયંત્રપૂર્વક કરેલી હત્યા હતા. આ ખતરનાક ષડયંત્રની માસ્ટરમાઈન્ડ તે યુવતી નીકળી જે ખુદ ગુનો ઉકેલવાનો અભ્યાસ કરી રહી હતી.

બીએસસી ફોરેન્સિક સાયન્સની આ છાત્રા, ક્રાઈમ વિજ્ઞાનના પુસ્તકોનો અભ્યાસ કરી લોકોને ન્યાય અપાવવાનું કામ કરવાની હતી, પરંતુ હવે તે ખુદ કઠેડામાં ઉભી છે. ઉત્તર દિલ્હીના તિમારપુર વિસ્તારમાં બનેલી સનસનાટીભર્યા હત્યાના સંદર્ભમાં દિલ્હી પોલીસે ત્રણ લોકોની ધરપકડ કરી છે. તેમાં ૨૧ વર્ષીય અમૃતા ચૌહાણ પણ સામેલ છે, જે બીએસસી ફોરેન્સિક સાયન્સની વિદ્યાર્થીની છે. તેણીએ તેના પરિચિત ૩૨ વર્ષીય રામકેશ મીણા, જે યુપીએસસીની તૈયારી કરતો હતો, તેનું ગળું દબાવીને હત્યા કરવાનું કાવતરું ઘડ્યું હતું અને પછી તેને આગ લગાવી દીધી હતી.

ડીસીપી રાજા બંઠિયાએ જણાવ્યું હતું કે ૬ ઓક્ટોબરની રાત્રે તિમારપુરમાં એક ઈમારતના ચોથા માળે આગ લાગી હોવાની જાણ થઈ હતી. જ્યારે ફાયર બ્રિગેડ પહોંચી ત્યારે તેમને રાખના ઢગલામાં એક સળગેલી લાશ મળી આવી. શરૂઆતમાં, તે અકસ્માત હોવાનું માનવામાં આવતું હતું, પરંતુ ફોરેન્સિક તપાસમાં એક અલગ જ વાત બહાર આવી. સીસીટીવી ફૂટેજમાં બે માસ્ક પહેરેલા પુરુષો અને બાદમાં એક યુવાન અને એક મહિલા ઈમારત છોડીને જતા જોવા મળ્યા. આનાથી પોલીસની શંકા વધુ ઘેરી બની હતી.

તો મૃતકના પરિવારે ઘટનાને શંકાસ્પદ ગણાવી તો પોલીસે કોલ ડિટેલની તપાસ કરી હતી. તેમાં સામે આવ્યું કે અમૃતા ચૌહાણનું નામ, જેનું મોબાઈલ કોલેશન ઘટાની રાત્રે તે વિસ્તારમાં હતું. ત્યારબાદ મામલો આગકાંડથી હત્યામાં બદલાઈ ગયો.

## તંત્રી લેખ...

# BMW ખરીદીના વિવાદમાં લોકપાલ ઓફિસ ફસાઇ ગઇ

જે લોકપાલ નીમવા માટે અણ્ણા હજારે, અરવિંદ કેજરીવાલ ઇત્યાદિએ (એક થિયર મુજબ આડકતરી રીતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે પણ)આંદોલન કરીને વાહ વાહ લૂંટીને દેશનું ધ્યાન ખેંચ્યું હતું. આ જ લોકપાલની ઓફિસ આજકાલ વિવાદમાં છે. ઈન્ડિયા અગેન્સ્ટ કરપ્શન જેવા ટાઇટલ હેઠળ ચલાવેલા આંદોલન દરમિયાન લોકપાલની નિમણૂકનું મહત્ત્વ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું. આંદોલનના પગલે નિમાયેલા લોકપાલની ઓફિસ સામે જ આજે ભ્રષ્ટાચારના આક્ષેપો થઇ રહ્યા છે. બિહારની ચૂંટણીઓ પૂર્વે વિરોધ પક્ષોના હાથમાં નવો મુદ્દો આવી ગયો છે.

લોકપાલની ઓફિસે બીએમડબલ્યુ ૩૩૦ ન્ૈ (લોંગ વ્હીલ બેઝ) લકઝરી કાર ખરીદવા પ્રયાસ કરતાં તે વિવાદના સાણસામાં પકડાઇ ગઇ છે. જે હોદ્દાને દેશમાં સન્માનથી જોવામાં આવી રહ્યો છે તેની કામગીરી સામે જ આંગળી ચિંધાઈ રહી છે. કોંગ્રેસના સાંસદ જયરામ રમેશે લોકપાલ પર 'શોકપાલ'નું લેબલ માર્યું છે. જયરામ રમેશે કહ્યું હતું કે લોકપાલનું કામ શું છે? તેમણે કેટલા લોકોની ધરપકડ કરી? કેટલી તપાસો કરી?

વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે લોકપાલેની ઓફિસે બીએમડબલ્યુ કાર ખરીદવા માટે ટેન્ડર બહાર પાડયું. કોગ્રેસના નેતા પી. ચિદમ્બરમે કહ્યું હતું તે સુપ્રીમ કોર્ટના જજને લકઝરી કાર અપાય છે, પરંતુ લોકપાલને લકઝરી કારનો ઉપયોગ કરતા અટકાવવા જોઈએ. સુપ્રીમ કોર્ટના જજને આધુનિક સેડન કાર આપવામાં આવી છે માટે લોકપાલના સભ્યો આ ડિમાન્ડ કરી રહ્યા છે.

લોકપાલના ચેરમેન અને તેમના છ સભ્યો ક્યાં કારણો બતાવીને લકઝરી કાર બીએમડબલ્યુ માંગે છે એવા પ્રશ્નો પૂછાઇ રહ્યા છે. ચિદમ્બરમને તો વિરોધ કરવાની મજા પડી ગઇ છે. તેઓ લખે છે કે ઓટોમોબાઈલ માર્કેટમાં ચાલતા ભાવ અનુસાર એક બીએમડબલ્યુની કિંમત અંદાજે ૬૦ લાખ રૂપિયા છે. લોકપાલના ચેરમેન અને સભ્યો શા માટે પ્રજાનો પૈસો વેડફવો જોઈએ એવો સવાલ તેઓ કરે છે.

કારના ભાવ લોકપાલની ઓફિસમાં મોકલવાની છેલ્લી તારીખ ૭ નવેમ્બર છે. એમ લાગે છે કે ત્યાં સુધીમાં તો વિરોધ પક્ષ લોકપાલને બદનામ કરી નાખશે. અહેવાલો અનુસાર, લોકપાલે પાંચ કરોડના ખર્ચે સાત બીએમડબલ્યુ ખરીદવાની તૈયારી કરી છે. આ કારો ઓફિસમાં આવી જશે પછી ડ્રાઈવરોને અઠવાડીયા સુધી તે ચલાવવાની તાલીમ આપવાનો પ્લાન છે. દેખીતી રીતે જ લોકપાલની ઓફિસ પોતાના માટે ટ્રાન્સપોર્ટની સવલતો વધારવા માગે છે.

લોકપાલ એક સ્વતંત્ર ભ્રષ્ટાચાર વિરોધી સત્તા છે, જેનું કામ લોકોનાં હિતોની રક્ષા કરવાનું તેમજ રાષ્ટ્રીય સ્તરના ભ્રષ્ટાચારના આક્ષેપોની તપાસ કરવાનું છે. ૨૦૧૩માં લોકપાલ અને લોકાયુક્ત એક્ટને આકાર આપવામાં આવ્યો હતો. ૨૦૧૦માં સોશિયલ વર્કર અન્ના હઝારેના નેતૃત્વ હેઠળ જનલોકપાલ આંદોલન કરાયું ત્યાર બાદ લોકપાલ એક્ટ તૈયાર કરાયો હતો.

લોકપાલ એને અપાયેલી સત્તા હેઠળ વડાપ્રધાન, કેન્દ્રીય પ્રધાનો તેમજ કેન્દ્ર સરકારના અધિકારીઓ સામેના આક્ષેપોની તપાસ કરી શકે છે. સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જસ્ટીસને લોકપાલ તરીકે નીમવામાં આવે છે. વર્તમાન લોકપાલ તરીકે ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ અજય માણિકરાવ ખાનવીલકર કાર્યરત છે. અનેક લોકોનું એવું માનવું છે કે લોકાયુક્તની ઓફિસને નાહકની વિવાદમાં ઢસેડવામાં આવી છે, કેમ કે બંધારણીય સત્તા ધરાવતી ઓફિસો પાસે લકઝરી કાર હોવું સામાન્ય બાબત છે. સાદાઈથી રહેવાની કે ઓફિસના ખર્ચામાં કરકસર કરવાની સલાહ કોઈને અપાય તેમ નથી.

# ધાર્મિક નારાઓ વિશે હવે આઝમ ખાન સલાહ આપે છે

જેલમાં સજા કાપી આવેલા સમાજવાદી પક્ષના નેતા અને ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મંત્રી આઝમ ખાનને એકાએક જ્ઞાન લાધ્યું છે. નવાઈની વાત એ છે કે એક સમયએ કોંગ્રેસમાં મોટુ સ્થાન ધરાવતા એડવોકેટ કપીલ સિબ્બલએ આઝમ ખાનની મુલાકાત લીધી છે. આઝમ ખાનએ કહ્યું છે કે, 'મે વિધાનસભામાં પહેલાં પણ કહ્યું હતું કે જો કોઈ નારા - એ - તકબીર અલ્લાહ હુ અકબરનો નારો એટલા માટે લગાવે કે બાજુમાં સુતેલું બાળક ઉઠી જાય અને ભય ફેલાય તો હું કહીશ કે આ નારો ઈસ્લામનો નથી. એજ રીતે જો કોઈ હર હર મહાદેવનો નારો લગાવે અને ડર ફેલાવવાની કોશિષ કરે તો પણ હું કહીશ કે આ ધર્મનો નારો નથી. આ વિચારીને જ અમે સમાજવાદી પાર્ટી બનાવી હતી.'

જમ્મુ-કાશ્મીરથી ચૂંટાયેલા આપના ધારાસભ્ય મેહરાજ મલિકના કહેવા પ્રમાણે રાજ્યસભાની ચૂંટણીમાં એમણે નેશનલ કોન્ફરન્સના ઉમેદવારને મત આપ્યો હતો. એમની સામે એવો આક્ષેપ થાય છે કે એમણે ભાજપના પક્ષમાં મતદાન કર્યું હતું. મલિક હમણા કઠુઆ જેલમાં કેદ છે. મલિકના કહેવા પ્રમાણે નેશનલ કોન્ફરન્સને મત આપ્યા પછી પણ કેટલાક નેતાઓ એમની પૂછપરછ કરી રહ્યા છે. આ બેશરમીની હદ છે. એમણે કહ્યું હતું કે નેશનલ કોન્ફરન્સ ચોથી રાજ્યસભાની બેઠક જીતવા માટે ગંભીર નહોતી. એમણે મારો સંપર્ક કર્યો નહોતો અને એમની સર્વસંમતી બનાવવાની ઈચ્છા પણ નહોતી. આમ છતા મે એમને મત આપ્યો હતો. પક્ષનેતાએ એમને મળીને સોશ્યલ મીડિયા પર એમનું નિવેદન અપલોડ કર્યું છે. જે લોકો ભાજપ વિરોધી હોવાનો દાવો કરે છે એમણે જ ઉમેદવાર સત શર્મા સાથેની દોસ્તી સાબિત કરી છે.

લોરેન્સ બિશ્નોઇ ગેંગના ખાસ ગેંગસ્ટર લખવિંદર ઉર્ફ લાખાને અમેરિકાથી ડીપોર્ટ કરીને ભારત લાવવો હરિયાણા પોલીસની મોટી સફળતા મનાઈ રહી છે. ગેંગસ્ટર અનમોલ બિશ્નોઇના ઈશારે હરિયાણા અને પંજાબમાં ખંડણીનું નેટવર્ક ચલાવનાર ગેંગસ્ટર સામે ૧૩૦ થી વધારે કેસ દાખલ થયા છે. એમ મનાય છે કે, ગેંગસ્ટર લખવિંદરકુમાર ઉર્ફે લાખાને ભારત પરત લાવવો એ સમગ્ર ભારત પોલીસ માટે મોટી સફળતા ગણાય છે. હરિયાણાના ડીજીપી ઓપી સિંહે ટાસ્કફોર્સની સફળતા માની છે. ડીજીપીના કહેવા પ્રમાણે સીબીઆઈના કોઓર્ડીનેશનમાં ચલાવવામાં આવેલા એક આંતરરાષ્ટ્રીય ઓપરેશનને કારણે લાખાને અમેરિકાથી ડીપોર્ટ કરવામાં આવ્યો છે. આ પ્રક્રિયા પુરી કરવા માટે લગભગ ૧ વર્ષનો સમય લાગ્યો છે. લાખાનો ક્રિમીનલ રેકોર્ડ ખૂબ મોટો છે. હરિયાણા અને પંજાબમાં એની સામે અસંખ્ય ફરિયાદો થઈ છે.

હવાલાના ત્રણ કરોડ રૂપિયાની લૂંટ ચલાવવાના કેસની મુખ્ય આરોપી એસડીઓપી (સબ ડિવિઝનલ પોલીસ ઓફિસર) પૂજા પાંડેને જામીન આપવા જિલ્લા કોર્ટે ઈન્કાર કર્યો છે. જામીનની સુનાવણી દરમિયાન પૂજા પાંડેના બે વર્ષના પુત્રનો ઉલ્લેખ કરીને સુપ્રિમ કોર્ટના ચૂકાદાઓ ટાંકવામાં આવ્યા હતા. એવી દલીલ થઈ હતી કે, બાળકને સારૂ વાતાવરણ મળે એ એનો મૂળભૂત અધિકાર છે.

એસડીઓપી પૂજા પાંડે હવાલાના ત્રણ કરોડ રૂપિયા લૂંટની મૂખ્ય આરોપી છે. એસડીઓપીની રેન્ક ડીવાયએસપીની સમકક્ષ ગણાય છે. આ ઘટનાએ સીવની વિસ્તારમાં ચકચાર જગાડી હતી. ઉચ્ચ રેન્ક ધરાવતી મહિલા પોલીસ અધિકારી સામે લૂંટનો ગુનો દાખલ થાય એવા કિસ્સાઓ ભાગ્યે જ બને છે.

લેહમા થયેલી હિંસા પછી જેલ ભેગા કરાયેલા કાર્યકર્તા સોનમ વાંગચૂકની પૂછપરછ ત્રણ સભ્યોની બનેલી એડવાઈઝરી બોર્ડએ કરી હતી. વાંગચૂકનું કહેવું હતું કે, એમના નિવેદનોનો ખોટો અર્થ કાઢીને એને વિકૃત રીતે રજૂ કરવામાં આવ્યા હતા. આ પૂછપરછ દરમિયાન સોનમ વાંગચૂકના પત્ની ગીતાંજલી આંગમો પણ હાજર રહ્યા હતા. ગીતાંજલીના જણાવ્યા પ્રમાણે સોનમ વાંગચૂકએ કહ્યું હતું કે, કઈ રીતે એમને ગેરકાયદેસર રીતે એનએસએના કાયદા હેઠળ જેલમાં મોકલવામાં આવ્યા છે.

**ઇઝરાયેલ અને હમાસ દ્વારા શાંતિ જાળવવાની, હથિયારો સોંપવાની અને સેના પાછી લેવાની સમજુતી કરાઇ છે પણ તે પરિપૂર્ણ થશે કે નહીં તે સવાલ**

# ગાઝાસમજૂતી: ખરેખર શાંતિ સ્થપાશે કે પ્રસિદ્ધિ માટે ટ્રમ્પનું વધુ એક તૂત...

**પહેલા તબક્કામાં ઇઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ ગાઝામાંથી પાછા ખસવાનું શરૂ કરશે અને સહમતી રેખા સુધી પાછા જતા રહેશે, બીજી તરફ હમાસ દ્વારા ઇઝરાયેલના કેટલાક બંધકોને મુક્ત કરવામાં આવશે : ઇઝરાયેલ જણાવે છે કે, તેને હમાસની શરતો માનવાની અને બંધકોને છોડવાની વાત ઉપર વિશ્વાસ નથી. બીજી તરફ હમાસ પણ ઇઝરાયેલ શાંત રહે તે વાત સ્વીકારવા તૈયાર નથી : ગાઝામાં હોસ્પિટલો, ખેતી, બજારો, મકાનો, યુનિવર્સિટીઓ, કોલેજો બધું જ નષ્ટ થઈ ગયું છે**

પહેલા તબક્કામાં ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ ગાઝામાંથી પાછા ખસવાનું શરૂ કરશે અને સહમતી રેખા સુધી પાછા જતા રહેશે, બીજી તરફ હમાસ દ્વારા ઈઝરાયેલના કેટલાક બંધકોને મુક્ત કરવામાં આવશે : ઈઝરાયેલ જણાવે છે કે, તેને હમાસની શરતો માનવાની અને બંધકોને છોડવાની વાત ઉપર વિશ્વાસ નથી. બીજી તરફ હમાસ પણ ઈઝરાયેલ શાંત રહે તે વાત સ્વીકારવા તૈયાર નથી : ગાઝામાં હોસ્પિટલો, ખેતી, બજારો, મકાનો, યુનિવર્સિટીઓ, કોલેજો બધું જ નષ્ટ થઈ ગયું છે. ગાઝાના 90 ટકા મકાનો ક્ષતિગ્રસ્ત છે અથવા નષ્ટ થઈ ગયા છે. આ યુદ્ધમાં 67,000 લોકોનાં મોત થયા છે. 1.70 લાખથી વધારે લોકો ઈજાગ્રસ્ત થયા છે



ઈઝરાયેલ અને હમાસ વચ્ચે સાતમી આક્ટોબર ૨૦૨૩થી ચાલી રહેલા યુદ્ધમાં આખરે શુક્રવારે યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી હતી. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ૨૦ મુદ્દાના પ્રસ્તાવો પરનો યુદ્ધવિરામ કરાર ગાઝામાં અમલમાં આવ્યો હતો. જો કે, ઉત્તરી ગાઝામાં ભારે ગોળીબારના અહેવાલો સામે આવતા શાંતિ સ્થાપિત થવા અંગે શંકાઓ ઊભી થઈ છે. ઈઝરાયલ ડિફેન્સ ફોર્સિસ (ૈંઘખ) એ જાહેરાત કરી હતી કે હમાસ સાથેના યુદ્ધવિરામ કરાર બાદ તેમના સૈનિકો ગાઝામાંથી પાછા ફરી રહ્યા છે. યુદ્ધવિરામ કરાર બાદ એવી આશા છે કે તે ગાઝામાં અસ્થિરતા અને વધતી જતી માનવતાવાદી કટોકટીને અટકાવીને શાંતિ તરફનું એક સકારાત્મક પગલું હોઈ શકે છે. જો કે, યુદ્ધવિરામ કરારની શરતો અને તેના અમલીકરણની વિગતો હજુ સુધી સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ નથી. અમેરિકાની મધ્યથી થકી થયેલી સમજૂતી પ્રમાણે ઈઝરાયેલની કેબિનેટની મંજૂરી મળ્યાના ૨૪ કલાકમાં આ શાંતિ યોજના ઈઝરાયેલ અમલી બનાવશે. તેના ભાગરૂપે ઈઝરાયેલ શુક્રવાર કે શનિવારથી હુમલા રોકશે.

ઈઝરાયેલના હુમલા રોક્યાના ૭૨ કલાક પછી હમાસ ૨૦ અપહૃતોને મુક્ત કરશે. ઉલ્લેખનીય છે કે, હમાસે આ અપહ્યતોને ૭મી ઓક્ટોબર ૨૦૨૩ના રોજ કરેલા હુમલામાં ઉઠાવ્યા હતા. ઈઝરાયેલ પણ લગભગ બે હજારથી વધારે પેલેસ્ટાઈનીઓને છોડશે. આ સમાધાનને ગાઝા યુદ્ધ ખતમ કરવાની દિશામાં પ્રથમ પગલું માનવામાં આવે છે. પ્રમુખ ટ્રમ્પના ૨૦ સૂત્રીય પ્લાનને લઈને હજી પણ ઘણી બધી બાબતો પર અસંમતિ છે, પરંતુ તેના પ્રથમ તબક્કાના અમલને લઈને ઈઝરાયેલ અને હમાસ સંમત થઈ ગયા છે. જ્યારે બાકીની બાબતો પર ચર્ચા શાંતિ યોજનાના પ્રથમ તબક્કાનું સફળ અમલીકરણ સુનિશ્ચિત કરશે. આ દરમિયાન ઈઝરાયેલે અગાઉ જેમ અપહ્યતોને છોડવામાં આવ્યા હતા તેની સામે નારાજગી વ્યક્ત કરી હતી. તેથી આ વખતે અપહૃતોને હમાસ સન્માનજનક રીતે છોડશે અને તેના પ્રોપગેન્ડાનો કોઈપણ રીતે પ્રચાર નહીં કરે તે પૂર્વશરત રાખવામાં આવી છે.

ઈઝરાયેલ અને ગાઝાના આ સમાધાન વિશે લોકોના મનમાં શંકા છે. ખાસ કરીને આ બંને દેશોના લોકોના જ મનમાં અનેક સવાલો ઊભો થઈ રહ્યા છે. ખાસ કરીને બંને દેશોના લોકોને જ એક તરફ આનંદ છે તો બીજી તફ શંકા છે કે, આ ડીલ લાંબો સમય ચાલશે કે નહીં. બંને દેશો એકબીજાની શરતોને આધિન રહીને કામગીરી કરશે તેના વિશેની ખાતરી માગવામાં આવી રહી છે. ઈઝરાયેલ જણાવે છે કે, તેને હમાસની શરતો માનવાની અને બંધકોને છોડવાની વાત ઉપર વિશ્વાસ નથી. બીજી તરફ હમાસ પણ ઈઝરાયેલ શાંત રહે તે વાત સ્વીકારવા તૈયાર નથી. ખરેખર આ શાંતિ સ્થપાવાની શરૂઆત થઈ તો આગળ શું થશે તે જાણવા જેવું તો છે. બંને દેશો કેટલા દિવસ સુધી શાંત રહે છે અને સ્થિતિ કાબુમાં રહે છે તે આગળ ખબર પડશે.

દુનિયાના મોટાભાગના દેશો દ્વારા ગાઝા અને ઈઝરાયેલના આ પગલાને આવકારવામાં આવ્યું છે. હવે ખાસ વાત એ છે કે, આ સમજુતી ક્યારે અમલમાં આવશે અને તેમાંથી કેટલા મુદ્દા ઉપર અમલ થશે. અત્યાર સુધીના બંનેના યુદ્ધને કારણે ૬૭,૦૦૦થી વધારે લોકોનાં મોત થઈ ગયા છે. લાખો લોકો બેઘર થઈ ગયા છે. આંતરરાષ્ટ્રીય સંગઠનો ઈઝરાયેલી કામગીરીને નરસંહાર ગણાવી રહી છે. હવે ખરેખર એ જ જોવાનું છે કે, આગળ શું થાય છે. બંને દેશો વચ્ચે સહમતી તો બની ગઈ છે પણ આ શાંતિ યોજનાનો પહેલો તબક્કો કેટલો ઝડપી અમલમાં આવે છે અને કેટલો અસરકારક સાબિત થાય છે તે જોવાનું રહેશે.

પહેલા તબક્કાની શરતોની વાત કરીએ તો બંને દેશોએ રજૂઆત કરી છે કે, તેમના કેદીઓને ઝડપથી મુક્ત કરવામાં આવે. એક તરફ હમાસ ઈઝરાયેલના બંધકોને મુક્ત કરશે અને બીજી તરફ ઈઝરાયેલ હમાસના કેદીઓને જવા દેશે. ઈઝરાયેલે આ કેદીઓને ગાઝા શહેરમાંથી જ પકડયા હતા. તે ઉપરાતં એવી પણ સહમતી સાધવામાં આવી છે કે, તબક્કાવાર રીતે ઈઝરાયેલ દ્વારા પોતાના સૈનિકોને પરત બોલાવવામાં આવશે. બંને દેશો વચ્ચે નક્કી થયેલી સહમતીની સરહદ ઉપરથી આ સૈનિકો પાછા જતા રહેશે. ઉલ્લેખનીય છે કે, હજી પણ ગાઝા શહેર અને ઈઝરાયેલ વચ્ચેની સહમતી રેખાને સ્પષ્ટ રીતે નક્કી કરવામાં આવી નથી કે જાહેર કરવામાં આવી નથી. એ વાત નક્કી છે કે, ઈઝરાયેલના સૈનિકો ગાઝા શહેરની બહાર નીકળી જશે. તેઓ ગાઝા શહેરની બહાર એવા સ્થાને અડિંગો જમાવશે જ્યાંથી તેઓ ગાઝા શહેર ઉપર નજર રાખી શકે.

એક અહેવાલ પ્રમાણે અમેરિકા દ્વારા દાવો કરાઈ રહ્યો છે કે, ઈઝરાયેલ અને હમાસ વચ્ચે બધું જ ગોઠવાઈ ગયું છે અને તેઓ તમામ રીતે શાંતિ જાળવવા માટે સહમત થઈ ગયા છે. વાસ્તવિકતા તેનાથી જુદી છે. હજી ઘણા મુદ્દા એવા છે જેના માટે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ગંભીર મતભેદ સર્જાયેલા છે. ઘણા મહત્ત્વના મુદ્દા બાકી છે જેના ઉપર સહમતી હજી સધાઈ જ નથી. ખાસ કરીને ઈઝરાયેલનો સૈનિકો પાછા બોલાવવાનો સમય અને ઈઝરાયેલી સેના પાછા જવાની સરહદ, ગાઝા પટ્ટીમાં ફરીથી સર્જન કાર્યો શરૂ કરવા અને હમાસનું ભવિષ્ય નક્કી કરવું જેવા મુદ્દા મહત્ત્વના છે. હાલમાં તો માત્ર શરૂઆતના તબક્કામાં જ સહમતી સધાઈ છે અને ઘણું કામ કરવાનું બાકી છે. બંને પક્ષો હાલમાં કેદીઓની અદલાબદલી કરશે પણ કેટલા પ્રમાણમાં કરશે તે પણ નક્કી થયું નથી. ટ્રમ્પ એવા બણગા મારે છે કે, હમાસ દ્વારા કેદીઓને છોડી દેવામાં આવશે એટલે યુદ્ધ અને સંઘર્ષ પૂરો થઈ જશે. બીજી તરફ ઈઝરાયેલનું સ્પષ્ટ માનવું છે કે, હમાસ જ્યાં સુધી શસ્ત્રો નહીં મુકે ત્યાં સુધી યુદ્ધ પૂરું થયેલું ગણાશે નહીં.

અહેવાલો પ્રમાણે હમાસ દ્વારા કેદીઓને છોડવામાં આવશે અને મૃતકોના મૃતદેહ પરત સોંપવામાં આવશે તે પછી યુદ્ધ વિરામ જારી ગણાશે. હમાસ દ્વારા કેદીઓને છોડવા માટે ૭૨ કલાકનો સમય આપવામાં આવ્યો છે. તેઓ કેદીઓ છુટયાના ૭૨ કલાકની અંદર ઈઝરાયેલના કેદીઓને છોડવાનું ચાલુ કરી દેશે. ઈઝરાયેલ માને છે કે, આ કામગીરી શનિવારથી જ શરૂ કરવામાં આવશે.

**નક્કર નેતૃત્વનો અભાવ, નવી પેઢીની આધુનિક સુવિધાઓની ઝંખના અને કેન્દ્ર સરકારની પહેલને પગલે નક્સલીઓ સમર્પણ કરી રહ્યા છે**

# નક્સલવાદનો અંત : છ દાયકા બાદ ફિક્કો પડી ગયો ક્રાંતિનો લાલ રંગ

**ઓક્ટોબર મહિનામાં જ 300થી વધારે નક્સલવાદીઓ દ્વારા પોલીસ સામે આત્મસમર્પણ કરવામાં આવ્યું છે. આ તમામ નક્સલીઓ દાયકાઓથી ચાલતી તેમની લડાઇ અને વિચારધારાની લડાઇને છોડીને એકાએક મુખ્ય પ્રવાહ સાથે જોડાવા તત્પર થયા છે : દેશમાં નક્સલી આંદોલનનો પાયો 1967માં નખાયો હતો. તે સમયે પશ્ચિમ બંગાળના નક્સલવાડી ગામથી આ આંદોલન શરૂ થયું હતું. તે વખતે લોકોનું સૂત્ર હતું**

ઓક્ટોબર મહિનામાં જ 300થી વધારે નક્સલવાદીઓ દ્વારા પોલીસ સામે આત્મસમર્પણ કરવામાં આવ્યું છે. આ તમામ નક્સલીઓ દાયકાઓથી ચાલતી તેમની લડાઇ અને વિચારધારાની લડાઇને છોડીને એકાએક મુખ્ય પ્રવાહ સાથે જોડાવા તત્પર થયા છે : દેશમાં નક્સલી આંદોલનનો પાયો 1967માં નખાયો હતો. તે સમયે પશ્ચિમ બંગાળના નક્સલવાડી ગામથી આ આંદોલન શરૂ થયું હતું. તે વખતે લોકોનું સૂત્ર હતું કે, ખેડે તેની જમીન. જમીન માટે થઈને લોકોએ હથિયારો ઉપાડયા હતા : જે આદિવાસી વિસ્તારોમાં એક સમયે નક્સલીઓ અને તેમની હિંસાની બોલબાલા હતી ત્યાં હવા સ્કૂલ, મોબાઈલ નેટવર્ક, પાકા રસ્તા, સરકારી યોજનાઓ પહોંચી ગઈ છે. તેની સૌથી મોટી અસર એ થઈ છે કે, એક સમયે લાલા વિચારધારાનું આંધળું અનુસરણ કરનારા યુવાનો હવે તે દિશામાં જતા નથી. દેશમાં ધીમે ધીમે નક્સલવાદ ઘુંટણીયે આવતો જાય છે. પાછળના કેટલાક મહિનાના અહેવાલો જોઈએ તો છત્તીસગઢ, ઝારખંડ, મહારાષ્ટ્ર અને ઓડિશા જેવા રાજ્યોમાં મોટાપાયે નક્સલીઓ દ્વારા હથિયારો છોડીને આત્મસમર્પણ કરવાના કિસ્સામાં વધારો થયો છે. તાજેતરમાં જ છત્તીસગઢમાં ૨૧ માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. છત્તીસગઢના કાંકેર ખાતે આ નક્સલીઓએ હથિયારો છોડયા હતા અને શાંતિનો માર્ગ પસંદ કર્યો હતો. તેનાથી સહેજ આગળ જઈએ તો દિવાળી પહેલાં રૂપેશ ઉર્ફે સતીષ નામના એક નક્સવાદીએ આત્મસમર્પણ કર્યું હતું. આ નક્સલી હકિકતે નક્સલવાદી સેન્ટ્રલ કમીટીનો મેમ્બર હતો અને તેના ઉપર ૯.૧૮ કરોડ રૂપિયાનું ઈનામ હતું. એકંદરે જોવા જઈએ તો ઓક્ટોબર મહિનામાં જ ૩૦૦થી વધારે નક્સલવાદીઓ દ્વારા પોલીસ સામે આત્મસમર્પણ કરવામાં આવ્યું છે. આ તમામ




નક્સલીઓ દાયકાઓથી ચાલતી તેમની લડાઈ અને વિચારધારાની લડાઈને છોડીને એકાએક મુખ્ય પ્રવાહ સાથે જોડાવા તત્પર થયા છે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારે દાવો કર્યો છે કે, માર્ચ ૨૦૨૬ સુધીમાં નક્સલવાદનો ખાતમો બોલવી દેવાશે. સરકારના આ દ્રઢ સંકલ્પ વિશે વિચાર કરીએ તો દેશભરમાં નક્સલી ગતિવિધિઓમાં મોટાપાયે ઓટ આવી છે તે સમજી શકાય છે. ખાસ કરીને ઘણા રાજ્યોમાંથી નક્સલીઓ વારફરતી શરણાગતિ સ્વીકારી રહ્યા છે. નક્સલવાદની સૌથી વધારે એક્ટિવિટી છત્તીસગઢમાં ચાલે છે. આ રાજ્ય સૌથી વધારે પ્રભાવિત છે. અહીંયા પણ સમયાંતરે નક્સલીઓના સમર્પણના સમાચાર આવતા રહે છે. સરકારનો બળ પ્રયોગ ગણો કે પછી નક્સલવાદની ઓછી થતી તાકાત કે પછી બદલાતા સમયમાં વિચારધારામાં થઈ રહેલું પરિવર્તન હોય પણ એક વાત નક્કી છે કે, નક્સલીઓ હવે હિંસા છોડીને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાવા તત્પર બન્યા છે.

ઈતિહાસમાં ડોકિયું કરીએ તો દેશમાં નક્સલી આંદલોનનો પાયો ૧૯૬૭માં નખાયો હતો. તે સમયે પશ્ચિમ બંગાળના નક્સલવાડી ગામથી આ આંદોલન શરૂ થયું હતું. તે વખતે લોકોનું સૂત્ર હતું કે, ખેડે તેની જમીન. જમીન માટે થઈને લોકોએ હથિયારો ઉપાડયા હતા. હવે જ્યારે આ જ દ્રશ્ય ૨૦૨૦ની સાલથી જોઈએ તો તેમાં વ્યાપક પરિવર્તન આવ્યું છે. હવે નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં જમીન, શિક્ષણ અને રોજગાર વગેરેમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. જે આદિવાસી વિસ્તારોમાં એક સમયે નક્સલીઓ અને તેમની હિંસાની બોલબાલા હતી ત્યાં હવા સ્કૂલ, મોબાઈલ નેટવર્ક, પાકા રસ્તા, સરકારી યોજનાઓ પહોંચી ગઈ છે. તેની સૌથી મોટી અસર એ થઈ છે કે, એક સમયે લાલા વિચારધારાનું આંધળું અનુસરણ કરનારા યુવાનો હવે તે દિશામાં જતા નથી.

યુવાનોને લાલ વિચારધારા કરતા મોબાઈલ, ટીવી, સિનેમા, મોટરસાઈકલ, મોલ અને વિકાસની દુનિયામાં જીવવું વધારે ગમે છે. બીજી રીતે કહીએ તો હવેના યુવાનોના સપનાઓમાં ક્યાંય માઓવાદ કે લાલ વિચારધારા રહી નથી. આ વિચારધારા જ જ્યાં નબળી પડી રહી છે ત્યાં તેમના સંગઠન અને કામગીરી પણ ક્યાંથી મજબૂત રહેવાના છે. યુવાનોમાં ઘટતી માઓવાદની લાગણી અને વિચારધારાએ નક્સવાદના પાયા હચમચાવી નાખ્યા છે. પહેલાં જે યુવાનો ક્રાંતિના સપના જોતા હતા તે હવે સારા અને સુધરેલા જીવનના સપના જોતા થઈ ગયા છે. તેમને હથિયાર અને હિંસામાં નહીં પણ આધુનિક સુવિધામાં વધારે રસ પડવા લાગ્યો છે.

નક્સલવાદના ઘટતા પ્રભાવ અંગે વાત કરીએ તો કેન્દ્ર સરકારનાં જ આંકડા ઘણું બધું કહી જાય છે. કેન્દ્રીય ગૃહમંત્રાલયના આંકડા પ્રમાણે ૨૦૧૦ બાદ નક્સલી હિંસાની ઘટનાઓમાં ૮૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. હવે માત્ર ૮-૯ જીલ્લા જ વધ્યા છે જ્યાં નક્સલીઓ સક્રિય છે. એક સમય હતો જ્યારે દેશના ૯૦થી ૧૦૦ જિલ્લાઓમાં નક્સલવાદ સક્રિય હતો જે હવે ૧૦ ટકા વધ્યો નથી. સરકારનો દાવો છે કે, સુરક્ષા જવાનોની કામગીરી અને તેમની રણનીતિ તથા સરકારી રણનીતિને કારણે આ પરિણામ મળ્યું છે. સામ, દામ, દંડ અને ભેદની નીતિને આધારે સરકાર નક્સલી વિસ્તારોમાં કામ કરી રહી છે. તેના પરિણામે જ નક્સલવાદ નામશેષ થવાના આરે આવી ગયો છે. અહેવાલો પ્રમાણે સુરક્ષાદળો દ્વારા ઓપરેશન પ્રહાર, ઓપરેનશ સમન્વય, ઓપરેશન જંગલ યુદ્ધ જેવા અભિયાનો હાથ ધરવામાં આવ્યા હતા. તેમાં સુરક્ષાદળો દ્વારા કરવામાં આવેલી અસરકારક કામગીરીને પગલે હકારાત્મક પરિણામ મળ્યા હતા. આધુનિક સુવિધાઓ, સાધનો અને રણનીતિ દ્વારા સુરક્ષા જવાનો જંગલોમાં ઘુસી રહ્યા છે, નક્સલીઓનો સાનો કરી રહ્યા છે. તે ઉપરાંત યોગ્ય ઈન્ટેલિજન્સ નેટવર્ક, ડ્રોન સર્વેલન્સ અને સ્થાનિક પોલિસની સક્રિય ભૂમિકાના કારણે નક્સલીઓને ભાગવા માટે પણ જગ્યા વધી નથી. એક સમય હતો જ્યારે સુરક્ષા જવાનો અભિયાન પૂરું કરીને પરત આવતા તો નક્સલીઓ જંગલમાં પરત આવી જતા હતા પણ હવે સ્થિતિ બદલાઈ છે. સુરક્ષા જવાનોના સ્થાનિક કેમ્પ બનાવાયા છે, સ્થાનિકોની મદદથી નેટવર્ક ઊભું કરાયું છે અને પાકા રસ્તા અને રોડનું નેટવર્ક વિકસાવાયું છે જેના કારણે નક્સલીઓનું પરત ફરવું અને ટકી રહેવું મુશ્કેલ થઈ ગયું છે. કેન્દ્ર સરકારે માત્ર હિંસાનો જ રસ્તો અપનાવ્યો છે તેવું નથી. કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા નક્સલીઓને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડવા માટે વિવિધ યોજનાઓ પણ આવામાં આવી છે. સૌથી પહેલાં તો કેન્દ્ર સરકારની બંધૂક છોડો, જીવન જીવોની નીતિ ખૂબ જ અસરકારક રહી હતી.

હું યુવાન દેખાઉં છું પણ હું રોલ માટે રાશા સાથે સ્પર્ધા ન કરી શકું

# તમે ઇચ્છો ત્યારે જીવનની શરૂઆત કરી શકો છો : રવીના ટંડન



રવીના ટંડન રવિવારે ૫૩ વર્ષની થઈ ગઈ છે. તેને જ્યારે કોઈ કહે કે તે તેની દિકરી રાશાની મા કરતા તેની મોટી બહેન વધુ લાગે છે. ત્યારે રવીના જવાબ આપે છે કે, ‘‘તમે બધા તો આવું કહેશો. પણ માણસે વાસ્તવવાદી રહેવું જોઈએ. આજે રાશા પણ એક એક્ટ્રેસ બની ગઈ છે અને તે આજની પેઢી છે. હું સહમત છું કે હું યુવાન દેખાઉં છું પણ હું રોલ માટે રાશા સાથે સ્પર્ધા ન કરી શકું. કરી શકું ?’’ તાજેતરના એક ઈન્ટરવ્યુમાં રવીનાએ કહ્યું કે સુંદર દેખાવું એ કોઈ ભપકો નથી – એ તમારી જાતની જાળવણીનું પરિણામ અને તમારી તંદુરસ્તીનાં સમતોલનનું પરિણામ છે. રવીનાએ કહ્યું,‘‘તંજુરસ્ત જીવન આખરે તમારા ચહેરા પર દેખાય છે. તમે જે ખાઓ છો અને જેવું ઉંઘો છો એવા જ દેખાઓ છો. તમારા શરીરમાં તમે જે પણ નાખો છો એ બધું જ તમારી ત્વચા પર દેખાય છે. એ બધાનું મિશ્રણ છે. તમે દિલથી કેવા છો, તમારો આત્મા કેવો છે, એ ચહેરા પર દેખાય છે. તમે જે વ્યક્તિ બનો છો, તેમાં આ બધું જ દેખાય છે. મારા માટે એક સર્વાંગી જીવન જીવવું મહત્વનું છે – તમારું ભોજન, તમારું વર્તન, તમારી કરુણા – બધું જ ચહેરા પર દેખાશે.’’રવીના ઉમર કે સમયના બંધનોથી ઓળખાવામાં માનતી નથી. તેણે કહ્યું, ‘‘તમે જ્યારે ઈચ્છો ત્યારે જીવનની શરૂઆત કરી શકો છો – ૪૦એ પહોંચીને. ૫૦ કે પછી ૭૦ની ઉમરે પહોંચીને. તમે કેવા દેખાઓ કે કેવી રીતે જીવો છો, તેમાં ઉમરને કોઈ લેવા-દેવા નથી. હું હંમેશાથી જેવી છું એવી જ રહી છું. મારી લાગણીઓ, મારા સંબંધોમાં અને હું જેવી છું એ પહેલાં હતી એવું જ છે. તમા જેવું નક્કી કરો કે હવે હું જીવવાનું શરૂ કરીશ અને એ ક્ષણથી જ તમે જીવવાનું શરૂ કરી શકો છો. અમે જ્યારે ૮૦-૯૦ના દાયકામાં મોટા થઈ રહ્યાં હતાં ત્યારે સમય ઘણો સરળ હતો. હવે વાલી તરીકે આપણે આપણા બાળકને બધું જ આપવા માગીએ છીએ.

રશ્મિકા પ્રોડ્યુસર્સની ગમતી એક્ટ્રેસ બની

# રશ્મિકા ઇન્ડસ્ટ્રીમાં એક માત્ર એવી એક્ટ્રેસ જે કામના નિશ્ચિત કલાકોની ડિમાન્ડ નથી કરતી

## જ્યારથી દીપિકા પાદુકોણને સંદીપ રેડ્ડી વાંગાની ‘સ્પિરિટ’માંથી દૂર કરાઈ ત્યારથી તે સતત ચર્ચામાં રહી છે

જ્યારથી દીપિકા પાદુકોણને સંદીપ રેડ્ડી વાંગાની ‘સ્પિરિટ’માંથી દૂર કરાઈ ત્યારથી તે સતત ચર્ચામાં રહી છે, તેના પછી તેણે નાગ અશ્વિનની ‘કલકી ૨૮૯૮ એડી’ છોડતાં જાણે ઈન્ડસ્ટ્રી બે ભાગમાં વહેંચાઈ ગઈ છે. આ ચર્ચા અને વિવાદનો મુખ્ય મુદ્દો એ છે કે ફિલ્મ ક્રૂ અને કલાકારો સારા અને યોગ્ય કામના કલાકોના હકદાર છે. ત્યારે રશ્મિકા મંદાનાના કિસ્સામાં આથી ઉલટું થયું છે, તે આ પ્રકારની શરતોને લઈને પ્રોડ્યુસરની મનપસંદ એક્ટર છે. તાજેતરમાં રશ્મિકાની આવનારી તેલુગુ ફિલ્મ ‘ધ ગર્લફ્રેન્ડ’ના પ્રોડ્યુસર એસકેએને એવી એકમાત્ર એક્ટ્રેસ ગણાવી હતી, જે આવા કોઈ પણ નિયંત્રણો વિના કામ કરે છે.તેમણે



રશ્મિકાના નક્કી કામના કલાકોની માગણી ન કરવા બદલ વખાણ કર્યા હતા. તેમણે કહ્યું, ‘‘હાલ જ્યારે વ્યક્તિએ કેટલા કલાક કામ કરવું તેના પર ચર્ચાઓ ચાલી રહી છે, ત્યારે સમગ્ર ભારતમાં એક માત્ર એવી એક્ટ્રેસ છે, જે કામમાં ગમે તેટલાં કલાક થાય તો પણ કામ કરવા તૈયાર છે.’’તેમણે આગળ જણાવ્યું કે, ‘‘તેને કામને પ્રેમ તરીકે જુએ છે, કલાકોની દૃષ્ટિએ નહીં. એ સમયસર કામ કરવામાં માને છે પણ તે કોઈ ચોક્કસ નિયંત્રણો સાથે કામ કરતી નથી. એટલે જ રશ્મિકા બધાને પોતાના પરિવારનો ભાગ લાગે છે.’’ આ સાંભળીને રશ્મિકા પોતાનું હસવું રોકી શકતી નહોતી અને તે ખુશ ખુશ થઈ ગઈ હતી.દીપિકાએ ૮ કલાક જ કામની શરત સાથે બંને ફિલ્મ છોડી હતી. તેના બચાવમાં એક ઈન્ટરવ્યુમાં તેણે એમ પણ કહ્યું હતું કે, ‘‘માત્ર સ્ત્રી હોવાના કારણે, આ વાત લોકોને અભિમાન લાગતી હોય તો પણ એવું લાગવા દો.’’

# સાઉથની બ્લોકબસ્ટર ફિલ્મના હિન્દી રિમેકમાં અક્ષય કુમાર કામ કરશે

ચિરંજીવીને એઆઈ દ્વારા બનેલા નકલી રીતે તેના ચહેરાનો ઉપયોગ કરીને બનેલા પોર્નોગ્રાફિક વીડિયો ઓનલાઈન ફરતા જોઈને હૈદ્રાબાદ સાઈબર ક્રાઈમ પોલિસમાં ફરિયાદ નોંધાવી છે. તેણે ૨૭ તારીખે પોલિસનો સંપર્ક કર્યો હતો અને આક્ષેપ મુક્યો હતો કે કેટલીક વેબસાઈટે તેના ચહેરાનો ઉપયોગ કરીને ડીપફેક વીડિયો અને અન્ય કન્ટેન્ટ પબ્લિશ કર્યું છે.પોલીસે આ અંગે ફરિયાદ નોંધીને ઈન્ફર્મેશન ટેક્રોલોજી એક્ટ અંતર્ગત તપાસ શરૂ કરી છે. ચિરંજીવીને તાજેતરમાં હૈદ્રાબાદની સિવિલ કોર્ટ તરફથી તેમની તસવીર અને ઓળખને અનધિકૃત દુરુપયોગથી બચાવવા માટે વચગાળાનો મનાઈ હુકમ મળ્યા પછી આ પગલું લેવામાં આવ્યું છે. પોતાની ફરિયાદમાં, ચિરંજીવીએ છેડછાડ કરાયેલા વીડિયો પોસ્ટ કરતાં પ્લેટફોર્મ્સની વિગતો આપી હતી અને તેમના નિર્માણ અને પ્રસાર પાછળના બદઈરાદા પર ભાર મૂક્યો હતો.ચિરંજીવીએ પોતાની ફરિયાદમાં ઉલ્લેખ કર્યો છે કે આ વીડિયો સંપૂર્ણપણે આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યા હતા, તેમને ડીપફેક પોર્નોગ્રાફી તરીકે વર્ણવ્યા હતા જેમાં ગેરકાયદેસર રીતે તેમના ચહેરાના લક્ષણો અને વ્યક્તિત્વને અશ્લીલ દ્રશ્યોમાં ફેરવવામાં આવ્યા હતા. તેમણે આવી સામગ્રીની વ્યાપક ઉપલબ્ધતા પર ચિંતા વ્યક્ત કરી હતી અને નોંધ્યું હતું કે તેનું અનિયંત્રિત પ્રસારણ ગુનો અત્યંત ગંભીર બનાવે છે.ચિરંજીવીએ આ અજીમાં એમ પણ જણાવ્યું હતું કે આ ડીપફેક વીડિયો કોઈ એકલ દોકલ ઘટનાઓ નથી, પરંતુ તેમની પ્રતિષ્ઠાને કલંકિત કરવાના હેતુથી સંકલિત અને ઈરાદાપૂર્વકના અભિયાનનો ભાગ છે.




ફિલ્મ સ્ટાર બનવા માટે ટીવી પર દિવસદીઠ ૨૫૦૦૦નું કામ છોડ્યું

# લક્ષ્યની ‘દોસ્તાના ૨’ અને ‘બેધડક’ પડતી મૂકાતાં અવાચક બની ગયો

## લક્ષ્યએ એક્સન થ્રિલર ફિલ્મ કિલથી ડેબ્યુ કર્યું, જે ૪૦ કરોડના બજેટ સાથે બની હતી અને ૪૭.૨૫ કરોડ કમાઈ હતી

લક્ષ્ય લાલવાણી ટીવીથી પોતાની કેરિઅરની શરૂઆત કરી હતી અને ખાસ તો ‘પોરસ’ શોથી તે જાણીતો થયો હતો. આ શો પૂરો થઈ જતાં તેણે ફિલ્મ માટે ઓડિશન આપવાનું શરૂ કર્યું હતું. કેટલાંક પ્રયત્નો બાદ તેણે કરણ જોહર સાથે ત્રણ ફિલ્મની ડીલ સાઈન કરી હતી. છતાં તેની સફર સરળ રહી નથી કારણ કે એ ત્રણમાંથી તેની બે ફિલ્મ પડતી મુકાઈ છે. તાજેતરમાં એક પોડકાસ્ટમાં લક્ષ્યએ કબૂલાત કરી છે કે તેણે આ તબક્કાનો કઈ રીતે સામનો કર્યો.પડતી મુકાયેલી ફિલ્મ વિશે વાત કરતી લક્ષ્યએ કહ્યું કે તેણે પોતાની જાતને કહેવું પડતું કે તેનો આમાં કોઈ વાંક નથી. તેણે મહેનત કરી અને અન્ય સ્કિલ્સ પર કામ કર્યુ. લક્ષ્ય જણાવે છે, ‘‘મગજ અટકી ગયું હતું, હું અવાક થઈ ગયો હતો. મેં જે થાય એ થવા દીધું. સદનસીબે, મને ક્યારેય મારી જાત પર શંકા નહોતી. પરંતુ મને ખરેખર લાગતું હતું કે મારા માટે કશું જ બન્યું નથી. હું પહેલાં તો એક્ટર બનવા પણ માગતો નહોતો. હું બસ સંજોગોવસાત બની ગયો. મને બસ મહેનત કરતા આવડતી હતી. તો એ કેમ બંધ કરવાની? એનાથી જ હું ઘડાયો, તો હું કોને દોષ આપું? ભગવાન કે કરણ જોહર? હું કોઈને દોષ આપી શકું નહીં. ફિલ્મ પડતી મુકાઈ બસ. કોઈ કારણસર મને મારામાં વિશ્વાસ હતો કે બધું થવા પાછળ કોઈ કારણ હોય છે. ક દિવસ મારો પણ વારો આવશે. પેન્ડેમિક દરમિયાન પણ એકેય દિવસ એવો નહોતો, જ્યારે મેં મહેનત કરવાની બંધ કરી હોય.’’જ્યારે ટીવીનું કામ છોડવા પર લક્ષ્યએ જણાવ્યું, ‘‘પોરસ પુરી થઈ પછી, મને બીજા એક ટીવી શોની ઓફર હતી, જેમાં મને દિવસ દીઠ ૨૦થી ૨૫૦૦૦ની ફી મળી શકે તેમ હતી. મારા પિતાએ કહ્યું, ‘‘આ તો ઘણા પૈસા છે, મેં મારી આખી જિંદગીમાં આટલા પૈસા જોયા નથી. આ કામ લઈ લે.’’ પણ મારામાં એક જિદદ હતી. હું ફિલ્મ સ્ટાર કેમ ન બનું? મારામાં શું ખુટે છે? આ કરે છે, પેલો કરે છે, તો હું કેમ નહીં?’’લક્ષ્યએ એક્સન થ્રિલર ફિલ્મ કિલથી ડેબ્યુ કર્યું, જે ૪૦ કરોડના બજેટ સાથે બની હતી અને ૪૭.૨૫ કરોડ કમાઈ હતી. ત્યાર પછી તે આર્યન ખાનની બેડ્ઝ ઓફ બોલિવૂડમાં જોવા મળ્યો અને હવે તે ચાંદ મેરા દિલમાં જોવા મળશે. તેમાં તેની સાથે અનન્યા પાંડે છે, આ ફિલ્મ ક્રિસમસ ૨૦૨૫ પર રિલીઝ થશે.



# મેં નક્કી કર્યું કે ઇશ્વરે મને તક આપી છે અને મેં દારૂ છોડી દીધો : બોબી દેઓલ



બોબી દેઓલ હાલ એક કલાકાર તરીકે બીજી ઈનિંગની મજા લઈ રહ્યો છે, તેણે ૩૦ વર્ષ પહેલાં ધર્મેન્દ્રના નાના દિકરા તરીકે એક્ટિંગ કેરિઅરની શરૂઆત કરી હતી. પરંતુ તેના જીવનમાં એક તબક્કો એવો આવ્યો કે એક પછી એક નિષ્ફળતાઓ મળી અને તેમાંથી ટેકો મેળવવા માટે તે દારુ તરફ વળ્યો.બોબી દેઓલે ઈન્ટરવ્યુમાં વાત કરી કે કઈ રીતે દારુની લત ડ્રગ્ઝથી પણ ખરાબ છે. પરંતુ ઓટીટીથી ફરી તેનું કામ પાટે ચઢ્યું, ૨૦૨૦માં તેની વેબ સિરીઝ આશ્રમ લોકપ્રિય થઈ અને રણબીર કપૂર સામે ૨૦૨૩માં આવેલી એનિમલથી તે છવાઈ ગયો. તાજેતરમાં જ તે આર્યન ખાનની ડિરેક્ટોરિયલ ડેબ્યુ બૅડ્ઝ ઓફ બોલિવૂડમાં જોવા મળ્યો છે. ત્યારે હવે તેણે દારૂ સામેની લડત જીતી લીધી છે.ઈન્ટરવ્યુમાં લોર્ડ બોબીએ જણાવ્યું, ‘‘હા, મેં છોડી દીધું છે અને તેનાથી મને ખરેખર ઘણી મદદ મળી છે. દરેક વ્યક્તિનું શરીર અલગ હોય છે કોઈને ખ્યાલ આવતો નથી કે ક્યા પ્રકારનો નશો તેમના શરીરમાં કઈ રીતે અસર કરે છે.

સંજય લીલા ભણસાલી ડિસેમ્બરમાં ઇટાલીમાં ગ્રાન્ડ ક્લાઇમેક્સ શૂટ કરશે

# ભણસાલીની ‘લવ એન્ડ વોર’નું ઇટાલીનું શૂટિંગ રદ થયું નથી

સંજય લીલા ભણસાલી વધુ એક વખત બોલિવૂડના એક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે અને થોડાં વખતથી તેમનું ઈટાલીનું શૂટિંગ રદ થયું હોવાના અહેવાલો આવી રહ્યા હતા. તેથી તેમણે શૂટિંગમાં ફેરફાર કર્યા હોવાના પણ અહેવાલો હતા. પરંતુ હવે ફિલ્મના અંદરના સુત્રોના જણાવ્યા અનુસાર આ શૂટિંગ રદ થયું નથી. પરંતુ કલાકારોની તારીખો સાથે સેટ કરવા માટે પહેલાં દસ દિવસ મુંબઈમાં અને પછી ડિસેમ્બરમાં ઈટાલીમાં મોટા પાયે શૂટ કરવામાં આવશે.સુત્રના જણાવ્યા અનુસાર, ‘‘સંજય લીલા ભણસાલીએ ૧૯૭૦ના ઈટાલીનો સમય અહીં મુંબઈમાં ખડો કર્યો છે. દિવાળી પહેલાં લગભગ દસ દિવસનું શૂટ થઈ ચૂક્યું છે અને છેલ્લા ૨૦ દિવસનું શૂટ ક્લાઈમેક્સનું છે. તે ડિસેમ્બરમાં ઈટાલીમાં પૂરું થશે. ટીમ હાલ તો ઈદ-૨૦૨૬ પર ફિલ્મ રિલીઝ કરવાનું વિચારે છે.’’શરૂઆતમાં એવા અહેવાલો હતા કે ઈટાલીનું શૂટ બિલકુલ રદ કરવામાં આવ્યું છે. પરંતુ હવે શૂટની સ્ટ્રેટેજી બદલાઈ ગઈ છે. કલાકારોની તારીખો અને સમય સચવાઈ જાય તે માટે આ વ્યવસ્થા કરવામાં આવી છે. આવું કરવાથી આંતરરાષ્ટ્રિય પ્રવાસ અને વ્યવસ્થાઓનો ખર્ચ તો ઘટાડી જ શકાય સાથે બધાની તારીખો પણ સચવાઈ જાય. પછી ઈટાલીમાં શૂટ કરીને ફિલ્મનું સ્તર પણ જળવાઈ રહેશે, સમયસર શૂટ થઈ જાય તો ઈદ પર ફિલ્મ સરળતાથી રિલીઝ પણ થઈ જશે. શરૂઆતમાં ઈટાલીમાં ૪૫ દિવસનું શૂટ કરવાનું હતું, તે વ્યવસ્થાની દૃશ્ટિએ મુશ્કેલ થતાં મુંબઈમાં શૂટ કરીને વચ્ચેનો રસ્તો કાઢવામાં આવ્યો છે. ત્યારે હવે ફિલ્મમાં ઈટાલી દેખાશે પણ ખરું, ભણસાલી જેવા વૈભવી સેટ માટે જાણીતા છે અને તેમની પાસે જે સ્તરની અપેક્ષા છે, તે પણ પુરી થશે.



# હું નવા કલાકારોને હંમેશા મદદ કરીશ શાહિદ કપૂર

## શાહિદ હાલમાં હોમી અડજાણિયાની ફિલ્મ ‘કોકટેલ ૨’માં ક્રિતિ સેનન અને રશ્મિકા મંદાના સાથે શૂટ કરી રહ્યો છે

શાહિદ કપૂરે ‘ઈશ્ક વિશ્ક’ ફિલ્મથી પોતાની સફરની શરૂઆત કરી હતી. તેના પછી તેણે ‘વિવાહ’, ‘જબ વી મેટ’, ‘કબીર સિંઘ’, જેવી અલગ અલગ પ્રકારની ફિલ્મ કરી, છેલ્લે તે ક્રિતિ સેનન સાથે ‘તેરી બાતોં મેં ઐસા ઉલજા જિયા’માં જોવા મળ્યો હતો. હવે તે હોમી અડજાણિયાની ફિલ્મ ‘કોકટેલ ૨’માં ક્રિતિ સેનન અને રશ્મિકા મંદાના સાથે શૂટ કરી રહ્યો છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તેણે પોતાની આ સફર વિશે વાત કરી હતી. શાહિદે કહ્યું, ‘‘જ્યારે એક ફિલ્મ સુપરહિટ જાય છે તો, દરેક કલાકાર ફરી એ ડિરેક્ટર સાથે એક પછી એક ફિલ્મ કરે છે અને તે સામાન્ય વાચ છે. પરંતુ મેં જ્યારે શરૂઆત કરી અને મને સફળતા મળી તે પહેલા, હું હંમેશા ઈચ્છતો હતો કે કોઈ મારી ક્ષમતાઓમાં વિશ્વાસ કરે. ઈમ્તિઆઝ અલી જેવા ડિરેક્ટર, જે ત્યારથી લોકપ્રિય થઈ ગયા છે, તેણે મને જબ વી મેટમાં એક જોરદાર તક આપી. આવું જ બીજું ઉદાહરણ કબીર સિંઘ માટે સંદીપ રેડ્ડી વાંગાનું છે. મને એમાં બહુ જ મજા આવે છે. મારી ઈચ્છા હતી કે અમે કશુંક નવું અને ઓરિજિનલ કરી શકીએ. પરંતુ એ સમયે ફિલ્મની રીમેક બની રહી હતી. તેથી મેં એ દૃષ્ટિએ ફિલ્મ સ્વીકારી અને એ કરવા સહમત થઈ ગયો. સંદીપને રીમેક કરવાની જ ઈચ્છા હતી.’’સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ હંમેશા વિવાદમાં રહી છે, ત્યારે તેની સાથે કામ કરવા અંગે શાહિદે કહ્યું, ‘‘એની સાથે કામ કરવું એ ગર્વની વાત હતી. એ આજે એક લોકપ્રિય ફિલ્મ મેકર ગણાય છે. ઘણા લોકોને તેમની ફિલ્મ વિવાદાસ્પદ લાગે છે, પરંતુ એ જે ફિલ્મ બનાવે છે તે લોકોને ગમે જ છે. હિન્દી ઓડિયન્સને કબીર સિંઘ સાથે તેનો પરિચય થયો.’’જ્યારે નવા કલાકારો સાથે કામ કરવા અંગે શાહિદે કહ્યું, ‘‘હું નવા કલાકારોને હંમેશા મદદ કરીશ કારણ કે મને મારો પહેલો બ્રેક એ જ રીતે મળ્યો હતો. કોઈએ મને હું કોઈનો દિકરો છું એટલે કે પછી હું કોઈ જાણીતી વ્યક્તિને ઓળખું છું એ જોઈને કામ નહોતું આપ્યું. મેં જ્યારે ઈશ્ક વિશ્ક સાઈન કરી ત્યારે મેં મારા પિતાને નહોતું કહ્યું. મેં ફિલ્મ સાઈન કરી પછી તેમને કહ્યું. એ વખતે હું મારા પિતા સાથે રહોતો નહોતો એટલે મને કોઈ ઓળખતું નહોતું.’’



# અમરેલીના ધાતરવાડી નદીમાં આવેલા પૂરના કારણે ઉંચેયા ગામ સંપર્ક વિહોણું બન્યું

। (પ્રતિનિધી) અમરેલી, તા.૨૮ ।

ગુજરાતમાં છેલ્લાં બે દિવસથી કમોસમી વરસાદ જોવા મળી રહ્યો છે. એવામાં અમરેલીના રાજુલામાં પડેલા ૬ ઈંચ વરસાદના કારણે અનેક લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ભારે વરસાદના કારણે અમરેલીના ધાતરવાડી નદીમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી, જેથી અનેક ગામો સંપર્કવિહોણા બન્યા હતા. આ પૂરના પાણી વચ્ચે એક મહિલાને પ્રસવ પીડા ઉપડતાં તેમને હૉસ્પિટલ લઈ જવું અઘરું પડ્યું હતું. કોઈ વાહન ન મળતાં અંતે જીસીબીનો સહારો લઈ મહિલાને હૉસ્પિટલ લઈ જવામાં આવી હતી. આ સિવાય ૫૦ જેટલા ખેત મજૂરો ફસાયાના પણ સમાચાર સામે આવ્યા હતા.મળતી માહિતી મુજબ, ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં ઢીંચણ સમા પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે કોઈ વાહન નીકાળવું અઘરું હતું. આ દરમિયાન રાજુલાના ગ્રામ્ય વિસ્તારમાં સમઢીયાળા બંધારામાં પાણીનું સ્તર વધતાં રસ્તા પર પાણી ફરી વળ્યા હતા. આ જ રસ્તે એક સગર્ભા મહિલાને પ્રસવ પીડા ઉપડતા તાત્કાલિક ધોરણે હૉસ્પિટલ લઈ જવાની ફરજ પડી હતી. પૂરના પાણી વચ્ચે મહિલાને બહાર કાઢવા માટે સ્થાનિકોને જેસીબીની મદદ લેવી પડી હતી. જેસીબીની મદદથી મહિલાને સલામત રૂપે હૉસ્પિટલ ખસેડવામાં આવી અને તેની ડિલિવરી શક્ય બની.બીજી બાજું અમરેલીના ધાતરવાડી નદીમાં આવેલા પૂરના કારણે ઉંચેયા ગામ સંપર્ક વિહોણું બન્યું હતું.



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

કડાણા તાલુકાના કડાણા ગામે બ્રહ્મ સમાજ દ્વારા શુભ દિપાવલી પર્વ દરમિયાન તારીખ:- ૨૦/૧૦/૨૫ ને સોમવારના રોજ બાળકો દ્વારા રંગોળી કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં ઉત્સાહી અનેક બાળકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ બાળકોમાં રહેલી કલા શક્તિને ઉજાગર કરી પોતાની સુજબુજ થી કલા પ્રદર્શિત કરી અન્યને પણ પ્રેરણાદાઈ બનાવવાનો છે. રંગોળી પર્વ રંગબેરંગી કલરોથી સુશોભિત હતું. બાળકોમાં આનંદ અને ઉત્સાહ જોવા મળતો હતો. શ્રી જયપ્રકાશભાઈ પંડ્યા પ્રમુખ તેમજ કમિટી દ્વારા આયોજન કરવામાં આવેલ હતું. શ્રી સ્વપ્રિલભાઈ એન.પંડ્યા એ તમામ બાળકોને કલાક્ષેત્રે પ્રગતિ કરવાની પ્રેરણા આપી હતી.

# ઝાલોદ નગરમાં જલારામ બાપાનો ૨૨૬ મો જન્મોત્સવ વણકતળાઈ હનુમાનજી મંદિરે ધામધૂમથી ઉજવાશે

### ૨૨૬ દીવડાની મહાઆરતી, ભજન સંધ્યા તેમજ મહાપ્રસાદ જેવા પ્રોગ્રામનું આયોજન કરાયું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

ઝાલોદ નગરમાં વણકતળાઈ હનુમાનજી મંદિર ખાતે ૨૯-૧૦-૨૦૨૬ બુધવારના રોજ જલારામ બાપાના ૨૨૬ મા જન્મોત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવનાર છે.

મંદિર સમિતિ દ્વારા નગરના સહયોગ થી જલારામ બાપાના જન્મોત્સવ પ્રસંગે સાંજના પાંચ વાગે ભજન સંધ્યા, સાંજે ૬ વાગ્યાથી મહાપ્રસાદ, રાત્રીના ૮ વાગે ૨૨૬ દિવડાની મહાઆરતી જેવા પ્રોગ્રામ યોજાનાર છે. આ દરેક ધાર્મિક પ્રોગ્રામનો લ્હાવો લેવા નગરના ભાવિક ભક્તો મોટા પ્રમાણમાં આવનાર છે તે માટે મંદિર સમિતિ દ્વારા દરેક આવનાર દરેક ભક્તોના દર્શન તેમજ મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ છે.

# 'પ્લાસ્ટિક મુક્ત ગામ' થકી ક્લાઈમેન્ટ ચેન્જની અનોખી પહેલ શરૂ કરનાર રાજ્યની ત્રણ સરકારી પ્રાથમિક શાળાઓ : રાજ્યકક્ષાનો 'ક્લાઇમેટ ચેન્જ એવોર્ડ્સ' એનાયત

### પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા શાળાઓને અનુક્રમે રૂ.૧ લાખ, ૭૫ હજાર અને ૫૦ હજારનું રોકડ ઇનામ

। (માહિતી) નડિયાદ, તા.૨૮ ।

ક્લાયમેટ ચેન્જની વૈશ્વિક સમસ્યાના હકારાત્મક ઉકેલ માટે રાજ્યમાં જનભાગીદારીથી મહત્તમ વૃક્ષ ઉછેરવાની સાથે વિવિધ સ્વરૂપે ગ્રીન કવર- કવચ ઉભું કરવામાં આવ્યું છે. આ લક્ષ્યાંક સિદ્ધ કરવા વન-ક્લાઈમેટ ચેન્જ વિભાગની સાથેસાથે વિવિધ સરકારી તેમજ પર્યાવરણ પ્રેમી સંસ્થાઓ- નાગરિકો સંયુક્ત ભાગીદારીથી કાર્ય કરી રહ્યા છે. આ કાર્યને આગળ વધારવા 'પ્લાસ્ટિક મુક્ત ગામ' થકી ક્લાઈમેન્ટ ચેન્જની અનોખી પહેલ શરૂ કરનાર રાજ્યની ત્રણ સરકારી પ્રાથમિક શાળાઓને તાજેતરમાં ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા ગાંધીનગર ખાતે વર્ષ ૨૦૨૫-૨૬નો રાજ્યકક્ષાનો 'ક્લાઈમેટ ચેન્જ એવોર્ડ્સ' એનાયત કરીને તેમની કામગીરીને બિરદાવવામાં પણ આવી છે. આ અવોર્ડની કુલ સાતમાંથી, 'શૈક્ષણિક સંસ્થા' શ્રેણી હેઠળ આવતી આ સરકારી પ્રાથમિક શાળાઓમાં ગાંધીનગર જિલ્લાની પાલજ અને અહમદપુર પ્રાથમિક શાળા તેમજ ખેડા જિલ્લાની સિંહુજકુમાર પ્રાથમિક શાળાનો સમાવેશ થાય છે. જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા આ શાળાઓને રાજ્ય સરકાર દ્વારા અનુક્રમે રૂ.૧ લાખ, ૭૫ હજાર અને ૫૦ હજારનું રોકડ ઈનામ આપી સન્માનિત કરવામાં આવી છે. સરકારી પ્રાથમિક શાળા, પાલજ : પ્લાસ્ટિક અંગે જાગૃતિ અને તેનો વપરાશ ઘટાડવાના પ્રયાસો બદલ શૈક્ષણિક સંસ્થા કેટેગરીમાં આ શાળાની ક્લાઈમેન્ટ ચેન્જ એવોર્ડ માટે પસંદગી કરી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ગામજનોના સહયોગથી પ્લાસ્ટિક રિસાયકલિંગની પહેલમાં સક્રિય ભૂમિકા ભજવી છે, જે પર્યાવરણની ટકાઉતાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. શાળા દ્વારા દર બુધવારે વિદ્યાર્થીઓ પાસેથી પ્લાસ્ટિકનો કચરો તેમના ઘરેથી મંગાવવામાં આવતો હતો, જે IIT-ગાંધીનગર ખાતે રિસાયકલ માટે અપાતા જેના બદલામાં, વિદ્યાર્થીઓને લેખનપેડ, કચરા પેટી અને ગ્રીન બેન્ચીસ આપવામાં આવે છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન વિધાર્થીઓ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકામાં ૨૪૫ કિલો જેટલું પ્લાસ્ટિક એકત્ર કરીને જમા કરવામાં આવ્યું છે. શાળા દ્વારા પાલજ ગામમાં પ્લાસ્ટિક પ્રદૂષણ અંગે જાગૃતિ લાવવા માટે રેલી, ચિત્ર સ્પર્ધા અને સફાઈ અભિયાનની સાથે શાળાએ કેમ્પસમાં પ્લાસ્ટિક લાવવાને લઈને કડક પ્રતિબંધ પણ લાગુ કર્યો છે. આ પ્રયાસોના ભાગરૂપે શાળાને સ્વચ્છતા હી સેવા એવોર્ડ ૨૦૨૩–૨૪ પણ પ્રાપ્ત થયો છે. અહમદપુર પ્રાથમિક શાળા : પ્લાસ્ટિક મુક્ત હરિયાળા ગામ થકી ક્લાયમેટ ચેન્જ વિષય બદલ શૈક્ષણિક સંસ્થા કેટેગરીમાં આ શાળાની પસંદગી કરાઈ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત શાળાના બાળકોને શાળા તરફથી કેસર આંબાના ૨૫૦ રોપા આપ વામાં આવ્યા હતા. જેમાંથી ૨૨૫ આંબા પર ફળ આવવા લાગ્યા છે. બાળકોનાં પ્રયત્નોથી પ્રત્યેક વર્ષે ''એક બાળ, એક ઝાડ'' સંકલ્પથી શાળાએ નવા ૮૦૦ જેટલા વૃક્ષ ઉછેર્યા છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ ગામમાંથી જૂના કપડાં એકત્રિત કરી અને તેનો ઉપયોગ કરીને ગ્રામજનો, શાળાના બાળકો અને ગામના સ્થાનિક દરજીની મદદથી ૩૫૦થી વધુ કપડાની થેલીઓ બનાવી, દરેક ઘરમાં અને દુકાનમાં વિતરણ કર્યું છે.આમ છેલ્લા પાંચ વર્ષમાં ૭૫૦થી વધુ કાપડની થેલીઓ ગામજનોને આપીને પ્લાસ્ટિક મુક્ત ગામની સંકલ્પનાને સાકાર કરવામાં આવી છે. વધુમાં દર વર્ષે ૧૦૦ કિલો કરતાં વધુ બિનજરૂરી પતંગદોરીને બાળવાને બદલે, તેનો ઉપયોગ ખુરશીમાં બેસવાની ગાદી કે તકીયા બનાવવામાં થાય છે. આ વસ્તુઓ શાળાઓ અને જાહેર સંસ્થાઓમાં વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

# ગુજરાતમાં અત્યંત ભારે વરસાદની આગાહીને ધ્યાને લઈને આપત્તિ વ્યવસ્થાપન રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહિડાએ SEOC, ગાંધીનગર ખાતે સમીક્ષા બેઠક યોજી

। (માહિતી) નડિયાદ, તા.૨૮ ।

ભારતીય હવામાન વિભાગ દ્વારા તા. ૩૧ ઓક્ટોબર,૨૦૨૫ સુધી ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની આગાહી કરી છે. આ આગાહીને ધ્યાને લઈને આપત્તિ વ્યવસ્થાપન રાજ્યમંત્રી શ્રી સંજયસિહ મહિડાએ ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) ખાતે સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી અને મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિ સહિતના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં અમરેલી, પોરબંદર, જૂનાગઢ, ગીર-સોમનાથ, ભાવનગર, ભરૂચ, નર્મદા, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લા કલેકટ-રશ્રી સહિતના વિવિધ ઉચ્ચ અધિકારીશ્રીઓ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતાં. આપત્તિ વ્યવસ્થાપન રાજ્યમંત્રી શ્રી સંજયસિહ મહિડાએ વરસાદની આગાહીને ધ્યાને રાખીને સંભવિત જોખમ ધરાવતા જિલ્લાના વહીવટી તંત્રને એલર્ટ રહેવા સૂચન કર્યું હતું તેમજ તંત્ર દ્વારા કરાયેલી તમામ આગોતરી તૈયારીઓની પણ તેમણે સમીક્ષા કરી હતી. આ ઉપરાંત રાજ્યમંત્રી શ્રી મહિડાએ પ્રવર્તમાન વરસાદની પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લા વહીવટી તંત્રના તમામ અધિકારી-કર્મચારીઓને હેડક્વાર્ટર ખાતે ફરજ પર હાજર રાખવા સૂચના આપી હતી. સાથે જ, રાજ્યના વિવિધ સ્થળો ખાતે ડીપ્લોય કરાયેલી NDRF અને SDRF ટીમોની માહિતી મેળવીને રેડ એલર્ટવાળા જિલ્લાઓમાં જરૂર જણાયે વધુ ટીમ ડીપ્લોય કરવા તેમણે સૂચન કર્યું હતું.

# ૫ દિવસ સૌરાષ્ટ્ર-કચ્છમાં રહેશે માવઠાનું જોર, માછીમારોને દરિયો ન ખેડવા સૂચના

। (માહિતી) અમદાવાદ, તા.૨૮ ।

શિયાળાની શરૂઆતમાં જ અરબી સમુદ્રમાં ડીપ ડિપ્રેશન સિસ્ટમ સક્રિય થતાં ગુજરાતનું હવામાન પલટાયું છે. હવામાન વિભાગ (IMD) દ્વારા રાજ્યમાં આગામી ૫ દિવસ સુધી સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે, જેના પગલે તંત્ર અને ખેડૂતો બંનેની ચિંતા વધી છે. હવામાન વિભાગના ડિરેક્ટર એ.કે. દાસના જણાવ્યા અનુસાર, આગામી ૨૪ કલાકમાં આ ડિપ્રેશન વધુ તીવ્ર બનવાની શક્યતા છે. જેના કારણે આગામી પાંચ દિવસ સૌરાષ્ટ્ર-કચ્છ સહિત દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ જોવા મળી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સૌરાષ્ટ્ર-કચ્છમાં અતિભારે વરસાદની આગાહી કરાઈ છે. જ્યારે મધ્ય ગુજરાતના અમદાવાદમાં સામાન્યથી હળવા વરસાદની સંભાવના છે. હવામાન વિભાગ દ્વારા અનેક જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં સૌરાષ્ટ્ર-કચ્છના પોરબંદર, જૂનાગઢ, અમરેલી, કચ્છ અને સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓનો સમાવેશ થાય છે.

# રાજ્યમાં ટ્રાફિક ઇ-ચલણ દંડ ભરવાની પ્રક્રિયા હવે વધુ સરળ : ભારત બિલ પેમેન્ટ સિસ્ટમ (BBPS) દ્વારા ઓનલાઇન ચુકવણીની સુવિધા શરૂ

### હવે ગુગલ-પે, ફોન-પે, ભીમ-પે અને યોનો એપ્લિકેશન મારફત વાહન ચાલકો સીધે- સીધી દંડની રકમ ભરપાઇ કરી શકશે

। (માહિતી) નડિયાદ, તા.૨૮ ।

રાજ્યમાં ટ્રાફિક નિયમ ભંગના કિસ્સાઓમાં વાહનચાલકોને ઈસ્યુ થયેલા ઇ-ચલણ પેટે દંડની રકમની ભરપાઈ કરવાની પ્રક્રિયા હવે વધુ સરળ બનાવવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં અને રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયના માર્ગદર્શનમાં ગુજરાત પોલીસના સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા ભારતીય સ્ટેટ બેંક (SBI) સાથે કરાયેલા MoU અંતર્ગત Bha®a Bill Payment System (BBPS) મારફતે વિવિધ ઓનલાઈન માધ્યમો દ્વારા દંડની રકમ ચૂકવવાની સુવિધા શરૂ કરવામાં આવી છે. રાજ્યમાં વર્ષ ૨૦૨૩થી "One Nation One Challan" એપ્લિકેશનના માધ્યમથી વાહનચાલકોને દંડની રકમ ઓનલાઈન ચૂકવવાની સુવિધા ઉપલબ્ધ હતી, જેમાં વાહન ચાલકો દંડની રકમ નેટ બેંકિંગ, ડેબિટ /ક્રેડિટ કાર્ડ, યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI) એમ-પરીવહનની સાઈડ ઉપરથી તથા PoS મારફત ભરી શકતા હતા. હવે આ સુવિધામાં વધારો કરીને BBPS પ્લેટફોર્મ એટલે કે, ગુગલ-પે, ફોન-પે, ભીમ-પે અને યોનો એપ્લિકેશન મારફત વાહન ચાલકો સીધે-સીધી દંડની રકમ ભરપાઈ કરી શકશે. જેમાં વાહન ચાલકો દંડની રકમ નેટ બેંકિંગ, ડેબિટ/ક્રેડિટ કાર્ડ, યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI) એમ-પરીવહનની સાઈડ ઉપરથી તથા PoS મારફત ભરી શકતા હતા. હવે આ સુવિધામાં વધારો કરીને BBPS પ્લેટફોર્મ એટલે કે, ગુગલ-પે, ફોન-પે, ભીમ-પે અને યોનો એપ્લિકેશન મારફત વાહન ચાલકો સીધે-સીધી દંડની રકમ ભરપાઈ કરી શકશે. તેના માટે એપ્લિકેશન પર જઈને સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ, ગુજરાત ઓપ્શન પસંદ કરીને પેમેન્ટ કરવાનું રહેશે. BBPS જેવી સુવિધાઓનો સમાવેશ કરવાથી વાહનચાલકોને ઓનલાઈન પેમેન્ટના વધુ વિકલ્પો પ્રાપ્ત થશે અને દંડની રકમ ભરપાઈની પ્રક્રિયા વધુ સુવિધાજનક બનશે. આ સુવિધા હેઠળ એકત્રિત થનાર નાણા ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા ઓનલાઈન ચુકવણી માટે સમયાંતરે જારી કરાયેલી માર્ગદર્શિકા અનુસાર દંડની રકમની ખરાઈ કર્યા બાદ સમાધાન રૂપે ટ્રાન્સફર કરવામાં આવશે. આથી રાજ્યમાં દંડની વસૂલી પ્રક્રિયામાં પારદર્શિતા અને કાર્યક્ષમતા બંને વધશે. આ પહેલથી રાજ્યમાં ટ્રાફિક નિયમોના અમલને વધુ સુવ્યવસ્થિત બનાવવામાં તથા વાહનચાલકોને સહેલાઈથી દંડની રકમ ભરવાની સુવિધા ઉપલબ્ધ થશે, જે ''ડિજિટલ ગુજરાત''ના લક્ષ્ય તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે. આ સુવિધા હેઠળ એકત્રિત થનાર નાણા ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા ઓનલાઈન ચુકવણી માટે સમયાંતરે જારી કરાયેલી માર્ગદર્શિકા અનુસાર દંડની રકમની ખરાઈ કર્યા બાદ સમાધાન રૂપે ટ્રાન્સફર કરવામાં આવશે. આથી રાજ્યમાં દંડની વસૂલી પ્રક્રિયામાં પારદર્શિતા અને કાર્યક્ષમતા બંને વધશે. આ પહેલથી રાજ્યમાં ટ્રાફિક નિયમોના અમલને વધુ સુવ્યવસ્થિત બનાવવામાં તથા વાહનચાલકોને સહેલાઈથી દંડની રકમ ભરવાની સુવિધા ઉપલબ્ધ થશે, જે ''ડિજિટલ ગુજરાત''ના લક્ષ્ય તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે.

# પંચમહાલમાં આપ અને કોંગ્રેસને મોટો ઝટકો, એક સાથે ૨૦૦થી વધુ કાર્યકર્તાઓ ભાજપમાં જોડાયા

। (માહિતી) પંચમહાલ, તા.૨૮ ।

આગામી સ્થાનિક ચૂંટણીઓ પહેલા પંચમહાલ જિલ્લામાં ભારતીય જનતા પાર્ટી (BJP)એ વિપક્ષી દળોને મોટો ઝટકો આપ્યો છે.

આમ આદમી પાર્ટી (AAP) અને કોંગ્રેસના પૂર્વ તાલુકા પંચાયત સભ્યો, સરપંચો સહિત ૨૦૦થી વધુ કાર્યકર્તાઓ સત્તાવાર રીતે ભાજપમાં જોડાયા છે. આ જોડાણ મોરવા હડફ વિધાનસભા બેઠકના રાજકારણમાં મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. કાર્યકર્તાઓના ભાજપ પ્રવેશનો કાર્યક્રમ ગોધરા સ્થિત જિલ્લા ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે યોજાયો હતો. મોરવા હડફ વિધાનસભા બેઠકના ગોલ્લાવ વિસ્તારના આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના કાર્યકરો ભાજપમાં જોડાયા હતા. ખાસ કરીને, મોરવા હડફના મેરપ ગામના સરપંચ પણ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ સાથે જિલ્લા કાર્યાલય પહોંચ્યા હતા. ભાજપ દ્વારા આ તમામ કાર્યકર્તાઓનું ઢોલ-નગારાના નાદ સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યકરોને જિલ્લા ભાજપના અગ્રણી નેતાઓની હાજરીમાં વિધિવત રીતે પક્ષમાં આવકારવામાં આવ્યા હતા. પંચમહાલ જિલ્લા ભાજપ કાર્યાલય કમલમ ખાતે જિલ્લા પ્રમુખ મયંક દેસાઈ, જિલ્લા પંચાયત પ્રમુખ રેણુકાબેન ડાયરા અને મોરવા હડફના ધારાસભ્ય નિમિષાબેન સુથાર દ્વારા તમામ કાર્યકરોને ભાજપનો ખેસ પહેરાવીને પક્ષમાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

# વડોદરામાં રૂપિયાની ઉઘરાણી કરતા જ યુવકને ચપ્પુના ઘા ઝીંક્યા

। (માહિતી) વડોદરા, તા.૨૮ ।

વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં રૂપિયાની ઉઘરાણી બાબતે એક યુવક તેમજ તેની પત્ની ઉપર હુમલાનો બનાવ બનતા પોલીસે ત્રણ ભાઈઓ સામે ગુનો દાખલ કર્યો છે. સયાજી જુલતા પુલ પાસે રહેતા જહીર ગાયકવાડે પોલીસને કહ્યું છે કે, તા.૨૫મી એ સાંજે હું રેલવે લાઈન પાસે હતો તે દરમિયાન અકોટાનો ઈકરાન બંદા આવ્યો હતો. જેથી મેં તેને અગાઉ આપેલા રૂ.૧૨૦૦ પરત માંગતા તે ઉસ્કેરાઈ ગયો હતો અને અપશબ્દો બોલવા માંડ્યો હતો. તેણે ફોન કરી તેના ભાઈઓને બોલાવતા ઈરબાજ અને ઈમરાન પણ આવી ગયા હતા અને તેમણે મને માર માર્યો હતો. આ દરમિયાન ઈમરાને મને માથા તેમજ બગલના ભાગે ચપ્પુના ઘા માર્યા હતા. જ્યારે મારી પત્ની આવી જતા એકરાને તેને પણ લાફા માર્યા હતા. પોલીસે ત્રણેય જણા સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# દાહોદ જિલ્લા એલ.સી.બી પોલીસે ઝાલોદ ખાતે થી જ્યુપિટર ગાડી સાથે ૫૦,૧૬૦ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપ્યો જ્યુપિટર પર સવાર બે વ્યક્તિ ફરાર

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

દાહોદ જિલ્લા એલ.સી.બી પોલીસ ઝાલોદ ખાતે રાત્રી દરમ્યાન પેટ્રોલીંગમા હતી ત્યારે તેઓને બાતમી મળેલ હતી કે ઠુઠી કંકાસીયા ખાતે રહેતો રાજેશ ભીમા ગરાસીયા સાથે બીજો એક વ્યક્તિ રાજસ્થાન થી ટીવીએસ જ્યુપિટર ય્ન-૨૦-મ્ઉઁ-૯૫૦૩ પર વિદેશી દારૂ લઈ ને આવી રહેલ છે તેના આધારે એલ.સી.બી પોલીસ દ્વારા કડક બંદોબસ્ત મુકી આવતા જતા વાહનો રોકી ચેક કરી રહેલ હતા તેવામાં બાતમી વાળી જ્યુપિટર ગાડી આવતા પોલીસ દ્વારા રોકવાનો ઈસારો કરવામાં આવ્યો હતો. પોલીસને જોઈ દૂર જ્યુપિટર ગાડી મુકી બંને વ્યક્તિઓ અંધારાનો લાભ લઈ નાસી છુટયા હતા. પોલીસ દ્વારા એક વ્યક્તિને ઓળખી લેવામાં આવેલ હતો જેનું નામ રાજેશ ગરાસિયા હતું ત્યારબાદ પોલીસ દ્વારા જ્યુપિટર ગાડીની તપાસ કરતા વિદેશી દારૂ બિયરની ૧૧ પેટી હતી જેમાં કુલ ૨૬૪ નંગ વિદેશી દારૂ બિયર હતો જેની અંદાજિત કિંમત ૫૦,૧૬૦ રૂપિયા તેમજ જ્યુપિટર ગાડી ૫૦,૦૦૦ મળી કુલ ૧,૦૦,૧૬૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરેલ હતો. દાહોદ જિલ્લા એલ.સી.બી દ્વારા બે ફરાર ઈસમો વિરુદ્ધ ઝાલોદ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરેલ છે.

## વિશેષ

### ધર્મ સાથેનું વિજ્ઞાન હોય તો ગમે તે મુકામ પર પહોંચી શકાયઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

# 'વિકસિત ગુજરાત'ના નિર્માણ માટે 'વિકાસ અને વિરાસત'નું સંતુલન અનિવાર્યઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગોઝારિયા ખાતે શતચંડી મહાયજ્ઞમાં ઉદબોધન કર્યું

। (માહિતી) અમદાવાદ ।

સમગ્ર ગુજરાતમાં વિક્રમ સંવત ૨૦૮૨ ના નવીન વર્ષની ઉમંગભરી ઉજવણી પછી ના દિવસોમાં મહેસાણા જિલ્લાના ગોઝારિયા ખાતે શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ અને સમસ્ત પાટીદાર સમાજ આયોજિત શતચંડી મહાયજ્ઞના પાવન અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહભાગી થયા હતા.

તેમણે સૌને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી હંમેશા કહે છે કે 'વિકાસ કરવો છે, પરંતુ વિરાસત જાળવી રાખીને' અને તેમનો આ મંત્ર જ વિકસિત ભારતનો સાચો માર્ગ છે. મુખ્યમંત્રીશ્રીએ યજ્ઞોના મહત્વ પર ભાર મુકતા કહ્યું કે, ધર્મ સાથેનું વિજ્ઞાન હશે તો જ આપણે નિર્ધારિત મુકામ પર પહોંચી શકીશું.

તેમણે ગોઝારિયા ગામની વિશેષતાને બિરદાવતા કહ્યું કે આ ગામમાં પોતાના કામ વિના વિઘ્ને પૂરા કરવાની ક્ષમતા તો છે જ, પણ સાથે બીજાના કામ પણ પૂરા કરવાની તાકાત રહેલી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રામ મંદિરના નિર્માણ પછી દેશમાં પ્રસરેલી નવી ઊર્જાના સંદર્ભમાં રાષ્ટ્ર નિર્માણમાં ગુજરાતની ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

તેમણે સ્પષ્ટ કર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આપેલું વિકસિત ભારતનું લક્ષ્ય વિકસિત ગુજરાત થકી જ શક્ય બનશે.

વિકસિત ગુજરાત માટે ગામે-ગામ વિકસિત બને અને છેવાડાનો દરેક માણસ વિકાસના મુખ્ય પ્રવાહમાં આવે તે માટેના સરકારના ફળદાયી પ્રયાસોની મુખ્યમંત્રીશ્રીએ છણાવટ કરી હતી.

રાજ્યના આર્થિક વિકાસની ગતિને વધુ વેગ આપવા ગુજરાત સરકારે શરૂ કરેલી પહેલો ની વિગતો આપતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરકારે ઝોન-વાઈઝ વાઈબ્રન્ટ કોન્ફરન્સની શરૂઆત કરી છે, તેની પ્રથમ કોન્ફરન્સ તાજેતરમાં જ ઉત્તર ગુજરાતમાં યોજાઈ હતી.

આ કોન્ફરન્સના પરિણામે ત્રણ લાખ કરોડથી વધુનું રોકાણ થયું અને ૧૨૦૦થી વધુ એમઓયુ થયા છે તેનો મુખ્યમંત્રીશ્રીએ હર્ષ વ્યક્ત કર્યો હતો.

તેમણે નવા વર્ષમાં ગોઝારિયા ગામને નવા સંકલ્પો કરવા અને તે તમામ સંકલ્પો પરિપૂર્ણ થાય તેવી ઉમિયા માતાને પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગે મહેસાણા લોકસભાના સાંસદ શ્રી હરિભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશના કોઈ પણ ખૂણે હોઈએ, આપણી ધાર્મિક પ્રવૃત્તિ જળવાઈ રહેવી જોઈએ, જેના કારણે નવી પેઢીમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન થાય. તેમણે વિકાસની વ્યાખ્યાને વિસ્તારતા કહ્યું કે તેમાં માત્ર રોડ-રસ્તા જ નહીં, પણ ધાર્મિકતા અને સંસ્કારનો પણ સમાવેશ થાય છે.

રાજ્યસભાના સાંસદ શ્રી મયંક નાયકે ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના આ યુગમાં આવનારી પેઢી સનાતન ધર્મ તરફ વળે તે માટે શતચંડી મહાયજ્ઞનું આયોજન કરવા બદલ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ગામના વિકાસમાં સાંસદ તરીકે હંમેશા હાજર રહેવાની અને ગોઝારિયા ગામ વિકાસમાં ક્યાંય પાછું ન પડે તે માટે સંકલ્પબદ્ધ થવાની ખાતરી આપી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે ઉમિયા માતાના દર્શન કર્યા હતા અને મહાયજ્ઞ માટે દાનની સરવાણી વહાવનાર દાતાશ્રીઓને સન્માનિત પણ કર્યા હતા.

શતચંડી મહાયજ્ઞના આ ધાર્મિક અને ભવ્ય કાર્યક્રમમાં મહેસાણાના ધારાસભ્ય શ્રી મુકેશ પટેલ, મહેસાણા ડિસ્ટ્રીક્ટ બેંકના ચેરમેન શ્રી વિનોદભાઈ પટેલ, મહેસાણાના કલેક્ટર શ્રી એસ. કે. પ્રજાપતિ, શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ, ઉપપ્રમુખ સહિત પાટીદાર સમાજના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે ઉમિયા માતાના દર્શન કર્યા હતા અને મહાયજ્ઞ માટે દાનની સરવાણી વહાવનાર દાતાશ્રીઓને સન્માનિત પણ કર્યા હતા.

શતચંડી મહાયજ્ઞના આ ધાર્મિક અને ભવ્ય કાર્યક્રમમાં મહેસાણાના ધારાસભ્ય શ્રી મુકેશ પટેલ, મહેસાણા ડિસ્ટ્રીક્ટ બેંકના ચેરમેન શ્રી વિનોદભાઈ પટેલ, મહેસાણાના કલેક્ટર શ્રી એસ. કે. પ્રજાપતિ, શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ, ઉપપ્રમુખ સહિત પાટીદાર સમાજના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પહેલી T20 મેચ ૨૯ ઓક્ટોબરે રમાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની વનડે સિરીઝ રોમાંચક અંદાજમાં સમાપ્ત થઈ છે. ઓસ્ટ્રેલિયાની ટીમે સિરીઝને ૨-૧થી પોતાના નામે કરી છે. હવે ઈન્ડિયા અને ઓસ્ટ્રેલિયા T20 સિરીઝ આમને-સામને જોવા મળશે. પહેલી T20 મેચ ૨૯ ઓક્ટોબરે રમાશે. આ સિરીઝમાં ભારતીય ટીમ વનડે સિરીઝની હારના ઘા રૂઝાવવામાં મદદ કરશે. સૂર્યકુમાર યાદવના નેતૃત્વ હેઠળની પ્લેઈંગ ઈલેવનમાં કેટલાક મોટા ફેરફારો જોવા મળી શકે છે. શુભમન ગિલ ઓસ્ટ્રેલિયા સામેની વનડે સિરીઝના ત્રણેય મેચમાં ફ્લોપ જોવા મળ્યો છે. આવી સ્થિતિમાં ગિલને T20 સિરીઝની પહેલી મેચ માટે આરામ આપી શકાય છે. એશિયા કપમાં સંજુ સેમસનને ઓપનર તરીકે ડિમોશન થયું હતું અને શુભમન ગિલે ઓપનિંગ કરી હતી. જો કે, ગિલનું બેટિંગ પ્રદર્શન ખાસ પ્રભાવશાળી નહોતું. બીજી તરફ સેમસનએ મિડલ ઓર્ડરમાં સારી બેટિંગ કરી હતી. તેથી ટીમ મેનેજમેન્ટ ગિલને આરામ આપવાનું અને સંજુ સેમસનને ફરીથી ઓપનર તરીકે રમવાનું વિચારી શકે છે. શુભમન ગિલને એશિયા કપ ૨૦૨૫ પહેલા T20 ટીમના ઉપ-કેપ્ટન તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં ગિલને રેસ્ટ આપવામાં આવે તેવી શક્યતા ઓછી છે.

## બિહાર ચૂંટણીમાં રીલ્સ મુદ્દે ભાજપ-કોંગ્રેસ સામસામે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

બિહાર ચૂંટણીમાં, NDA 4G અને સસ્તા ડેટાને ડિજિટલ ઈન્ડિયાની સિદ્ધિ ગણાવીને લાભ લેવાનો પ્રયાસ કરી રહ્યું છે, જ્યારે વિપક્ષ સરકારને ઘેરી રહ્યું છે. વડાપ્રધાન મોદીએ પોતાના પ્રચારની શરુઆતમાં કહ્યું કે, 1 GB ડેટાની કિંમત એક કપ ચા કરતાં પણ ઓછી છે, જેને કારણે બિહારના યુવાનો રીલ દ્વારા કમાણી કરીને તેમની ક્રિએટિવિટી વિશ્વને બતાવી રહ્યા છે. ત્યારે બિહાર કોંગ્રેસે તેમને આના પર ઘેરી લીધા છે. બિહાર કોંગ્રેસે પોતાના X એકાઉન્ટ પર રાહુલ ગાંધીના રીલને લઈને વિચારો શેર કરીને કેપ્શન આપ્યું, અંતર સ્પષ્ટ છે અને યુઝર્સને સવાલ કર્યો કે રીલના મુદ્દા પર કોણ સાચા છે? બિહાર કોંગ્રેસ દ્વારા શેર કરાયેલા જૂના વીડિયોમાં રાહુલ ગાંધીએ યુવાનો પર આકરી ટિપ્પણી કરતા કહ્યું હતું કે, આજના યુવાનો રોજ ૭-૮ કલાક રીલ જુએ છે.

### જાયસવાલે રણજી ટ્રોફી મેચ રમવાનો નિર્ણય લીધો

# યશસ્વીએ સદી પર સદી ફટકારી છતાં ટીમ ઈંડિયામાં જગ્યા નથી મળી રહી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

આમ તો યશસ્વી જાયસવાલ પોતાના કરિયરના પ્રાઈમ ફોર્મમાં ચાલી રહ્યો છે. વિદેશોમાં પણ રનનો ઢગલો કરી નાખે છે. સદી પર સદી ફટકારી રહ્યો છે, તેમ છતાં ભારતીય ટીમની પ્લેઈંગ ઈલેવનમાં તેની જગ્યા થતી નથી. રોહિત શર્માના કારણે તેને બહાર બેસવું પડે છે. ટી-૨૦ સ્ક્વૉડમાં પણ તેને જગ્યા નથી મળી. આ જ કારણ છે કે યશસ્વીએ પોતાના કરિયરને નવો વળાંક આપવાનો નિર્ણય લીધો છે. યશસ્વી જાયસવાલે રણજી ટ્રોફી મેચ રમવાનો નિર્ણય લઈ લીધો છે. તેમણે મુંબઈ ક્રિકેટ સંઘને જણાવી દીધું છે કે તે રાજસ્થાન વિરુદ્ધ મુંબઈની આગામી રણજી ટ્રોફી મેચ રમશે. યશસ્વી ઑસ્ટ્રેલિયા પ્રવાસમાં પણ ટીમનો ભાગ હતો, પણ તેને ટીમના સંયોજનને જોતા એક પણ મેચ રમવા નથી મળી.



બીસીસીઆઈના નિર્દેશ અનુસાર, તમામ કોન્ટ્રાક્ટ ખેલાડીઓને રાષ્ટ્રીય ટીમમાં ન જગ્યા થાય ત્યાં સુધી ઘરેલૂ ટૂર્નામેન્ટ રમવી ફરજિયાત છે. જાયસવાલ ૧ નવેમ્બરના રોજ શરૂ થનારી મેચ માટે જયપુરમાં ટીમ સાથે જોડાશે. મુંબઈની ટીમ ૩૦ ઑક્ટોબરના રોજ પહોંચે તેવી આશા છે. હાલની રણજી સિઝન પહેલા જાયસવાલે મુંબઈની ટીમ છોડી ગોવામાંથી રમવાનો નિર્ણય લીધો હતો, પણ બાદમાં તેણે પોતાનું મન બદલી નાખ્યું. જો કે આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓના કારણે તેને આ સિઝનમાં અત્યાર સુધી કોઈ ઘરેલૂ ક્રિકેટ નથી રમી. મુંબઈ માટે તેની છેલ્લી મેચ જાન્યુઆરીમાં જમ્મુ કાશ્મીર વિરુદ્ધ ગ્રુપ સ્ટેજ દરમિયાન થઈ હતી, જેમાં રોહિત શર્મા અને શ્રેયસ અય્યર પણ સામેલ હતા.

જાયસવાલે મુંબઈ સ્કૂલ સ્પોર્ટ્સ એસોસિએશનને સૂચના આપી છે કે તે હેરિસ અને જાઈલ્સ શીલ્ડ ટૂર્નામેન્ટની ફાઈનલ માટે સવર્શ્રેષ્ઠ ખેલાડી પુરસ્કારોને પ્રાયોજિત કરશે.

### એન્જિન આગળ દોડતું રહ્યું

## મુંબઈથી બિહાર જતી ટ્રેનમાં કપલિંગ તૂટતા ડબ્બા અલગ થયા

। (એજન્સી) ચિત્રકૂટ, તા.૨૮ ।

સતના-માનિકપુર રેલ ખંડ પર મઝગાંવા-ટિકરિયાની વચ્ચે એક મોટી રેલ દુર્ઘટના ટળી ગઈ. જ્યારે લોકમાન્ય તિલક ટર્મિનલથી ભાગલપુર જઈ રહેલી મુંબઈ-ભાગલપુર એક્સપ્રેસ (ટ્રેન નંબર ૧૨૩૩૬) સોમવાર સવારે કપલિંગ તૂટવાથી અચાનક બે ભાગમાં ફંટાઈ ગઈ હતી. આ દુર્ઘટના મઝગાંવા અને ટિકરિયા રેલવે સ્ટેશનોની વચ્ચે સવારે ૨.૫૪ કલાકે થઈ હતી. કપલિંગ તૂટવાથી ટ્રેનના પાછળના ત્રણ ડબ્બા મુખ્ય ટ્રેનથી અલગ થઈને ટ્રેક પર અટકી ગયા હતા, જેનાથી યાત્રીઓમાં અફરાતફરી મચી ગઈ હતી. સારી વાત એ છે કે તે સમયે ટ્રેનની સ્પીડ ધીમી હતી, જેના કારણે મોટી દુર્ઘટના ટળી ગઈ. સૂચના મળતા જ રેલવેની ટેકનિકલ ટીમ ઘટનાસ્થળે પહોંચી અને લગભગ ચાર કલાકની ભારે મહેનત બાદ ડબ્બાને ફરી જોડવામાં આવ્યા.

### સુનિલ ગાવસ્કરની BCCIને સલાહ

# વર્લ્ડકપ ૨૦૨૭ની ટીમમાં અત્યારથી લખી નાંખો રોહિત અને વિરાટનું નામ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

વર્તમાન ક્રિકેટ કોમેન્ટેટર અને પૂર્વ ભારતીય ક્રિકેટર સુનીલ ગાવસ્કરે BCCIને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, અત્યારથી જ વર્લ્ડ કપ ૨૦૨૭ ટીમમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીનું નામ લખી દો. ગાવસ્કરે કહ્યું છે કે, જો તેઓ વર્લ્ડ કપ ૨૦૨૭ માટે ઉપલબ્ધ હોય, તો તેમને સીધી ટીમમાં એન્ટ્રી મળવી જોઈએ. ઓસ્ટ્રેલિયામાં, રોહિત શર્માએ અડધી સદી પછી સદી ફટકારી અને પ્લેયર ઑફ ધ મેચ તેમજ પ્લેયર ઑફ ધ સિરીઝ તરીકે પસંદ કરવામાં આવ્યા, જ્યારે વિરાટ કોહલીએ સતત બે મેચમાં શૂન્ય રન પર આઉટ થયા બાદ ૭૪ રનની અણનમ ઈનિંગ રમી હતી.

સુનીલ ગાવસ્કરે સિડનીમાં ત્રીજી વનડેમાં ભારતની જીત બાદ મીડિયા સાથે વાત કરતાં કહ્યું કે, બંનેએ દબાણથી ભરેલી મેચમાં પોતાની ક્લાસ અને નિર્ણય લેવાની ક્ષમતા બતાવી છે. જે ક્ષણે તેને આ પ્રવાસ માટે ઉપલબ્ધ કરાવ્યો, તે સ્પષ્ટ થઈ ગયું કે, તે ૨૦૨૭ વર્લ્ડ કપ માટે ત્યાં રહેવા માંગે છે. આગળ ગમે તે થાય, તે રન બનાવે કે ન બનાવે, તેની પાસે રહેલી ક્ષમતા અને અનુભવ સાથે જો તે ઉપલબ્ધ હોય, તો તેની ટીમમાં હોવાની ખાતરી કરો.'' આ ઉપરાંત તેમણે ભારપૂર્વક એમ પણ કહ્યું કે, આ પ્રકારના ફોર્મ સાથે તમે તેનું નામ સીધું દક્ષિણ આફ્રિકા ૨૦૨૭ વર્લ્ડ કપ ટીમમાં લખી શકો છો. રોહિત શર્માએ પર્થ મેચમાં ૮ રન બનાવ્યા હતા, જ્યારે વિરાટ કોહલી પોતાનું ખાતું ખોલવામાં નિષ્ફળ ગયો હતો. એ પછી એવું કહેવામાં આવ્યું હતું કે, રોહિત અને વિરાટનું કરિયર સમાપ્ત થઈ ગઈ છે, પરંતુ રોહિત શર્માએ એડિલેડમાં બતાવ્યું કે, તે સક્ષમ છે, અને પછી સિડનીમાં રોહિત અને વિરાટની અતૂટ ભાગીદારી જોવા મળી, જેથી ભારતને એકતરફી રીતે મેચ જીતવામાં મદદ મળી.

### પૃથ્વી શોનું દમદાર કમબેક?

# પૃથ્વી શોએ ૨૯ ચોગ્ગા અને ૫ છગ્ગા સાથે ફટકાર્યા ૨૨૨ રન

। (એજન્સી) ચંદીગઢ, તા.૨૮ ।

રણજી ટ્રોફી ૨૦૨૫-૨૬માં મહારાષ્ટ્રની ટીમ પોતાની બીજી મેચ ચંદીગઢ સામે રમી રહી છે. ચંદીગઢના સેક્ટર-૧૬માં રમાઈ રહેલી આ એલીટ ગ્રૂપ-બીની મેચમાં મહારાષ્ટ્રના બેટર્સે ધુઆંધાર બેટિંગ કરી ચંદીગઢને હંફાવી દીધા છે. જેમાં મહારાષ્ટ્રના બેટર પૃથ્વી શૉએ આકર્ષણ જમાવ્યું છે. પૃથ્વી શૉએ માત્ર ૧૫૬ બોલમાં ૨૨૨ રન ફટકારી બોલર્સને હંફાવ્યા હતા.

પૃથ્વી શૉની ધુઆંધાર બેટિંગથી ચંદીગઢની ટીમ ચોંકી ગઈ હતી. શૉએ ૨૯ ચોગ્ગા અને પાંચ છગ્ગા ફટકારી ૨૨૨ રન ફટકાર્યા હતા. તેણે માત્ર ૧૪૧ બોલમાં જ બે સદી ફટકારી રેકોર્ડ સર્જ્યો હતો. આ ટૂર્નામેન્ટમાં એલિટ ગ્રૂપમાં અત્યારસુધી બીજી સૌથી ઝડપી બેવડી સદી બની હતી. અગાઉ રવિ શાસ્ત્રીએ ૧૯૮૪-૮૫માં માત્ર ૧૨૩ બોલમાં બેવડી સદી ફટકારી હતી. પૃથ્વી શૉની તોફાની બેટિંગના જોર પર મહારાષ્ટ્રે પોતાના બીજા દાંવમાં ત્રણ વિકેટમાં ૩૫૯ રન ફટકાર્યા હતા. જેમાં ૨૨૨ રન તો માત્ર પૃથ્વીના જ હતાં. પૃથ્વી શૉની આ ઈનિંગ્સમાં સ્ટ્રાઈક રેટ ૧૪૨.૩૦નો રહ્યો છે. પૃથ્વીના ફર્સ્ટ ક્લાસ કરિયરની આ ૧૪મી સદી રહી. મહારાષ્ટ્રે આ મુકાબલામાં પોતાની પ્રથમ ઈનિંગમાં ૩૧૯ રન બનાવ્યા હતાં. ચંદીગઢ પોતાની પ્રથમ ઈનિંગમાં ૨૦૩ રનમાં સમેટાઈ ગઈ. ચંદીગઢ સામે જીત માટે ૪૬૪ રનનો ટાર્ગેટ છે. ૨૫ વર્ષીય શૉ પાછલી સીઝન સુધી મુંબઈનો ભાગ રહ્યો હતો. આ સીઝનમાં તે મહારાષ્ટ્રની ટીમમાંથી રમી રહ્યો છે. પ્રથમ ઈનિંગમાં તે ઝીરો રન પર આઉટ થયો હતો, બાદમાં બીજી ઈનિંગાં ૭૫ રન ફટકાર્યા હતા. તેણે ટીમ ઈન્ડિયા તરફથી પાંચ ટેસ્ટ, ૬ વનડે અને ૧ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચ રમી છે. જેમાં ૩૫.૨૦ની એવરેજમાં ૫૨૮ રન ફટકાર્યા છે.

## રખડતાં શ્વાન મામલે સુપ્રીમ કોર્ટે રાજ્યોના મુખ્ય સચિવોને હાજર થવા આપ્યા આદેશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

દેશભરમાં રખડતાં શ્વાન મામલે રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરકાર દ્વારા સોગંદનામું દાખલ ન કરવા બદલ સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આદેશ આપ્યા બાદ પણ શ્વાન કરડી જવાની અનેક ઘટનાઓ બની રહી છે, વિદેશમાં પણ દેશની છબિ ખરાબ થઈ રહી છે. તેમ છતાં રાજ્યોએ અનુપાલનનું સોગંદનામું રજૂ કર્યુ નથી. કોર્ટે રાજ્યોના મુખ્ય સચિવને આ અંગે જાણ કરી ત્રણ નવેમ્બર સુધી જવાબ આપવા કહ્યું છે.

સુપ્રીમ કોર્ટે ઑગસ્ટમાં દેશભરના રખડતાં શ્વાનને પકડી, તેમનું ખસીકરણ કરી છોડી મૂકવાનો આદેશ આપ્યો હતો. તેના અનુપાલન માટે રાજ્ય અને કેન્દ્રશાસિત સરકારને સોગંદનામું રજૂ કરવા કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ૨૨ ઑગસ્ટના આદેશ અનુસાર માત્ર ૩ અનુપાલનના સોગંદનામા દાખલ કર્યા છે.

## માત્ર 30 મિનિટના ગાળામાં સુપર પાવર અમેરિકાએ ગુમાવ્યા ૨ એરક્રાફ્ટ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૮ ।

સમુદ્રની વચ્ચોવચ દુનિયાના સૌથી શક્તિશાળી યુદ્ધજહાજ અને તેના અડધા કલાકમાં બે એરક્રાફ્ટ ગાયબ થઈ ગયા? જી હા. ૨૬ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ યુએસએસ નિમિત્ઝ વિમાનવાહક જહાજ પર આવી એક ઘટના ઘટી છે. ત્યારબાદ સમગ્ર દુનિયામાં તેની ચર્ચા છે. ન્યૂઝ એજન્સી એપી મુજબ નેવીના પ્રશાંત બેડેએ કહ્યું કે વિમાનવાહક જહાજ યુએસએસ નિમિત્ઝ પર આધારિત એક ફાઈટર જેટ અને એક હેલિકોપ્ટર બંને રવિવારે બપોરે ૩૦ મિનિટના સમયગાળામાં દક્ષિણ ચીન સાગરમાં દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયા.

બેડેએ એક નિવેદનમાં કહ્યું કે એમએચ-૬૦આર સી હોક હેલિકોપ્ટરના ત્રણ ચાલક દળના સભ્યોને બચાવી લેવાયા અને એફ/એ-૧૮ સુપર હોર્નેટ ફાઈટર જેટમાં બે એવિએટર બહાર નીકળી ગયા અને તેમને સુરક્ષિત રીતે મેળવી લેવાયા અને તમામ પાંચ સુરક્ષિત અને સ્થિર સ્થિતિમાં છે. નિવેદનમાં કહેવાયું છે કે બંને દુર્ઘટનાઓના કારણોની તપાસ થઈ રહી છે. આ વિસ્તાર આમ પણ સુપરસેન્સિટિવ છે. જ્યાં ચીન અને અમેરિકાની તનાતની ચાલતી રહે છે.

રાહતના સમાચાર એ છે કે જાનમાલનું કોઈ નુકસાન થયું નથી. હેલિકોપ્ટરના ત્રણ ક્રુ સભ્યોને નિમિત્ઝના સર્ચ એન્ડ રેસ્ક્યૂ દળે તરત બચાવી લીધા. ફાઈટર જેટના બંને પાઈલોટ્સે ઈમરજન્સીમાં ઈજેક્ટ કર્યુ અને તેઓ પણ સુરક્ષિત છે. યુએસ પેસિફિક ફ્લીટે નિવેદન આપ્યું કે તમામ પાંચ ક્રુ સભ્યો સુરક્ષિત છે અને તેમની સ્થિતિ સ્થિર છે. પરંતુ સવાલ એ છે કે આખરે એવું તે શું થયું? નેવીએ કહ્યું કે અકસ્માતના કારણોની તપાસ શરૂ થઈ ગઈ છે. કદાચ ટેક્નિકલ ખરાબી, હવામાન કે માનવીય ભૂલ...કઈ પણ હોઈ શકે છે.

યુએસએસ નિમિત્ઝ કોઈ સામાન્ય જહાજ નથી. તે ૧૯૭૫થી અમેરિકાની નેવીનું ગૌરવ રહ્યું છે. આ વર્ષે તે મિડલ ઈસ્ટમાં હતું. જ્યાં યમનના હૂતી વિદ્રોહીઓના હુમલાના જવાબમાં તૈનાત હતું. હવે તે વોશિંગ્ટનના નેવલ બેસ કિટસૈપ પરત ફરી રહ્યું છે. આ તેનું છેલ્લું મિશન છે. કારણ કે ૨૦૨૬માં તેને રિટાયર કરી દેવાશે? નવા ફોર્ડ ક્લાઝ કેરિયર્સ તેની જગ્યા લેશે. પરંતુ આ અકસ્માતો જૂના જહાજોના મેન્ટેનન્સ પ્રોબલમ્સ તરફ ઈશારો કરે છે.

આ કોઈ પહેલીવાર નથી બન્યું. હાલમાં જ યુએસએસ હૈરી એસ. ટ્રૂમેન કેરિયર સાથે પણ આવા અકસ્માતો થયા છે. ડિસેમ્બર ૨૦૨૪માં તેના એક જેટને ભૂલથી યુએસએસ ગેટિસબર્ગ ક્રૂઝરે તોડી પાડ્યું. પછી એપ્રિલ ૨૦૨૫માં એક એફ/એ-૧૮ હેંગર ડેકથી લપસીને રેડ સીમાં પડી ગયું. મેમાં એક જેટ લેન્ડિંગ દરમિયાન કેબલ પકડી શક્યું નહીં અને સમુદ્રમાં જતું રહ્યું.

**વિશેષ**

### વર્લ્ડ બેન્ક, ડેલોઈટ પછી હવે IMFને પણ ભારત પર વિશ્વાસ

# ટ્રમ્પના ટેરિફ છતાં ભારત દુનિયામાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર રહેશે

## નાણાકીય વર્ષ ૨૫-૨૬માં ભારતની જીડીપી વૃદ્ધિ ૬.૬ ટકા જ્યારે ચીનનો જીડીપી વૃદ્ધિદર માત્ર ૪.૮ ટકા રહેવાની શક્યતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ભારત પર જંગી ટેરિફ નાંખવાની સાથે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય અર્થતંત્રને ડેડ ઈકોનોમી ગણાવી હતી અને ભારતીય વિપક્ષે પણ તેમની આ વાતનું સમર્થન કર્યું હતું. પરંતુ ટ્રમ્પ અને વિપક્ષના દાવાઓથી વિપરિત વર્લ્ડ બેંક, ડેલોઈટ સહિત તમામ વૈશ્વિક સંસ્થાઓ ભારત દુનિયામાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બની રહેશે તેમ કહી રહી છે. હવે આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળે પણ કહ્યું છે કે નાણાકીય વર્ષ ૨૫-૨૬માં ભારતની જીડીપી વૃદ્ધિ ૬.૬ ટકા રહેશે અને આ બાબતમાં ચીન ભારત કરતાં ઘણું પાછળ રહેશે.

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (આઈએમએફ) એ તેના તાજા રિપોર્ટ વર્લ્ડ ઈકોનોમિક આઉટલૂકમાં કહ્યું છે કે ભારતનો જીડીપી વૃદ્ધિદર નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૬.૬ ટકા રહેવાની શક્યતા છે. આ આંકડા સાથે ભારત દુનિયાના સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રોમાં સ્થાન જાળવી રાખશે. આઈએમએફે વધુમાં કહ્યું કે, પહેલા ત્રિમાસિકની મજબૂત આર્થિક પ્રવૃત્તિઓને જોતા







આ અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે. ૨૦૨૬ માટે ભારતીય અર્થતંત્રની વૃદ્ધિનો અંદાજ આંશિક ઘટાડીને ૬.૨ ટકા રહેવાની ધારણા કરવામાં આવે છે.આઈએમએફ મુજબ ભારત ચીનની સરખામણીમાં વધુ ઝડપથી આગળ વધશે. ચીનનો જીડીપી વૃદ્ધિનો અંદાજ ૪.૮ ટકા છે.

આ સિવાય વૈશ્વિક અર્થતંત્ર અંગે આઈએમએફનું કહેવું છે કે આ વર્ષે વૈશ્વિક ગ્રોથ રેટ ૩.૨ ટકા અને ૨૦૨૬માં ૩.૧ ટકા રહી શકે છે, જે અગાઉના પૂર્વાનુમાનો કરતા ઓછો છે. વિકસિત અર્થતંત્રોમાં સ્પેન ૨.૯ ટકાની જીડીપી વૃદ્ધિ સાથે સૌથી આગળ રહી શકે છે. બીજીબાજુ અમેરિકાનો ગ્રોથ રેટ ૧.૯ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કરાયો છે.

આઈએમએફની પહેલા વર્લ્ડ બેંક્રે પણ ભારતની ઝડપી વૃદ્ધિ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. વર્લ્ડ બેંક્રે તેના રિપોર્ટમાં આશા વ્યક્ત કરતા ભારતના જીડીપી વૃદ્ધિદરનો અંદાજ વધાર્યો હતો. વર્લ્ડ બેંક્રે કહ્યું કે, મજબૂત ઘરેલુ વપરાશ અને કૃષિ તથા ગ્રામીણ મજૂરીમાં ખૂબ જ સારા દેખાવના પગલે નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે ભારતનો જીડીપી વૃદ્ધિદરનો અંદાજ અગાઉના ૬.૩ ટકાથી વધારીને ૬.૫ ટકા કરવામાં આવ્યો છે.

ડેલોઈટે પણ ભારતીય અર્થતંત્રનો વિકાસ જળવાઈ રહેશે તે બાબતને અનુમોદન આપ્યું હતું. ડેલોઈટે તેના રિપોર્ટમાં કહ્યું કે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતનું અર્થતંત્ર ૬.૭-૬.૯ટકાના દરે વિકાસ કરશે તેવી આશા છે. ભારતની વૃદ્ધિનો અંદાજ વધારતા ડેલોઈટે કહ્યું, વૃદ્ધિના અંદાજમાં આ વધારો મોટાભાગના દેશોની સરખામણીમાં ભારતના મજબૂત થઈને ઉભરવાની નવી ભાવનાનો સંકેત આપે છે. ભારતે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં શાનદાર શરૂઆત કરી છે અને એપ્રિલ-જૂન ત્રિમાસિકમાં ૭.૮ ટકા જીડીપી વૃદ્ધિ નોંધાવી છે, જે આશા કરતાં ઘણી વધુ છે. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (આઈએમએફ) એ તેના તાજા રિપોર્ટ વર્લ્ડ ઈકોનોમિક આઉટલૂકમાં કહ્યું છે કે ભારતનો જીડીપી વૃદ્ધિદર નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૬.૬ ટકા રહેવાની શક્યતા છે. આ આંકડા સાથે ભારત દુનિયાના સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રોમાં સ્થાન જાળવી રાખશે. આઈએમએફે વધુમાં કહ્યું કે, પહેલા ત્રિમાસિકની મજબૂત આર્થિક પ્રવૃત્તિઓને જોતા આ અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે. ૨૦૨૬ માટે ભારતીય અર્થતંત્રની વૃદ્ધિનો અંદાજ આંશિક ઘટાડીને ૬.૨ ટકા રહેવાની ધારણા કરવામાં આવે છે.આઈએમએફ મુજબ ભારત ચીનની સરખામણીમાં વધુ ઝડપથી આગળ વધશે. ચીનનો જીડીપી વૃદ્ધિનો અંદાજ ૪.૮ ટકા છે. આ સિવાય વૈશ્વિક અર્થતંત્ર અંગે આઈએમએફનું કહેવું છે કે આ વર્ષે વૈશ્વિક ગ્રોથ રેટ ૩.૨ ટકા અને ૨૦૨૬માં ૩.૧ ટકા રહી શકે છે, જે અગાઉના પૂર્વાનુમાનો કરતા ઓછો છે. વિકસિત અર્થતંત્રોમાં સ્પેન ૨.૯ ટકાની જીડીપી વૃદ્ધિ સાથે સૌથી આગળ રહી શકે છે. બીજીબાજુ અમેરિકાનો ગ્રોથ રેટ ૧.૯ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કરાયો છે. આઈએમએફની પહેલા વર્લ્ડ બેંક્રે પણ ભારતની ઝડપી વૃદ્ધિ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. વર્લ્ડ બેંક્રે તેના રિપોર્ટમાં આશા વ્યક્ત કરતા ભારતના જીડીપી વૃદ્ધિદરનો અંદાજ વધાર્યો હતો. વર્લ્ડ બેંક્રે કહ્યું કે, મજબૂત ઘરેલુ વપરાશ અને કૃષિ તથા ગ્રામીણ મજૂરીમાં ખૂબ જ સારા દેખાવના પગલે નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે ભારતનો જીડીપી વૃદ્ધિદરનો અંદાજ અગાઉના ૬.૩ ટકાથી વધારીને ૬.૫ ટકા કરવામાં આવ્યો છે.

ડેલોઈટે પણ ભારતીય અર્થતંત્રનો વિકાસ જળવાઈ રહેશે તે બાબતને અનુમોદન આપ્યું હતું. ડેલોઈટે તેના રિપોર્ટમાં કહ્યું કે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતનું અર્થતંત્ર ૬.૭-૬.૯ટકાના દરે વિકાસ કરશે તેવી આશા છે. ભારતની વૃદ્ધિનો અંદાજ વધારતા ડેલોઈટે કહ્યું, વૃદ્ધિના અંદાજમાં આ વધારો મોટાભાગના દેશોની સરખામણીમાં ભારતના મજબૂત થઈને ઉભરવાની નવી ભાવનાનો સંકેત આપે છે. ભારતે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં શાનદાર શરૂઆત કરી છે અને એપ્રિલ-જૂન ત્રિમાસિકમાં ૭.૮ ટકા જીડીપી વૃદ્ધિ નોંધાવી છે, જે આશા કરતાં ઘણી વધુ છે.

## સૌરાષ્ટ્રથી સુરત જતા પરિવારની કાર ઉમેટા બ્રિજ પાસે આગમાં લપેટાઈ, ટ્રાફિક બંધ કરી દેવાતા વાહનોની લાંબી કતાર જામી

। વડોદરા, તા.૨૮ ।

વડોદરા નજીક મહીસાગર પરના બ્રિજ ઉપર ગઈ મોડી સાંજે એક કાર આગમાં લપટાતા સુરતના પરિવારનો બચાવ થયો હતો. સિંધરોટ નજીક ઉમેટા બ્રિજ પાસે બનેલા બનાવની વિગત એવી છે કે સુરતના એક પરિવારના પાંચ સભ્યો સૌરાષ્ટ્રથી પરત ફરી રહ્યા હતા ત્યારે એન્જિનના ભાગેથી ધુમાડા નીકળતા કોઈ વાહન ચાલકનું ધ્યાન ગયું હતું અને તેણે કાર ચાલકને જાણ કરી હતી.

કારચાલક સતર્ક થઈ ગયા હતા અને તરત જ બાજુમાં કાર પાર્ક કરી પરિવાર સહિત નીચે ઉતરી ગયા હતા તેમજ સામાન પણ બહાર કાઢી લીધો હતો. ત્યારબાદ તરત જ આગ ભડકી ઉઠી હતી અને જોત જોતામાં આખી કાર આગમાં સળગવા માંડી હતી. બનાવને પગલે બ્રિજ તરફ જતો આવતો ટ્રાફિક બંધ કરી દેવાતા વાહનોની લાંબી કતાર જામી હતી. વાસણા રોડ ફાયર બિગેડની ટીમ દ્વારા આગ કાબુમાં લેવામાં આવી હતી. લગભગ એક કલાક બાદ વાહન વ્યવહાર રાબેતા મુજબનો થયો હતો. બનાવને પગલે બ્રિજ તરફ જતો આવતો ટ્રાફિક બંધ કરી દેવાતા વાહનોની લાંબી કતાર જામી હતી. વાસણા રોડ ફાયર બિગેડની ટીમ દ્વારા આગ કાબુમાં લેવામાં આવી હતી. લગભગ એક કલાક બાદ વાહન વ્યવહાર રાબેતા મુજબનો થયો હતો.

# સાંસદ ધવલ પટેલે કૃષિમંત્રીને ખેડૂતોને સહાય આપવા માગ કરી

। વલસાડ, તા.૨૮ ।

વલસાડના સાંસદ ધવલ પટેલે કૃષિ મંત્રી જીતુ વાઘાણીને એક પત્ર લખીને ખેડૂતોને માવઠાને કારણે થયેલા પાકની નુકસાનીનું વળતર તાત્કાલિક ધોરણે ચૂકવવા રજૂઆત કરી છે.

રાજ્યમાં દિવાળીના તહેવાર દરમિયાન વલસાડ અને ડાંગ જિલ્લામાં થયેલા માવઠાને કારણે ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે. ખેતરમાં તૈયાર થયેલો પાક ધોવાઈ જવાને કારણે ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાઈ ગયો છે. ત્યારે વલસાડના સાંસદ ધવલ પટેલે રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણીને પત્ર લખીને તાત્કાલિક પાક નુકસાનીનું વળતર ચૂકવવા રજૂઆત કરી છે.

વલસાડના સાંસદ ધવલ પટેલે કૃષિ મંત્રી જીતુ વાઘાણીને એક પત્ર લખીને ખેડૂતોને માવઠાને કારણે થયેલા પાકની નુકસાનીનું વળતર તાત્કાલિક ધોરણે ચૂકવવા રજૂઆત



કરી છે. તેમણે લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, હાલમાં અરબી સમુદ્રમાં સર્જાયેલા સાયકલોનિક સરકયુલેશનના કારણે વલસાડ લોકસભા વિસ્તાર હેઠળના વિવિધ તાલુકાઓમાં કમોસમી વરસાદ પડયો હતો. આ અસમયે થયેલા વરસાદને કારણે ડાંગરનો તૈયાર થયેલ પાક પલળી જવાથી ખેડૂતોને ભારે નુકસાન સહન કરવું પડ્યું છે. આ વિસ્તારના મહત્તમ આદિવાસી ખેડૂતોનું મુખ્ય આજીવિકા સ્ત્રોત ડાંગરનો પાક હોવાથી,આ નુકસાનથી તેઓ આર્થિક સંકટમાં છે.

કૃષિ વિભાગ દ્વારા તાત્કાલિક સર્વે હાથ ધરી અસરગ્રસ્ત ખેડૂતોને થયેલ નુકસાનના આધારે યોગ્ય આર્થિક સહાય તથા રાહત પેકેજ જાહેર કરવામાં આવે જેથી ખેડૂતોને વાસ્તવિક રાહત મળી શકે. ધવલ પટેલે અગાઉ પણ ચોમાસાની સિઝનમાં થયેલા ભારે વરસાદમાં ખેડૂતોને થયેલા પાક નુકસાનીની સહાય ચૂકવવા રજૂઆત કરી હતી. ત્યાર બાદ સરકાર દ્વારા ખેડૂતોને રાહત સહાય ચૂકવવામાં આવી હતી. કૃષિ વિભાગ દ્વારા તાત્કાલિક સર્વે હાથ ધરી અસરગ્રસ્ત ખેડૂતોને થયેલ નુકસાનના આધારે યોગ્ય આર્થિક સહાય તથા રાહત પેકેજ જાહેર કરવામાં આવે જેથી ખેડૂતોને વાસ્તવિક રાહત મળી શકે. ધવલ પટેલે અગાઉ પણ ચોમાસાની સિઝનમાં થયેલા ભારે વરસાદમાં ખેડૂતોને થયેલા પાક નુકસાનીની સહાય ચૂકવવા રજૂઆત કરી હતી. ત્યાર બાદ સરકાર દ્વારા ખેડૂતોને રાહત સહાય ચૂકવવામાં આવી હતી.

### મૃતક મહિલાને અડફેટે લઈ ૪૦૦ મીટર સુધી ઢસડી હતી

## ઇડરમાં હિટ એન્ડ રનની ઘટનામાં પોલીસની ગંભીર બેદરકારી

**એક સપ્તાહ પહેલા બનેલી હિટ એન્ડ રનની ઘટનાના આરોપી સામે ઇડર પોલીસે ઢીલુ વલણ અપનાવ્યું હોવાના ગંભીર આરોપ ભોગ બનનાર પરિવારે લગાવ્યા**

। (એજન્સી) સાબરકાંઠા, તા.૨૮ ।

સાબરકાંઠામાં ઈડરમાં હિટ એન્ડ રનની ઘટનાની પોલીસ કાર્યવાહીમાં ગંભીર બેદરકારી સામે આવી છે. એક સપ્તાહ પહેલા બનેલી હિટ એન્ડ રનની ઘટનાના આરોપી સામે ઈડર પોલીસે ઢીલુ વલણ અપનાવ્યું હોવાના ગંભીર આરોપ ભોગ બનનાર પરિવારે લગાવ્યા છે.

ઈડર પોલીસે આરોપી સામે કડક કાર્યવાહી કરવાના બદલે હિટ એન્ડ રનની ઘટના માત્ર અકસ્માત નોંધીને ઢીલી કાર્યવાહી કરી છે. આ ઘટનામાં ઈકો કાચલક દર્શ મોટવાણી ઉપર પોલીસના આશિર્વાદ હોવાના આરોપ લાગી રહ્યા છે. આરોપી સામે કાર્યવાહી કરવા મૃતકના પરીજનોએ માગ કરી છે.ઉલ્લેખનિય છે કે ગત ૧૯ તારીખે ઈડરમાં હિટ એન્ડ રનની ઘટના બની હતી જેમાં રંગોળીનો વ્યવસાય કરતી મહિલા અકસ્માતનો ભોગ બની હતી. રાત્રિના સમયે ઈકો ચાલકે આ ગમખ્વાર અકસ્માત સર્જ્યો હતો. ઘટનામાં ઈકો કાર ચાલકે મૃતક મહિલાને અડફેટે લઈ ૪૦૦ મીટર સુધી ઢસડી હતી.

આ ઘટનામાં મૃતકના પુત્રનો આબાદ બચાવ થયો હતો પણ ઈડર પોલીસે માત્ર અકસ્માતની નામપૂરતી ફરિયાદ નોંધી છે. પણ ઈડર પોલીસે દર્શ મોટવાણી સામે કડક કાર્યવાહી કરી જ નથી. ઈડર પોલીસની આળસુ કાર્યવાહીને પગલે પરિવારે જિલ્લા પોલીસવડાને રજૂઆત કરી છે.

# સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીની એકતાનગરમાં ભવ્ય ઉજવણી

**આ પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ભવ્ય ઉજવણી થવાની છે, દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસે જે પરેડ થાય છે તેવીજ પરેડ એકતાનગરમાં પણ થવાની છે**

। અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદ અખંડ ભારતના શિલ્પી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ ૩૧ ઓક્ટોબરની એકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવના ઉજાગર કરતી ઉજવણી કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી દેશભરમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે દર વર્ષે વડાપ્રધાનની પ્રેરક ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો યોજવામાં આવે છે. આ વર્ષે સરદારની ૧૫૦મી જન્મજયંતિ વર્ષના ઉપલક્ષ્યમાં રાષ્ટ્રીય એકતા દિવસની શાનદાર અનોખી ઉજવણીનું બહુવિધ આયોજન કરવામાં આવ્યું છે. નવી દિલ્હીમાં દર વર્ષે પ્રજાસત્તાક દિવસ ૨૬મી જાન્યુઆરીએ યોજાતી પરેડની પેટર્ન પર જ આ વર્ષે ૩૧ ઓક્ટોબરે એકતાનગર ખાતે મૂવિંગ પરેડ યોજવામાં આવશે. મુખ્ય સચિવ પંકજ જોશી અને પોલીસ મહાનિદેશક વિકાસ સહાયે આ ભવ્ય ઉજવણીના સમગ્ર કાર્ય આયોજન અંગેની વિસ્તૃત ભૂમિકા આપી હતી. તેમણે કહ્યું કે, રાષ્ટ્રીય એકતા દિવસની આ પરેડમાં BSF, CISF, ITBP, CRPF, SSB, J&K, પંજાબ, આસામ, ત્રિપુરા, ઓડિશા, છત્તીસગઢ, કેરળ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને NCC મળીને કુલ ૧૬ કન્ટીજન્ટ્સ સહભાગી થશે. એટલું જ નહીં, ઓપરેશન સિંદૂરના BSFના ૧૬ પદક વિજેતા અને CRPFના પાંચ શૌર્ય ચક્ર વિજેતા બહાદુર જવાનો પણ આ પરેડમાં ખુલ્લી જીપ્સીમાં જોડાશે.આ પરેડનું નેતૃત્વ વિવિધ રંગબેરંગી વેશભૂષા અને અલગ-અલગ વાજિંત્રો સાથે હેરાલ્ડીંગ ટીમ (Heralding Team)ના ૧૦૦ જેટલા સદસ્યો કરવાના છે. એકતા પરેડમાં કર્ણપ્રિય સુરાવલિઓ રેલાવતા ૯ બેન્ડ કન્ટીજન્સ પણ જોડાવાના છે. ઉપરાંત રાજ્યકક્ષાએ વિજેતા થયેલા ગુજરાતના બે સ્કૂલ બેન્ડ તથા રાષ્ટ્રીય કક્ષાએ આયોજિત સ્કૂલબેન્ડ સ્પર્ધામાં વિજેતા બે સ્કૂલ બેન્ડ મળીને ચાર સ્કૂલ બેન્ડ દ્વારા બેન્ડ ડિસ્પ્લે પણ થવાના છે. મુખ્ય સચિવ અને પોલીસ મહાનિદેશકે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને લાલ કિલ્લાની પ્રાચીરથી આપેલો મંત્ર 'રાજ્ય અનેક રાષ્ટ્ર એક, સમાજ અનેક ભારત એક, ભાષા અનેક ભાવ એક અને રંગ અનેક તિરંગો એક'ને ચરિતાર્થ કરતા કાર્યક્રમો આ એકતા પરેડ અને રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીને વધુ ગરિમામય બનાવશે. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક મંત્રાલયના ઉપક્રમે દેશના વિવિધ રાજ્યોની સાંસ્કૃતિક વિરાસતોની ઝાંખી કરાવતા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ આ અવસરે યોજાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરદાર પટેલની પ્રતિમાની પદ પૂજા કર્યા પછી પરેડ અને વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા આવશે ત્યારે તેમને કેન્દ્રીય સુરક્ષા દળો અને ગુજરાત પોલીસની કન્ટીજન્ટ્સ દ્વારા ગાર્ડ ઓફ ઓનર અપાશે અને સમગ્ર કાર્યક્રમનો શાનદાર પ્રારંભ થશે.

## વડોદરામાં નશેબાજ ટ્રક ચાલકે સોસાયટીના કોમન દિવાલમાં ટ્રક ઘુસાડી દીધી

। વડોદરા, તા.૨૮ ।

વડોદરાના પ્રતાપ નગર રોડ વિહાર ટોકીઝની પાછળ આદર્શ નગર સોસાયટીમાં રહેતા એડવોકેટ ભાવેશ વિજયભાઈ કહારે વાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે ગઈકાલે બપોરે પોણા ચાર વાગે હું મારા ઘરના કમ્પાઉન્ડમાં મારા માતા સાથે બેઠો હતો. ત્યારે કંઈક અથડાવવાનો અવાજ આવતા હું બહાર જોવા ગયો હતો. મેં જોયું તો એક આઈસર ટ્રકના ચાલકે બેદરકારીથી તેને ટ્રક રિવર્સમાં લઈ અમારી સોસાયટીની કોમન દીવાલને અથડાવી હતી અને ત્યારબાદ તે ટ્રક લઈને તેની ઓફિસ ટીસીઆઈ એક્સપ્રેસ ખાતે જતો રહ્યો હતો. ત્યારબાદ હું તથા સોસાયટીના રહીશો તેની પાસે ગયા હતા અને ટ્રક ચાલકને નીચે ઉતારી પૂછતા તેણે પોતાનું નામ સુરેન્દ્રસિંહ શિવરાજસિંહ યાદવ જણાવ્યું હતું. તેણે દારૂનો નશો કર્યો હોવાનું જણાઈ આવ્યું હતું. સોસાયટીના રહીશોએ ટ્રક ચાલકને પકડી રાખી વાડી પોલીસને જાણ કરી હતી.

## હિંમતનગર સ્ટેશન પરથી ૭૯ લાખનું એમ્ફેટામાઇન અને મેથામ્ફેટામાઇનનો જથ્થો જપ્ત

**હિંમતનગર રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨/૩ પર વીરભૂમિ એક્સપ્રેસ ટ્રેનના આગળના જનરલ કોચ નજીક મળી આવી હતી**

। હિંમતનગર, તા.૨૮ ।

અમદાવાદ રેલ્વે પોલીસે રવિવારે (૨૬ ઑક્ટોબર) નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) ઍક્ટ હેઠળ એક મોટી કાર્યવાહીમાં હિંમતનગર રેલ્વે સ્ટેશન પરથી ૭૯ લાખથી વધુની કિંમતનો એમ્ફેટામાઈન અને મેથામ્ફેટામાઈન ડ્રગ્સનો જથ્થો કબજે કર્યો છે. આ જથ્થો એક બિનવારસી બેગમાંથી મળી આવ્યો હતો.

પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, આ ગ્રે રંગની સોલ્ડર બેગ સવારે લગભગ ૯ વાગ્યે હિંમતનગર રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨/૩ પર વીરભૂમિ એક્સપ્રેસ ટ્રેનના આગળના જનરલ કોચ નજીક મળી આવી હતી. રુટિન તપાસ દરમિયાન હિંમતનગર રેલ્વે આઉટપોસ્ટના હેડ કોન્સ્ટેબલનું સૌથી પહેલાં આ બેગ ઉપર ધ્યાન ગયું હતું. જોકે, કોઈ પણ મુસાફર બેગ લેવા આગળ ન આવતા, પોલીસે પ્રાથમિક તપાસ કરી અને તેમાં માદક પદાર્થ હોવાની શંકા ગઈ. ત્યાર બાદ આ અંગે તુરંત જ વરિષ્ઠ અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. પોલીસ પ્રોટોકોલ મુજબ, પંચ સાક્ષીઓ અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી(FSL)ના અધિકારીઓને સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા. ટીમે બેગ ખોલી તો તેમાંથી કપડાં અને ખાખી સેલોટેપમાં લપેટાયેલા ત્રણ પેકેટ મળી આવ્યા હતા. FSL અધિકારી દ્વારા સ્થળ પર જ કરાયેલા ટેસ્ટમાં પુષ્ટિ થઈ કે, બે પેકેટમાં એમ્ફેટામાઈન અને મેથામ્ફેટામાઈન ડ્રગ્સ હતું, જ્યારે ત્રીજું પેકેટ નેગેટિવ આવ્યું હતું. ટ્રેનમાંથી મળી આવેલા આ જથ્થાનું વજન ૭૯૨.૧૧ ગ્રામ હતું અને બદારમાં તેની કિંમત ૧૦,૦૦૦ પ્રતિ ગ્રામ લેખે કુલ ૭૯.૨૧ લાખ હતી.

પોલીસને શંકા છે કે, આ માદક પદાર્થનો જથ્થો મધ્યપ્રદેશ અને રાજસ્થાન તરફથી લાવવામાં આવી રહ્યો હતો અને રેલ્વે પોલીસ દ્વારા પકડાવાના ડરથી અજાણ્યા વ્યક્તિઓ તેને છોડીને જ ત્યાંથી ભાગી ગયા હતા. કબ્જે કરાયેલા ડ્રગ્સના જથ્થાને સીલ કરીને NDPS ઍક્ટની માર્ગદર્શિકા મુજબ આગળની ચકાસણી માટે જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવશે. અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ NDPS ઍક્ટની કલમો હેઠળ ગુનો નોંધીને અમદાવાદ રેલ્વે પોલીસે તપાસ શરુ કરી છે. પોલીસનું માનવું છે કે, આ જપ્તી ટ્રેન દ્વારા થતી આંતરરાજ્ય ડ્રગ્સ હેરાફેરીની વધતી પેટર્ન તરફ ઈશારો કરે છે. હાલમાં આ કન્સાઈનમેન્ટના મૂળ અને તેના હેતુપૂર્વકના પ્રાપ્તકર્તાઓને શોધવા માટે વધુ તપાસ ચાલી રહી છે. પોલીસનું માનવું છે કે, આ જપ્તી ટ્રેન દ્વારા થતી આંતરરાજ્ય ડ્રગ્સ હેરાફેરીની વધતી પેટર્ન તરફ ઈશારો કરે છે. હાલમાં આ કન્સાઈનમેન્ટના મૂળ અને તેના હેતુપૂર્વકના પ્રાપ્તકર્તાઓને શોધવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

## જામનગર શહેરમાં વધુ એક છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો

। જામનગર, તા.૨૮ ।

જામનગર શહેરમાં ખાનગી કંપનીએ રોકાણ કરી વધુ નફો મેળવવાની લાલચ આપીને કરોડો રૂપિયા જામનગર શહેર જિલ્લાના અનેક રોકાણકારો પાસેથી મેળવી લીધા બાદ પાકતી મુદતે નાણાં નહીં આપી છેતરપિંડી કરી હોવાથી એજન્ટ સહિતના અનેક રોકાણકારો રસ્તા પર ઉતર્યા છે, અને તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી રહી છે.

જામનગર શહેરના પંચેશ્વર ટાવર પાસે આવેલી યૂનીક મર્કેન્ટાઈલ નામની કંપની દ્વારા રોકાણ માટે લોભામણી અનેક સ્કીમો બહાર પાડવામાં આવી હતી. જે કંપનીમાં એજન્ટો મારફત શહેરભરમાં જુદા જુદા વિસ્તારોના મોટી સંખ્યામા લોકોએ પોતાની બચતમાંથી રોકાણ કર્યું હતું.પરંતુ પાકતી મુદતે રોકાણકારોને પૈસા પરત આપવામાં આવ્યા ન હતા. જેથી અગાઉ પણ રોકાણકારોના દેકારાના કારણે કંપનીના અધિકારીઓએ પૈસા આપી દેવાની ખાતરી આપી હતી. જેથી મામલો થાળે પડયો હતો.

પરંતુ તેને બે થી ત્રણ વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં રોકાણકારોને પૈસા પરત મળ્યા નથી. જેથી રોકાણકારોએ એકઠા થઈને ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી. અને પોલીસમાં ગુનો નોંધાવવા તજવીજ હાથ ધરવામાં આવી રહી છે. જેથી પોલીસે પણ આ અંગે ઉડાણ પૂર્વકની તપાસ હાથ ધરીને ગુનો નોંધવાની કાર્યવાહી આરંભી છે. જે કંપની દ્વારા કરોડોનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનિય છે કે યુનિક કંપનીના સંચાલકો સામેં અમદાવાદ સહિત અન્ય શહેરોમાં પોલીસ ફરિયાદ નોંધાઈ ચુકી છે જેથી જામનગરમાં પણ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવે, તેવી એજન્ટો અને રોકાણકારો તંત્ર સમક્ષ માગણી કરી રહ્યા છે.

# માણસાના ૪ લોકોનું વિદેશમાં અપહરણ, કરોડોની ખંડણીની માંગણી

। માણસા, તા.૨૮ ।

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના બાપુપુરા ગામના ત્રણ યુવાનો અને એક મહિલા સહિત કુલ ચાર લોકોનું વિદેશમાં અપહરણ કરવામાં આવ્યું હોવાની સનસનીખેજ ઘટના સામે આવી છે.

અપહરણ કરાયેલા લોકોમાં અજય, પ્રિયા, અનિલ અને નિખિલ ચૌધરીનો સમાવેશ થાય છે. આ ચારેય વ્યક્તિઓ ૧૯ ઓક્ટોબરના રોજ અમદાવાદ એરપોર્ટ પરથી ઓસ્ટ્રેલિયા જવા માટે નીકળ્યા હતા. પરંતુ તેમનો પ્રવાસ ઓસ્ટ્રેલિયા સુધી પહોંચવાને બદલે એક ષડયંત્રમાં ફેરવાઈ ગયો હતો. તેમને અમદાવાદથી પ્રથમ દિલ્હી લઈ જવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમને દિલ્હીથી બેંગકોક, દુબઈ અને તહેરાન એરપોર્ટ પર ઉતારવામાં આવ્યા હતા. તહેરાન એરપોર્ટથી તેમને ટેક્સીમાં લઈ જઈને અપહરણ કરી લેવામાં આવ્યું હતું.માણસાના આ ચાર યુવાનો અને મહિલાનું અપહરણ કરનારા ગેંગ દ્વારા હવે તેમના પરિવારો પાસેથી કરોડો રૂપિયાની ખંડણીની માંગણી કરવામાં આવી છે. આ ગંભીર ઘટનાથી ચારેયના પરિવારો ભય અને ચિંતામાં ગરકાવ થઈ ગયા છે.

પોતાના સ્વજનોને સુરક્ષિત છોડાવવા માટે પરિવારોએ તાત્કાલિક સરકાર પાસે મદદ માંગી છે. પરિવારે સ્થાનિક ધારાસભ્ય જે.એસ. પટેલ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખીને આ મામલે તાત્કાલિક હસ્તક્ષેપ કરવા અને ચારેય અપહ્યત વ્યક્તિઓને સુરક્ષિત પરત લાવવા માટે વિનંતી કરી છે. ધારાસભ્ય જે.એસ. પટેલે પણ આ ગંભીર બાબતની નોંધ લઈને સરકારને પત્ર લખીને ઝડપી પગલાં લેવા વિનંતી કરી છે. આ આંતરરાષ્ટ્રીય કક્ષાના અપહરણના કેસમાં વિદેશ મંત્રાલય અને કેન્દ્રીય એજન્સીઓ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તે અત્યંત જરૂરી છે, જેથી માણસાના આ ચાર વ્યક્તિઓનો જીવ બચાવી શકાય. ત્યારબાદ તેમને દિલ્હીથી બેંગકોક, દુબઈ અને તહેરાન એરપોર્ટ પર ઉતારવામાં આવ્યા હતા. તહેરાન એરપોર્ટથી તેમને ટેક્સીમાં લઈ જઈને અપહરણ કરી લેવામાં આવ્યું હતું.માણસાના આ ચાર યુવાનો અને મહિલાનું અપહરણ કરનારા ગેંગ દ્વારા હવે તેમના પરિવારો પાસેથી કરોડો રૂપિયાની ખંડણીની માંગણી કરવામાં આવી છે. આ ગંભીર ઘટનાથી ચારેયના પરિવારો ભય અને ચિંતામાં ગરકાવ થઈ ગયા છે.

પોતાના સ્વજનોને સુરક્ષિત છોડાવવા માટે પરિવારોએ તાત્કાલિક સરકાર પાસે મદદ માંગી છે. પરિવારે સ્થાનિક ધારાસભ્ય જે.એસ. પટેલ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખીને આ મામલે તાત્કાલિક હસ્તક્ષેપ કરવા અને ચારેય અપહ્યત વ્યક્તિઓને સુરક્ષિત પરત લાવવા માટે વિનંતી કરી છે. ધારાસભ્ય જે.એસ. પટેલે પણ આ ગંભીર બાબતની નોંધ લઈને સરકારને પત્ર લખીને ઝડપી પગલાં લેવા વિનંતી કરી છે. આ આંતરરાષ્ટ્રીય કક્ષાના અપહરણના કેસમાં વિદેશ મંત્રાલય અને કેન્દ્રીય એજન્સીઓ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તે અત્યંત જરૂરી છે, જેથી માણસાના આ ચાર વ્યક્તિઓનો જીવ બચાવી શકાય.

